MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । મંગળવાર । તા. ૦૯-૦૬-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 દેશમાં ૨.૫૭ લાખ કેસ,૭,૨૦૭-મોત, મહારાષ્ટ્રે ચીનને પાછળ છોડ્યું

5 શ્રમ મંત્રાલયમાં એકસાથે ૧૧ અધિકારીઓ કોરોના પોઝિટિવ થતા ચિંતાનો માહોલ

7 મંદિરોમાં હેન્ડ સેનેટાઇઝર બાદ જ પ્રવેશ મળશે અને માસ્ક પહેર્યો હશે તો દર્શન કરી શકશે

12 નર્મદા જિલ્લામાં પશુઓની દયનીય હાલતઃજાહેર માર્ગો પર મરવા મજબુર

ધાર્મિક સ્થળો, મોલ્સ, શોપીંગ સેન્ટરો, હોટલો, રેસ્ટોરન્ટસના દ્વાર ખુલ્યા, લોકોએ રાખવી પડશે સાવચેતી

ગાઈડલાઈન અને જાહેરાત પ્રમાણે મોટાભાગની છૂટછાટ મળી, લોકોએ અનેક પ્રકારના નિયમોનું પાલન કરવુ પડશે, સ્વચ્છતાનો અમલ કરવો પડશેઃ

અનલોક-૧, હવે ખાવો, ખરીદો, ફરો અને કરો ભગવાનના દર્શન

ન્યુ દિલ્હી

લાંબા ૪-૪ લોકડાઉન બાદ પણ દેશમાં કોરોનાનો કાળો કેર હજુ અટકવાનું નામ લેતો નથી તેમ છતાં અર્થતંત્રની ગાડીને પાટે ચઢાવવા સરકારે ૮ જૂનથી લોકડાઉનમાં વધુ છૂટછાટ આપવા કરેલી જાહેરાતના પગલે આજે રાજધાની દિલ્હી સહિત દેશના મોટા ભાગના વિસ્તારોમાં ધાર્મિક સ્થળો, શોપીગ મોલ, હોટેલ-રેસ્ટોરન્ટ વગેરે ખુલ્યા હતા. આ સ્થળોએ મુલાકાતીઓની શરૂઆતમાં જો કે ઓછી ભીડભાડ જોવા મળી હતી,. દરેક મુલાકાતી માસ્કધારી જોવા ણલ્યો હતો. જે તે મોલ-હોટેલ વગેરે. દ્વારા મુલાકાતીનું સેનેટાઈઝર કરવું, તાવ માપવો વગેરે.ની પ્રક્રિયા પણ હાથ ધરી હતી. જો કે સોશ્યલ ડિસ્ટન્સીગનું પાલન કરાવવાનો પ્રયાસ કરાયો હતો.

આર્થિક ગતિવિધિઓ અને સામાન્ય જનજીવનને વેગ આપવા માટે અનલોક-૧ આજથી શરૂ થયુ છે. અનલોક-૧માં ભલે છુટ આપવામાં આવી હોય પરંતુ માહોલ ૨૪મી માર્ચ પહેલો જેવો નથી જોવા મળ્યો. જો કે હજુ અનેક પ્રવૃતિઓ પર પ્રતિબંધ ચાલુ છે. કોરોનાના કન્ટેનમેન્ટ ઝોનમાં આ પ્રકારની કોઈ છૂટ આપવામાં આવી નથી. મોટા સમારોહ, શાળા-કોલેજો, જીમ વગેરે પર હજુ પ્રતિબંધ ચાલુ જ છે. આજથી મંદિર, મસ્જિદ, ગુરૂદ્વારા, ચર્ચ વગેરે ભકતો માટે ખુલી ગયા છે. જો કે પ્રસિદ્ધ ધર્મસ્થાનો તબક્કાવાર ખુલશે

સરકારે આજથી અનલોક-૧નો પ્રારંભ કરી શોપીગ મોલ અને રેસ્ટોરન્ટ ખોલવાની મંજુરી આપી છે. મોલ આજથી ખુલ્યા છે પરંતુ સોશ્યલ ડીસ્ટન્સીગનું પાલન કરવાનું રહેશે. અંદર ભીડ ન થાય તેની ખાસ કાળજી રાખવાની સુચના છે.. આ ઉપરાંત નાઈટ કર્ફયુને બાદ કરતા હવે બહાર જવા પર કોઈપણ પ્રકારનો પ્રતિબંધ નથી. એક રાજયથી બીજા રાજયમાં જવા પરમીશનની પણ જરૂર નથી. બાઈકમાં બે લોકો બેસી શકે છે. કારમાં પણ બેસવાના પ્રતિબંધ ઉઠાવી લેવાયા છે. ઓફિસો હવેથી પૂર્ણ ક્ષમતાથી કનિદૈ લાકિઅ શરૂ થઈ ગઈ છે. જો કે સ્વચ્છતા અને સામાજિક અંતરનું પાલન કરવામાં આવી રહ્યુ છે.

આજથી મોટાભાગના મંદિરો પણ ભકતો માટે ખુલી ગયા છે. સવારથી જ ભકતો મંદિરોમાં ભગવાનના દર્શન અને આશિર્વાદ માટે ઉમટી પડયા હતા.

આજથી ભલે મોટાભાગનો દેશ ફરી ખુલી ગયો છે પરંતુ સરકારે ઘડેલી તમામ ગાઈડ લાઈન્સનો લોકોએ અને સંચાલકોએ અમલ કરવાનો રહેશે. સ્વચ્છતા, માસ્ક, સોશ્યલ ડીસ્ટન્સીંગ, સેનેટાઈઝેશન વગેરે નિયમોનું કડક પાલન કરવાનુ રહેશે

ધાર્મિક સ્થળોમાં સાબુથી હાથ ધોવાના રહેશે. જૂતાં-ચપ્પલ ગાડીમાં જ રાખવાના રહેશે. ભજન-કિર્તન કરી નહિ શકાય, ભગવાનને સ્પર્શ પણ કરી નહી શકાય, પ્રસાદ પણ નહિ મળે. જ્યારે મોલ અને હોટલ, રેસ્ટોરન્ટમાં માસ્ક, સેનેટાઈઝર, ૫૦ ટકા કેપેસીટી, ડીસ્પોઝેબલ મેનુ અને નેપકીન, ફુડ કોર્ટમાં અડધા લોકોને જ પ્રવેશ, શોરૂમમાં ચેન્જીંગ એરીયા પણ બંધ રહેશે. જો કે મહારાષ્ટ્ર, ઝારખંડ, ગોવા, ઓડીસામાં ૩૦મી સુધી ધાર્મિક સ્થાનો બંધ રહેશે.

બે અથડામણમાં સુરક્ષા દળોને સફળતા

જમ્મુ-કાશ્મીરમાં ૨૪ કલાકમાં નવ આતંકવાદીને ઠાર કરાયા

જુદાં જુદાં ઓપરેશનમાં છેલ્લા ૬ માસમાં ૯૩ આતંકીને ઠાર કરાયા, જેમાં અનેક મોટા આતંકીઓ પણ સામેલ છે

નવી દિલ્હી

જમ્મુ-કાશ્મીરના શોપિયા જિલ્લામાં ૨૪ કલાકમાં સુરક્ષા દળોએ ૯ આતંકીને ઠાર કર્યા હતા. આ આતંકીઓને બે જુદી જુદી અથડામણમાં મોતને ઘાટ ઉતારી દેવાયા છે. ૭મી જૂનને રવિવારે ૫ આતંકીને ઠાર કરાયા હતા. ત્યારબાદ ૮મી જૂને સવારથી અથડામણ જારી રહી હતી. જેમાં ૪ આતંકીને સુરક્ષા દળોએ ઠાર કર્યા હતા. આ દરમિયાન સુરક્ષા દળોના બે જવાન પણ ઘાયલ થયા હતા. આ અથડામણ પિજોંરા વિસ્તારમાં થઈ હતી. સુરક્ષા દળોએ ખાત્મો બોલાવેલા આતંકીઓ હિઝબુલ મુઝાહિદ્દીન જૂથ સાથે સંકળાયેલા હોવાની વિગતો ઉજાગર થઈ છે. જમ્મુ-કાશ્મીરમાં સૈના સહિતના સુરક્ષાઓના જુદાં જુદાં ઓપરેશનમાં વિતેલા ૬ માસમાં ૯૩ આતંકીઓને ઠાર કરાયા હતા. જેમાં અનેક મોટા આતંકીઓના નામ પણ સામેલ છે. જેવા કે રિયાઝ નાયકૂ, જુનેદ સહરાઈ. સુરક્ષા દળોના જણાવ્યા મુજબ હજુ પણ જમ્મુ-કાશ્મીરમાં ૨૪૨ આતંકીઓ સક્રિય છે. જેમાંથી ૧૦૪ પાકિસ્તાની છે. સુરક્ષા દળોએ સોમવારે ઠાર કરેલા ૪ આતંકીઓમાંથી બે હિઝબુલ મુઝાહિદ્દીનના મોટા નામ છે. જમ્મુ-કાશ્મીર પોલીસે અથડામણમાં ઠાર આતંકીઓની ઓળખ હજુ સુધી ઉજાગર કરી ન હતી. તા.૭મી જૂને શોપિયાના

અનુસંધાન પાના નં. ૫

બંગાળની ખાડીમાં વાવાઝોડુ 'ગતિ' ત્રાટકવાની સંભાવના

ગતિ ત્રાટકશે તો પણ તે એમ્ફાનથી ખુબ જ નબળુ રહેશે, તેનાંથી જાનમાલને નુકસાન થવાની સંભાવના પણ ઓછી

નવી દિલ્હી

પશ્ચિમ બંગાળ અને ઓડિશા રાજયને હજુ વિનાશક ચક્રાવાત એમ્ફાનની કળ વળી નથી ત્યાં બંગાળની ખાડીમાંથી ગતિ નામનું વાવાઝોડુ ત્રાટકવાની ભીતિ ભારતીય હવામાન વિભાગના સુત્રોએ વ્યક્ત કરી છે. તેની સાથે વિભાગે રાહતના સમાચાર આપતા જણાવ્યું હતું કે ગતિ ત્રાટકશે તો પણ તે એમ્ફાનથી ખુબ જ નબળુ ચક્રાવાત હશે. તેમજ તેનાંથી જાનમાલને નુકસાન થવાની સંભાવના પણ ખુબ જ ઓછી છે. બંગાળની ખાડીમાં ફરીથી લો પ્રેશરની સ્થિતિ સર્જાઈ રહી છે. તેનું પ્રથમ ચરણ મ્યાનમારની પાસે જ તૈયાર થશે. નિમ્ન દબાણના કારણે વાવાઝોડાનું સ્વરૂપ વિકરાળ થવાની સંભાવના ખુબ જ ઓછી છે. તેમ છતાં તેના પ્રભાવથી ઓડિશામાં મુશળધાર વરસાદ થવાની સંભાવના છે. તેની સાથે તેલંગાણા, આંધ્રપ્રદેશ, કર્ણાટક અને કેરળના કેટલાક વિસ્તારોમાં પણ ભારેથી અતિભારે વરસાદ ખાબકી શકે છે. બંગાળની ખાડીમાં સર્જાઈ રહેલાં લો પ્રેશરન

અનુસંધાન પાના નં. ૫

જન સંવાદ રેલીમાં અમિત શાહના વિપક્ષ પર પ્રહારો

ઓરિસ્સાને ભાજપનો અભેદ્ય ગઢ બનાવવામાં આવશે : શાહ

ગૃહમંત્રી અમિત શાહે પુલવામા-ઉરી હુમલાઓ, આર્ટિકલ ૩૭૦ અને ૩૫એ તેમજ રામ મંદિરનો પણ ઉલ્લેખ કર્યો

ભુવનેશ્વર

કોરોનાવાયરસના વધતા જતા કેસો વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ઓડિશા જન સંવાદ રેલી (જન શાહ) ને સંબોધન કર્યું હતું. કેન્દ્રીય ગૃહ પ્રધાને કહ્યું કે, અગાઉ દેશની સરહદો પર હુમલા થયા હતા, લોકો સૈનિકોના માથા છીનવી લેતા હતા. દિલ્હીની અદાલત મૌન હતી, અરે નહીં. તેઓ તેમના કપાળ પર પણ કોલ કરતા નહોતા. અમારા સમયમાં પણ હુમલો થયો હતો. ઉરીમાં થયું, પુલવામામાં થયું. આ હુમલાઓ થતાંની સાથે જ મોદીએ જરાય મોડું ન કર્યું, હવાઈ હુમલાઓ અને સર્જિકલ સ્ટ્રાઈક કરીને ગૃહમાં પ્રવેશ કરીને પાકિસ્તાનને સજા કરી. અમિત શાહે કહ્યું કે વિપક્ષના કેટલાક વક્રદષ્ટા (જેનો અર્થ વર્કરદા - કુટિલ આંખ છે) આજે અમને પૂછે છે, પછી હું તેમને પૂછું છું કે તેઓએ શું કર્યું. શાહે કહ્યું, સ્વીડનમાં કોઈ કોઈ અમેરિકામાં લોકો સાથે વાત કરે છે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તાત્કાલિક સહાય માટે ૧.૭ લાખ કરોડ રૂપિયા જરૂરિયાતમંદોને આપ્યા છે. શાહે કહ્યું, 'હવે કાર્ય ઓડિશાને ભારતીય જનતા પાર્ટીનો અભેદ્ય ગઢ બનાવવાનું છે. તે ભારતનું સંસ્કાર કેન્દ્ર છે, તે વિકસિત રાજ્ય હોવું જોઈએ. આપણે

અનુસંધાન પાના નં. ૫

મોંઘવારી અનલોક...સતત બીજા દિવસે પેટ્રોલ-ડિઝલ ભાવવધારો

ન્યુ દિલ્હી

દેશમાં ૧લી જૂનથી લોકડાઉન હેઠળના પ્રતિબંધોમાં વ્યાપક છૂટથી ઈંધણની માગ વધતા અને ક્રૂડના ભાવમાં સાધારણ વધારાના કારણે રવિવારે સમગ્ર દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લીટર ૬૦ પૈસા સુધીનો વધારો કરાયો હતો. અંદાજે ૮૩ દિવસમાં પહેલી વખત પેટ્રોલ-ડીઝલની બેઝ પ્રાઈસમાં વધારો થયો હતો.

જેમાં આજે સતત બીજા દિવસે પણ ૬૦ પૈસાનો વધારો થયો છે. દરમિયાન ઓપેક અને સંલગ્ન રાષ્ટ્રો પણ જુલાઈના અંત સુધી ક્રૂડ ઓઈલના ઉત્પાદનમાં વધુ કાપ મુકવા સંમત થયા છે. આથી, નજીકના સમયમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધુ વધારો થવાની સંભાવના છે. દેશમાં ૧લી જૂનથી લોકડાઉનમાં છૂટછાટો મળતાં રસ્તા પર ટ્રાફિકની અવર-જવર શરૂ થઈ ગઈ છે. પરિણામે પેટ્રોલ અને ડીઝલની માગ પણ વધવાનું શરૂ થયું છે. દેશમાં છેલ્લે પેટ્રોલ અને ડીઝલમાં ૧૬મી માર્ચે ફેરફાર જોવા મળ્યો હતો. ત્યારથી લઈને રવિવાર સુધી વિવિધ રાજય સરકારો દ્વારા વેટ અથવા સેસ વધારવામાં આવતા પેટ્રોલ-ડીઝલના ભાવ વધ્યા હતા. ઓઈલ કંપનીઓ દ્વારા લોકડાઉનના કારણે પેટ્રોલ-ડીઝલની માગ ન હોવાથી ભાવમાં દૈનિક સમિક્ષા બંધ કરી દેવાઈ હતી.

ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણીઃ બન્ને પક્ષોમાં ગતિવિધિ તેજ

બીજી બેઠક જીતવાનો કોંગ્રેસનો દાવો : ગણિત ઉપર સસ્પેન્સ

ત્રણ ધારાસભ્યોએ રાજીનામા આપતાં ઊભી થયેલી કફોડી સ્થિતિમાં કોંગ્રેસ કહે છે, એક મતની જરૂર અને એ મળી જશે, કેવી રીતે તે હમણાં ન કહી શકાય

અમદાવાદ

ગુજરાત કોંગ્રેસને તેના ધારાસભ્યોના રાજીનામાના રૂપે આંચકો મળી રહ્યો છે તેમ છતાં હજી પણ આના લીધે પાર્ટીની રાજયસભામાં બેઠકની આશા ઓછી થઈ નથી. ગુજરાત કોંગ્રેસનો દાવો છે કે રાજ્યસભાની ચૂંટણીમાં તેને બે બેઠકો મળશે અને આ માટે તેને એક જ મતની જરૂર છે. જોકે, પાર્ટીએ તે કેવી રીતે શક્ય છે તે સમજાવવાનો ઇનકાર કર્યો છે. ગુજરાત કેસના કોંગ્રેસ પ્રભારી રાજીવ સાતવે કહ્યું કે, 'અમને બીજી બેઠક મેળવવા માટે માત્ર એક જ મતની જરૂર છે. અમે નંબર પર ચર્ચા કરીશું નહીં કારણ કે તે અમારી વ્યૂહરચનાનો એક ભાગ છે. તેમણે ૨૦૧૭ની રાજયસભામાં અહેમદ પટેલ કેસનું ઉદાહરણ આપતાં કહ્યું કે અમે નિષ્ક્રિય થઈને બેઠાં નથી, સંખ્યા પર કામ કરી રહ્યા છીએ. ગુજરાત વિધાનસભાએ ૨૦૧૭માં ૭૭ બેઠકો જીતી હતી, પરંતુ હવે પાર્ટીની તાકાત ૬૫ પર આવી ગઈ છે. માર્ચથી ૮ ધારાસભ્યોએ રાજીનામા આપ્યા છે. રાજયસભાની ચૂંટણીઓ યોજાય ત્યાં સુધી કોંગ્રેસે તેના બાકીના ધારાસભ્યોને અંબાજી, વડોદરા અને રાજકોટ ખાતેના રિસોર્ટમાં મોકલ્યા છે. કોંગ્રેસે રાજયસભાની ચૂંટણી માટે શક્તિસિંહ ગોહિલ અને ભરતસિંહ સોલંકીને ઉમેદવાર બનાવ્યા છે. પ્રથમ પસંદગીના આધારે, ગોહિલને મતો મળશે, પરંતુ બીજી બેઠક માટે ભાજપ દ્વારા નરહરિ અમીનને મેદાનમાં ઉતાર્યા હોવાથી કોંગ્રેસનો માર્ગ મુશ્કેલ બન્યો છે. બીજી બેઠક માટે કોંગ્રેસની તમામ રણનીતિ હવે ભરતસિંહ સોલંકીની દાવપેચ અને તેમના પિતા અને ભૂતપૂર્વ સીએમ માધવસિંહ સોલંકીની સારી છબિ પર આધાર રાખે છે. શરૂઆતમાં કોંગ્રેસે રાજીવ

અનુસંધાન પાના નં. ૫

ન્યુઝીલેન્ડ હવે સંક્રમણથી મુકત, ; દેશમાં ૧૭ દિવસથી એક પણ કેસ નથી

વોશિંગ્ટન

ન્યુઝીલેન્ડના વડાપ્રધાન જેસિંડા અર્ડર્ન અને હેલ્થ મિનિસ્ટ્રીના જણાવ્યાં મુજબ, ન્યુઝીલેન્ડ હવે સંક્રમણથી મુક્ત થયો છે. સોમવારે જેસિંડાએ કહ્યું- દેશમાં ૨૨ મે બાદ કોઈ કેસ પ્રકાશમાં આવ્યો નથી. હવે અમે બાકીના પ્રતિબંધો હટાવવા જઈ રહ્યાં છે. દેશના લોકોનો આભાર તેમણે મુશ્કેલ સમયમાં સરકારને સાથ આપ્યો. ન્યુઝીલેન્ડમાં કુલ ૧૧૫૪ કેસ પ્રકાશમાં આવ્યા હતા. જ્યારે ૨૨ લોકોના મોત થયા હતા. ન્યુઝીલેન્ડની હેલ્થ મિનિસ્ટ્રીએ સોમવારે જણાવ્યું કે દેશમાં ૨૨ મે બાદ સંક્રમણનો કોઈ કેસ પ્રકાશમાં આવ્યો નથી. નિવેદન મુજબ દેશ હવે સંક્રમણથી મુક્ત થઈ ગયો છે. વડાપ્રધાન જેસિંડા અર્ડર્ન પણ મીડિયા સાથે વાતચીત કરી. કહ્યું- દેશમાં હવે કોઈ એક્ટિવ કેસ નથી. અમે બાકીના પ્રતિબંધો પણ હટાવવા જાઈ રહ્યાં છે. આ ખૂબ જ મોટી સફળતા છે. દેશના લોકોનો તેમણે આભાર પણ માન્યો હતો. ઉલ્લેખનીય છે કે સંક્રમણ શરૂ થતાની સાથે જ ન્યુઝીલેન્ડની સરકારે ૭૫ દિવસનું સખ્ત લોકડાઉન લાગુ કર્યું હતું. જોકે દેશની સીમા હજું પણ ખોલવામાં આવશે નહિ. ન્યુઝીલેન્ડમાં કુલ ૧૧૫૪ મામલાઓ પ્રકાશમાં આવ્યા હતા. ૨૨ લોકોના મોત થયા હતા. આંકડાઓ મુજબ દેશમાં કુલ ૨ લાખ ૯૪ હજાર ૮૦૦ ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

દેશમાં છેલ્લાં ૨૪ કલાકમાં ફરીથી કેસો ૧૦ હજારને પાર.., સ્વસ્થ્ય થયેલા દર્દીઓની યાદીમાં ભારત નવમા ક્રમે

દેશમાં ૨.૫૭ લાખ કેસ,૭,૨૦૭-મોત, મહારાષ્ટ્રે ચીનને પાછળ છોડ્યું

કુલ સંક્રમિત કેસ ૨,૫૬,૬૧૧, ૭૧૩૫ના મોત અને ૧૨૪૦૯૫ સ્વસ્થ્ય, કુલ એક્ટિવ કેસ ૧૨૫૩૮૧

ન્યુ દિલ્હી

દેશમાં આજે અનલોક-૧ હેઠળ શોપિંગ મોલ,હોટેલ-રેસ્ટોરન્ટ, ધારમિક સ્થળો સહિત લગભગ બધુ ખુલી ગયું છે ત્યારે કેસોમાં પણ વધારો જોવા મળી રહ્યો હોય તેમ આજે સતત બીજા દિવસે ૧૦ હજાર કરતાં વધારે કેસો નોંધાયા હતા. આજે સોમવારે સવારે પૂરા થયેલા ૨૪ કલાક દરમ્યાન સમગ્ર દેશમાં ૧૦,૭૮૬ જેટલા કેસો બહાર આવ્યાં હતો અને રાબેતા મુજબ મહારાષ્ટ્રમાં સૌથી વધારે કેસ બહાર આવ્યાં હતા. તેની સાથોસાથ છેલ્લાં ૨૪ કલાક દરમ્યાન કોરોનાથી ૨૦૬ લોકોના મોત થયા હતા. વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૭૧૩૫ સુધી પહોંચી ગઈ છે. છેલ્લાં ૫ દિવસમાં રોજેરોજ ૯ હજાર કરતાં વધારે કેસો બહાર આવી રહ્યાં છે જે એક રીતે ચિંતાજનક કહી શકાય. દેશમાં રિક્વરી રેટ ૪૮.૩૬ ટકા, મૃત્યુદર ૨.૮ ટકા છે.

આરોગ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે, સોમવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને ૨૫૬૬૧૧ સુધી પહોંચી ગયા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૦,૭૮૬ નવા કેસ સાથે કોરોનાનો અત્યાર સુધીનો સૌથી મોટો ઉછાળો જોવા મળ્યો છે. .

જોકે, બીજી તરફ ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૪૮.૩૫ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૮૦૨ લોકો સ્વસ્થ્ય થયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૧૨૪૦૯૫ સુધી પહોંચી ગયો છે.

જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૨૦૬ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૭૧૩૫ સુધી પહોંચી ગઈછે. જેનાથી સ્પષ્ટ થાય છે કે સોમવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૧૨૫૩૮૧ એક્ટિવ કેસ છે.

મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૮૫૯૭૫ કેસ નોંધાયા છે જ્યારે ૩૦૬૦ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડૂમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. તમિલનાડૂમાં અત્યાર સુધીમાં કુલ ૩૧૬૬૭ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૨૬૯ લોકો કાળનો કોળિયો બની ગયા છે. ત્યારબાદ દિલ્હીમાં ૨૭૬૫૪ કેસ નોંધાયા છે જ્યારે ૭૬૧લોકોએ જીવ ગુમાવ્યા છે. ગુજરાતમાં ૧૯૬૧૭ લોકો સંક્રમણમાં આવ્યા છે ૧૨૧૯લોકોના મોત થયા છે.

ભારત દેશમાં સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં છઠ્ઠા ક્રમાંક પર પહોંચી ગયો છે. જ્યારે સ્વસ્થ્ય થયેલા દર્દીઓની યાદીમાં ભારત અમેરિકા, બ્રાઝીલ, રશિયા, જર્મની, ઈટાલી, સ્પેન, ઈરાન, તુર્કી બાદ નવમાં ક્રમ પર છે.

દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨ લાખ ૫૭ હજાર ૪૮૬ થઈ ગઈ છે. અને ૭,૨૦૭ લોકોના અત્યાર સુધી મોત થયા છે. સાથે જ દેશભરમાં ૧,૨૩,૮૪૮ લોકો સારવાર બાદ સાજા થયા છે. દેશમાં સૌથી વધારે ૮૫,૯૭૫ કેસ માત્ર મહારાષ્ટ્રમાં છે અને અહીયા ૩,૦૬૦ મોત થયા છે. તમિલનાડુ ૩૧,૬૬૭ કેસ સાથે બીજા નંબરે છે અને અહીયા ૨૭૨ લોકોના મોત થયા છે. રવિવારે બીજા દિવસે પણ ૧૦ હજારથી વધારે રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધારે ૧૦ ૭૮૬ દર્દી વધ્યા હતા. શનિવારે ૧૦ હજાર ૪૨૮ પોઝિટિવ મળ્યા હતા. મહારાષ્ટ્રમાં સંક્રમિતોની સંખ્યા ૮૫ હજારને પાર થઈ ગઈ હતી. મહારાષ્ટ્રમાં સંક્રમિતોની સંખ્યા ૮૫ હજાર ૯૭૫ થઈ ગઈ છે, આ મામલામાં મહારાષ્ટ્ર ચીન કરતા પણ આગળ નીકળી ગયું છે ત્યાં ૮૩ હજાર ૪૩ કેસ આવ્યા છે. દિલ્હીમાં PIB અધિકારીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો, નેશનલ મીડિયા સેન્ટર સેનેટાઈઝેશન માટે સોમવારે બંધ રહેશે. ઉદ્ધવ સરકારે મહારાષ્ટ્રની જેલોમાં બંધ ૧૧ હજાર કેદીઓને ઈમરજન્સી પેરોલ પર છોડવાનો નિર્ણય કર્યો છે. ૯૬૭૧ કેદી પહેલા છોડવામા આવ્યા હતા. ગૃહમંત્રી અનિલ દેશમુખે જણાવ્યું કે રાજ્યની જેલોમાં ૩૮ હજાર કેદી છે. સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવી રાખવા માટે તેમાંથી ૨૦ હજાર બહાર આવ્યા છે. તમિલનાડુ દર્દીઓની સંખ્યામાં બીજા નંબરે છે. અહીયા ૩૧ હજારથી વધારે લોકો પોઝિટિવ મળ્યા છે. રવિવારે રેકોર્ડ ૧૫૧૫ દર્દી મળ્યા હતા.

આ ભાજપ વિરૂદ્ધ કોંગ્રેસની લડાઈ નથી : સોનિયા

કેન્દ્રએ મનરેગા હેઠળ ગરીબોની સહાય કરવી જોઈએ : સોનિયા

સરકાર ઓછા વેતન સાથે ૧૦૦ દિવસ આપે એ ખુબ જરૂરી

નવી દિલ્હી

કોંગ્રેસના વચગાળાના પ્રમુખ સોનિયા ગાંધીએ એક આર્ટિકલ દ્વારા ભાજપ સરકાર પર વ્યંગ્યાત્મક નિશાન સાધ્યું છે. સોનિયા ગાંધીએ કેન્દ્ર સરકારને અપીલ કરી છે કે કોરોના વાયરસને કારણે ગરીબ વર્ગ આર્થિક રીતે તૂટી ગયો છે અને સરકાર મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ ૨૦૦૫ (મનરેગા) હેઠળ લોકોને મદદ કરે છે. તેમણે કહ્યું કે આ ભારતીય જનતા પાર્ટી વિ કોંગ્રેસની લડત નથી. ભારતના લોકો માટે મનરેગાનો ઉપયોગ કરો. લોકડાઉન પછી પરપ્રાંતિય મજૂરોના ઘરે પાછા ફરવા અંગે સોનિયાએ લખ્યું છે કે આજે નિરાશ મજૂરો અને કામદારો જુદા જુદા શહેરોથી પરત ફરી રહ્યા છે. આવી સ્થિતિમાં હવે મનરેગાની જરૂર વધારે છે. સૌ પ્રથમ, તેમને જોબ કાર્ડ આપવું જોઈએ. પંચાયતી રાજ, જેમાં રાજીવ ગાંધીએ (ભૂતપૂર્વ વડા પ્રધાન) મજબુત થવા માટે સંઘર્ષ કર્યો હતો, આજે તે જ પંચાયતોની મનરેગા લાગુ કરવામાં મુખ્ય ભૂમિકા હોવી જોઈએ. સોનિયાએ વધુમાં લખ્યું છે કે, 'મોદી સરકારે કોઈ ઇચ્છા વિના મનરેગાની જરૂરિયાત સમજી લીધી છે. મારી વિનંતી છે કે દેશમાં પ્રવર્તતી કટોકટીનો સામનો કરવાનો આ સમય છે, રાજકારણ કરવાનો આ સમય નથી. તમારી પાસે એક શક્તિશાળી સિસ્ટમ છો તેનો ઉપયોગ આપત્તિ સમયે ભારતના નાગરિકોને મદદ કરવા માટે કરો. ' સોનિયા ગાંધીએ એક લેખમાં લખ્યું છે કે 'મનરેગા હેઠળ ભૂખ અને ગરીબીને નાબૂદ કરવા આ કાયદા દ્વારા ગરીબોના સૌથી ગરીબ લોકો માટે હાથ અને આર્થિક શક્તિનું કામ કરવામાં આવ્યું છે. સોનિયાએ કહ્યું કે તે તાર્કિક છે કે આ નાણાં સીધા જ તેમના માટે જાય છે જેને સૌથી વધુ જરૂર છે. મોદી સરકારે મનરેગાની આલોચના કરી હતી અને તેને નબળા બનાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આખરે તેના ફાયદા, મહત્વ અને તર્ક સ્વીકારવું પડ્યું. મનરેગા વર્તમાન કેન્દ્ર સરકાર માટે અને તે પહેલાંના છ વર્ષ માટે પણ ઉપયોગી સાબિત થઈ. તેમણે પોતાના લેખમાં લખ્યું છે કે, 'ભારતના ગામડામાં રહેતા કોઈપણ નાગરિકને આ કાયદા હેઠળ ઓછામાં ઓછા ૧૦૦ દિવસ કામ કરવાની માંગ કરવાનો અધિકાર છે અને આ દ્વારા સરકારને ઓછામાં ઓછી વેતન સાથે ઓછામાં ઓછા ૧૦૦ દિવસનું કામ આપવું જોઈએ. ગેરંટીઝ. તેની ઉપયોગીતા પણ ખૂબ જ ઝડપથી સાબિત થઈ. તે તળિયાની માંગ આધારિત, જમણેથી કામ કરવાની યોજના છે જે આશ્ચર્યજનક છે અને તેનો હેતુ ગરીબીને નાબૂદ કરવાનો છે. મનરેગાની સ્થાપનાના ૧૫ વર્ષમાં આ યોજના લાખો લોકોને ભૂખ અને ગરીબીમાંથી બહાર લાવ્યો છે. સોનિયાએ રાષ્ટ્રના પિતા મહાત્મા ગાંધીનો હવાલો આપ્યો છે - જ્યારે ટીકા કોઈપણ આંદોલનને દબાવવામાં નિષ્ફળ જાય છે ત્યારે તેને સ્વીકૃતિ અને સન્માન મળે છે. સ્વતંત્ર ભારતમાં રાષ્ટ્રપિતાના આ મુદ્દાને સાબિત કરવા માટે મનરેગાથી વધુ ઉત્તમ ઉદાહરણ નથી. આર્ટિકલમાં સોનિયા ગાંધીએ પીએમ મોદી પર પણ પ્રહાર કર્યા હતા. પીએમ મોદીએ મનરેગાને કોંગ્રેસની નિષ્ફળતાનું સ્મારક કેવી રીતે ગણાવ્યું તે યાદ કરતાં સોનિયાએ લખ્યું કે પદ સંભાળ્યા પછી પીએમ મોદીને પણ સમજાયું કે મનરેગા બંધ કરવું વ્યવહારિક નથી. તેથી, તેમણે આ યોજનાને કોંગ્રેસ પક્ષની નિષ્ફળતાનું જીવંત ઉદાહરણ ગણાવ્યું. પાછલા વર્ષોમાં મોદી સરકારે મનરેગાને ખતમ કરવા, તેને નબળા બનાવવા માટે પ્રયાસ કર્યા, પરંતુ મનરેગા રક્ષકો અને વિપક્ષોના દબાણથી તે જીવંત રહ્યો.

અમેરિકામાં કોરોના સક્રમિતોનો આંકડો ૨૦ લાખને પાર, ન્યુયોર્ક સૌથી વધુ પ્રભાવિત

વોશિંગ્ટન

વિશ્વમાં કોરોનાવાઈરસના કારણે અત્યાર સુધીમાં ૪ લાખ ૫ હજાર ૨૭૨ લોકોના મોત થયા છે. જ્યારે સંક્રમિતોનો આંકડો ૭૦ લાખ ૮૫ હજાર ૭૦૨ થયો છે. જોકે અત્યાર સુધીમાં ૩૪ લાખ ૫૯ હજાર ૮૩૦ લોકો સ્વસ્થ થઈ ચૂક્યા છે

અમેરિકામાં ટ્રમ્પ સરકાર બે બાજુ સંઘર્ષ કરતી જોવા મળી રહી છે. અહીં સક્રમિતોનો આંકડો ૨૦ લાખને વટાવી ગયો છે. જે વિશ્વમાં સૌથી વધુ છે. ન્યુયોર્ક રાજ્ય અને ન્યુયોર્ક શહેર સૌથી વધુ પ્રભાવિત છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે કહ્યું હતું કે અહીં કેસની સંખ્યા એટલા માટે વધારે છે કારણ કે અહીં ટેસ્ટ વધુ થઈ રહ્યાં છે. બીજી તરફ અશ્વેત નાગરિક જોર્જ ફ્લોયડનું પોલીસના હાથે મૃત્યુ થવાને કારણે થઈ રહેલા દેખાવોના પગલે સરકારની ચિંતા વધી ગઈછે. અહીં લોકો માસ્ક તો પહેરે છે પરંતુ સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમોનું પાલન કરી રહ્યાં નથી.

અહીં સોમવારે ૬ નવા કેસની પુષ્ટિ થઈ છે. આ તમામ સંક્રમિતો બીજા દેશોમાંથી ચીનમાં આવ્યા છે. હેલ્થ મિનિસ્ટ્રીના એક નિવેદનમાં આ માહિતી આપવામાં આવી છે. ચાર કેસની પુષ્ટિ રવિવારે જ્યારે બેની સોમવારે થઈ છે. તેમાંથી બે દર્દીઓ એવા હતા, જેમનામાં સંક્રમણના કોઈ લક્ષણ જોવા મળ્યા ન હતા. રવિવારે દેશમાં કુલ ૮૩ હજાર ૪૦ કેસ પ્રકાશમાં આવ્યા હતા. આ પૈકીના ૬૫ની સારવાર હજુ પણ ચાલુ છે. ૭૮ હજાર ૩૪૧ને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે, જ્યારે કુલ ૪ હજાર ૬૩૪ લોકોના મોત થયા છે.

યુપીના બાંદામાં એક સાથે ૧૫ ગાયોના મૃતદેહ મળી આવતા હડકંપ, રિપોર્ટ બાકી

બાંદા

ઉત્તર પ્રદેશના બાંદા જિલ્લાના એક ખેતરમાંથી ૧૫ ગાયોના મૃતદેહ મળી આવ્યા છે. કેરળમાં હાથણીના અપમૃત્યુનો વિવાદ હજી શમ્યો નથી, ત્યાં બાંદામાં એક સાથે ૧૫ ગાયોના મોતથી ભૂકંપ આવી ગયો છે.આ બનાવની માહિતી મળતાં જ ઉચ્ચ કક્ષાના અધિકારી ઘટના સ્થળે દોડી ગયા અને ગાયોના પાર્થિવ દેહના પોસ્ટમોર્ટમ માટે વ્યવસ્થા કરી. જો કે હજી પોસ્ટમોર્ટમ રિપોર્ટ મળ્યો નથી. બાંદા જિલ્લા વહીવટી તંત્રે ગાયોના ખાવામાં ઝેરી ઘાસ આવ્યું હોવાની શંકા વ્યક્ત કરી છે. તંત્રે ગાયોના પાર્થિવ દેહને જમીનમાં દફનાવી દીધા છે. બાંદા જિલ્લાના અતરો તાલુકાના બિસંડા ગામે એક સાથે ૧૫-૧૫ ગાયોના અપમૃત્યુથી બધા જ હેરાન-પરેશાન થઈ ગયા છે. ઉપ જિલ્લાધિકારી જે.પી. યાદવે કહ્યું કે ૧૫ ગાયોના મોતની માહિતી મળતાં ઘટના સ્થળે પહોંચીને રાજયના મુખ્ય પશુ ચિકિત્સાધિકારીને બોલાવાયા એમણે ગાયોના પાર્થિવ દેહનું પોસ્ટ મોર્ટમ કર્યું, જેનો રિપોર્ટ હજી મળ્યો નથી.

જે.પી. યાદવે કહ્યું કે પ્રથમ નજરે એવું લાગે છે કે ગાયો જે ખેતરમાં મૃત મળી આવી છે એ ત્યાં ચારો ચરવા ગઇ હતી. ડોક્ટરો અને ગ્રામજનોના મતાનુસાર, ગાયોના મોત ઝેર યુક્ત ઘાસચારો ખાવાથી થયા છે. જેનો પોસ્ટમોર્ટમ રિપોર્ટ મળતાં જ મોતનું કારણ સ્પષ્ટ થઇ જશે. અગાઉ, ગયા વર્ષે બાંદામાં ભૂખ અને ઠંડીના લીધે તબિયત બગડતાં ૫૫ ગાયોના મોત થયા હતા. એ વખતે સરકારી ગૌશાળાના બે કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવાયા હતા.

ગુજરાતમાં માત્ર ૭ દિવસમાં ૩૩૦૩ કેસ

અનલોક-૧ના પ્રથમ સપ્તાહમાં રાજ્યમાં ૨૧૧ દર્દીઓનાં મોત

અમદાવાદ સહિત ગુજરાતમાં કન્ટેઈનમેન્ટ અને માઈક્રો કન્ટેઈનમેન્ટ ઝોનની બહાર મંદિરો, મોલ્સ, રેસ્ટોરાં ખુલ્યા

અમદાવાદ

અનલોક-૧માં અમદાવાદ સહિત ગુજરાતભરમાં કોરોનાનો રાફડો ફાટી નીકળ્યો છે. અનલોક-૧ના એક સપ્તાહ એટલે કે, ૧ થી ૭ જૂન દરમિયાન ગુજરાતમાં રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ કોરોનાના ૩૩૦૩ કેસ નોંધાયા છે. તેમજ ૨૧૧ દર્દીઓના મોત થયા છે. જણાવી દઈએ કે, આજથી અમદાવાદ સહિત ગુજરાતભરમાં કન્ટેઈનમેન્ટ અને માઈક્રોકન્ટેઈનમેન્ટ ઝોનની બહાર ધાર્મિક સ્થળો, મોલ્સ, ઓફિસો, રેસ્ટોરાં ખૂલી ગયા છે. તેવામાં આગામી દિવસોમાં હવે કોરોના કેટલો હાહાકાર મચાવશે તે જોવું રહ્યું. ચાલુ મહિને અત્યાર સુધી કોરોનાના કેસોમાં મોટો ઉછાળો જોવા મળ્યો હતો. પરંતુ રાહતની વાત એ પણ છે કે, ૧ થી ૭ જૂન દરમિયાન ૮૬૧, ૧૧૧૪, ૩૧૮, ૪૫૫, ૩૪૪, ૩૧૩ અને ૩૧૯ મળી કુલ ૩૮૨૫ દર્દીઓ સ્વસ્થ થઈને ઘરે ગયા છે. આ સાથે અત્યાર સુધી કુલ ગુજરાતમાં અલગ-અલગ જિલ્લામાંથી ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા ૧૩૬૪૩ પર પહોંચી છે. ગુજરાતમાં પણ ૨૪ કલાકમાં ૪૮૦ નવા કેસ નોંધાયા છે અને વધુ ૩૦ દર્દીઓના મોત નીપજ્યા છે. જેથી હવે ગુજરાતમાં કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા ૨૦૦૯૭ થઈ છે. ૨૪ કલાકમાં ગુજરાતમાં અમદાદમાં ૩૧૮, સુરતમાં ૬૪, વડોદરમાં ૩૫, ગાંધીનગરમાં ૧૯, અરવલ્લી અને કચ્છમાં ૧-૧, વલસાડમાં ૨, દાહોદ અને નવસારીમાં ૧-૧, મહેસાણા અને બનાસકાંઠામાં ૬-૬ પાટણમાં પાંચ, ખેડા અને સુરેન્દ્રનગરમાં ૪-૪, રાજકોટ અને આણંદમાં ૩-૩. ભાવનગર અને ભરૂચમાં ૨-૨ અને અમરેલીમાં પણ ૧ કેસ નોંધાતા કુલ ૪૮૦ નવા કેસ નોંધાયા છે. રાજ્યમાં કુલ એક્ટિવ કેસ ૫૨૦૫ છે. જેમાંથી ૫૧૩૮ની સ્થિતિ સ્ટેબલ છે જ્યારે ૬૭ દર્દીઓને વેન્ટીલેટર સપોર્ટ આપવામાં આવ્યો છે.

જીયો પ્લેટફોર્મમાં અબુધાબી ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટીએ કર્યું ૫,૬૮૩.૫૦ કરોડ રૂપિયાનું રોકાણ

નવી દિલ્હી

લૉકડાઉનમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ટેલીકોમ પ્લેટફોર્મ જીયોમાં રોકાણનો સિલસિલો યથાવત છે. હાલ નવું રોકાણ અબુધાબી ઈનવેસ્ટમેન્ટ ઓથોરિટીએ કર્યું છે. અબુધાબી ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટીએ જીયો પ્લેટફોર્મમાં ૧.૧૬ ટકા ભાગીદારી માટે ૫,૬૮૩.૫૦ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે. આ છેલ્લા સાત સપ્તાહથી પણ ઓછો સમયમાં જીયોમાં આઠમું રોકાણ છે. આ સાથે ૪૭ દિવસની અંદર જીયોમાં કુલ રોકાણ ૧ લાખ કરોડ રૂપિયાની નજીક પહોંચી ગયું છે. નવા રોકાણ વિશે જાણકારી આપતા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે કહ્યું કે, આ સોદામાં જીયો પ્લેટફોર્મના શેરનું મૂલ્યાંકન ૪.૯૧ લાક કરોડ રૂપિયા અને ઉપક્રમ મૂલ્યાંકન ૫.૧૬ લાખ કરોડ રૂપિયા કરવામાં આવ્યું છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન થતા મેનેજિંગ ડાયરેક્ટર મુકેશ અંબાણીએ કહ્યુ, 'મને ખુશી છે કે રોકાણના ચાર દાયકાની સફળતાના ટ્રેક રેકોર્ડની સાથે અબુધાબી ઈનવેસ્ટમેન્ટ ઓથોરિટી જીયો પ્લેટફોર્મની સાથે ભાગીદારી કરી રહ્યું છે. તે જીયોના તે મિશનમાં ભાગીદાર છે, જે ભારત માટે ડિજિટલ લીડરશિપ અને સમાવેશી વિકાસની તક ઉભી કરે છે. આ રોકાણ અમારી રણનીતિ અને ભારતની ક્ષમતા પર વિશ્વાસનું પ્રતિક છે. તો અબુધાબી ઈનવેસ્ટમેન્ટ ઓથોરિટીના અધિકારી હમાદ શાહવાન અલ્દહેરીએ કહ્યુ, 'જીયો પ્લેટફોર્મ ભારતની ડિજિટલ ક્રાંતિમાં સૌથી આગળ છે. જીયોમાં અમારૂ રોકાણ બજારની અગ્રણી કંપનીઓમાં રોકાણ કરવાની અમારી ઉંડી સમજ અને વિશેષતાને પ્રદર્શિત કરે છે.' રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અત્યાર સુધી કુલ મળીને જીયો પ્લેટફોર્મની ૨૧.૦૬ ટકા ભાગીદારી વેચવાનો સોદો કરી ચુકી છે. જેથી કુલ મળીને કંપનીને ૯૭,૮૮૫.૬૫ કરોડ રૂપિયા મળ્યા છે. આ પહેલા ફેસબુક, સિલ્વર લેક, વિસ્ટા ઈક્વિટી પાર્ટનર્સ, જનરલ એટલાન્ટિક, કેકેઆર અને મુબાડાલા જેવી કંપનીઓ જીયો પ્લેટફોર્મમાં રોકાણ કરી ચુકી છે. ફેસબુકે ૨૨ એપ્રિલે જીયો પ્લેટફોર્મમાં ૪૩,૫૭૪ કરોડ રૂપિયામાં ૯.૯૯ ટકા ભાગીદારી ખરીદી હતી. આ સોદાના થોડા દિવસ બાદ વિશ્વની સૌથી મોટી ટેક્નોલોજી રોકાણ કંપની સિલ્વર લેકે જીયો પ્લેટફોર્મમાં ૫,૬૬૫.૮૫ કરોડ રૂપિયામાં ૧.૧૫ ટકાની ભાગીદારી ખરીદી હતી. ત્યારબાદ અમેરિકા સ્થિત વિસ્ટા ઈક્વિટી પાર્ટનર્સે ૮ મેએ જીયો પ્લેટફોર્મમાં ૧૧૩૬૭ કરોડ રૂપિયામાં ૨.૩૨ ટકા ભાગીદારી ખરીદી હતી.

ભારતીયો માટે ચીની સામાન બહિષ્કાર કરવો સંભવ નથી-ચીનની શેખી

બેઈજીંગ

ભારત અને ચીન વચ્ચે સરહદ પર વધતા તણાવની અસર હવે ચીની માલસામાન પર આવી પડી છે. ભારતમાં ચીની સામાનનો બહિષ્કાર કરવાની વાતને લઈને ચીન ભારત પર લાલઘૂમ થયુ છે. ચીને કહ્યું કે ભારતીયો માટે ચીની સામાન બહિષ્કાર કરવો સંભવ નથી.

ચીનના એક મુખપત્ર ગ્લોબલ ટાઈમ્સમાં લદ્દાખામાં સમાજસેવી સોનમ વાંગ્યુક પર પણ નિશાન સાધવામાં આવ્યુ છે. અખબારનો દાવો છે કે ભારતીય માટે ચીની સામાનનો બહિષ્કાર કરવો સંભવ નથી. ચીનને દંભને ચકનાચૂર કરતો આ રિપોર્ટ તે જ અખબારે છાપ્યો છે જે દુનિયાભરમાં ચીનનો પ્રોપોગેન્ડા ફેલાવવા માટે બદનામ છે.

આને લઈને ચીની સરકારના મુખપત્ર ગ્લોબલ ટાઈમ્સમાં લખ્યું છે, ભારતમાં ચીન વિરોધી સૂર ભારતના રાષ્ટ્રવાદીઓને સતત ચીન વિરુદ્ધ નિવેદનબાજીનો છે. જેમાં ચીન બહિષ્કારની વાતો થઈ રહી છે. ચીની સામાનનો વિરોધ કરવા બહુ જ મુશ્કેલ છે, અને એ પણ ત્યારે જ્યારે વ્યાપક પ્રમાણમાં ભારતીયોની જિંદગી સાથે જોડાયેલો છે. આને બદલી નથી શકાતો.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જેજે ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ડ્રો 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ **MARKET4U (OPC) PVT. LTD.** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U (OPC) PVT. LTD.**ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U (OPC) PVT. LTD.**નું નવું સાહસ **WWW.CONNECTINDIANS.IN**

MARKET4U (OPC) PVT. LTD.ના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને **MARKET4U (OPC) PVT. LTD.** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **MARKET4U (OPC) PVT. LTD.** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

મૂંગા પશુની આટલી નિર્મમ હત્યા મનુષ્ય જાતિ માટે શરમજનક

કુદરતના આટલા કહેર બાદ પણ મનુષ્ય એ તો જાણે ન સુધરવાનું પ્રણ લીધું છે. કેરળમાં કરવામાં આવેલી હાથણીની હત્યા એ તેનું જીવતું જાગતું ઉદાહરણ છે. આ ઘટના મનુષ્ય જાતિ માટે શરમજનક છે. મૂંગા પશુની આટલી નિર્મમ હત્યા પછી શું કુદરત આપણને છોડી દે? એક સમય એવો હતો જ્યારે આપણા વડવાઓ કૂતરીને બચ્ચાં આવે ત્યારે શિરો બનાવીને ખવડાવે. અને આજે ?

કેરળના મલ્લવપુર ગામના લોકોએ એક હાથણીને વિસ્ફોટક પદાર્થ વાળું અનાનસ ખવડાવ્યું તેના મોંમાં વિસ્ફોટક પદાર્થ ફૂટતા તેનું મો સળગી ગયું, તેના દાંત તૂટી ગયા. ઘાયલ હાથણી એક તળાવમાં જઈને ઉભી રહી.અને તે જ તળાવમાં તેનું મોત નીપજ્યું.

આ ઘટનાની જાણકારી મોહન કૃષ્ણન નામના એક ફોરેસ્ટ ઓફિસરે પોતાના સોશિયલ મીડિયા અકાઉન્ટ દ્વારા જણાવી હતી. તેમના જણાવ્યા અનુસાર ઘાયલ હાથણી ગામમાં શાંતિથી ઉભી રહી હતી, જે ઘણી આફત સર્જી શકે તેમ હતી. પણ આપણી માંથી માણસાઈ ચાલી ગઈ અને તેનામાં આવી ગઈ. હાથણીને બહાર કાઢવા માટે ફોરેસ્ટ અધિકારીઓ દ્વારા હાથીઓની પણ મદદ લેવામાં આવી પણ તે પ્રયત્ન સફળ ન રહ્યો. હાથણીનું પોસ્ટમોર્ટમ કરનાર ડોક્ટરે જણાવ્યું કે તે ગર્ભવતી હતી.તેની સાથે તેના બચ્ચાનું પણ મૃત્યુ થયું.

થોડા વર્ષો પહેલા દિલ્હીના એક ઝુમાં સેલ્ફી લેવા જતો યુવક વાઘનો શિકાર બન્યો હતો. ત્યારે ઝુના અધિકારીઓએ વાઘ પર કેટલાય પરીક્ષણ કર્યા હતા.આજે આવા નિર્દય લોકોને શુ સજા થશે?

ભારત સરકારે પ્રાણીઓની સતામણી અને તેમના શિકાર પર મનાઈ ફરમાવનારો કાયદો ૧૯૭૨માં બનાવવામાં આવ્યો છે. જેના પ્રમાણે જેલ અને દંડની જોગવાઈ છે.આ ઉપરાંત જનવરોને ઝેર આપીને મારવા પર ૨ વર્ષની જેલની જોગવાઈ છે.પણ ખરેખર આ સજા થાય છે ખરી? આ કૃત્ય કરનારને તો કોઈએ જોયા પણ નથી તો તેમને સજા કેમની થશે?હાથણીના અંતિમ સંસ્કાર ફોરેસ્ટ ટીમ દ્વારા કરવામાં આવ્યા હતા.ત્યારે હાથીઓની આંખમાં આંસુ હતા.

આ ઘટના વિશે છેલ્લા બે ત્રણ દિવસમાં સોશિયલ મીડિયા પર બહુ ડાહી ડાહી પોસ્ટ્સ મુકવામાં આવે છે. જેમના દ્વારા આ હિંસક કૃત્ય કરવામાં આવ્યું છે એ પણ આપણી જેમ એક મનુષ્ય જ છે. જો આપણે કુદરત પર દયા નહિ રાખીએ તો કુદરત આપણા પર કેમ દયા રાખશે?

ગુજરાતી સરકારે પેકેજ જાહેર કરવા છતાં બજારો ધમધમાટથી દુર કેમ.....?

કોરોનાએ વિશ્વભરના દેશોના લોકોને તોબા પોકરાવી દીધા છે. વિશ્વભરમા ૬૮ લાખ થી વધુ કોરોનાગ્રસ્તોના કેસ નોંધાયા છે... જ્યારે કે ૪ લાખથી વધુના મોત થયા છે. જ્યારે ભારતમાં અનલોક-૧ મા આપવામાં આવેલ છુટછાટ બાદ કોરોના વધુ ઝડપે આગળ વધવા લાગ્યો છે. ભારતમાં અત્યાર સુધીમાં ૨,૪૮૦૦૦ થી વધુ કેસો નોંધાયા છે જ્યારે મૃતાક ૭૧૦૦ થી આગળ વધવા લાગ્યો છે. અને એ કારણે ભારત વિશ્વમાં પાંચમાં ક્રમે પહોચવાની નજીકમાં છે. ભારતમાં મહારાષ્ટ્ર પછી ગુજરાત કોરોના સંક્રમિત કેસો અને મૃતાક સંખ્યામાં આગળ વધી રહ્યું છે. ગુજરાતમાં કોરોના કેસોની સંખ્યા ૨૦૧૦૭ પહોંચી ગઈ છે અને મૃતાક ૧૨૫૩ પર પહોંચી ગયો છે. જ્યારે ગુજરાતમાં સૌથી વિસ્ફોટક સ્થિતિ અમદાવાદની બની રહી છે. અમદાવાદમાં કુલ ૧૪૩૦૮ કેસ નોંધાયા છે.મૃતાક ૧૦૧૮ પહોંચી ગયો છે.અનલોક-૧ જાહેર કરવા સાથે કન્ટેન્ટમેન્ટ વિસ્તારો છોડીને તમામ પ્રકારના ઉદ્યોગો, વેપાર-ધંધામાં છૂટછાટ આપવામાં આવી છે.... આમ છતાં આમ બજારોમાં તેજી આવવી જોઈએ તેનો સદંતર અભાવ નજરે પડી રહ્યો છે.....! લોકોમાં- લોકો દ્વારા અગાઉ જે રીતે વિવિધ બજારોમાં પૈસાની હેરફેર થતી નથી... જે થઈ રહી છે તે ફક્ત અનાજ બજાર, શાક- બકાલા બજાર સિવાય ક્યાંય દેખાતી નથી.... જોકે આ બન્ને બજારોમાં પહેલાની જેવી નાણાકીય હેરફેર થતી જ નથી.....! મતલબ કે લોકોના ખિસ્સા ખાલી છે... એટલે કે લોકોની ખરીદશક્તિ તળિયે પહોંચી ગઇ છે....! તે વાત સ્વીકારવી રહી. રાજ્ય કે કેન્દ્ર સરકારે ગરીબ, મજૂર, મધ્યમવર્ગના ખીસ્સામાં સીધી આર્થિક સહાય આપવાની જરૂર હતી. પરંતુ સરકારોને સાચી સલાહ મળી નથી.... કે સલાહકારોમાં લોકોની સ્થિતિ અંગે પૂરતી જાણકારી નથી.....!! અને આ કારણે બજારમાં તેજી આવી નથી... કે પૈસા વાપરવામા એક મર્યાદા આવી ગઈ છે....! ત્યારે સરકારે હવે સાચા-પ્રજાની નાડ પારખી શકે તેવા સલાહકારોની સલાહ લેવાની જરૂર છે..... નહીં તો અત્યાર સુધીમાં સલાહકારોએ કેન્દ્ર સરકારને નુકસાન થાય તેવી સલાહો આપી હોય તેમ લાગે છે.....! નહીં તો બજારો આમ પ્રજાથી ધમધમી ઉઠ્યા હોત... જોકે વરસાદી સિઝન સારી જવાની સંભાવના વધુ છે..... જેથી ખેતી ક્ષેત્રના ઉત્પાદનને કારણે બજારમાં નાણા ફરતા દેખાશે.... પરંતુ સરકારની ઇચ્છા અનુસાર દેશના અર્થતંત્રની ગાડી પુરપાટ ઝડપે દોડવાની સંભાવના નહિવત્ છે.....! સરકાર પાસે હજુ પણ એક તક છે કોમનમેનના ખીસ્સામાં સીધી આર્થિક સહાય પહોંચાડે અને એજ બાબત દેશના અર્થતંત્રને દોડતુ કરી શકે છે.....!

દેશમાં અત્યારે મહામારીનુ રાક્ષસી રૂપ ફૂલ્યું ફાલ્યું છે.... છતા રાજકીય ક્ષેત્રે તેની કોઈ અસર નથી.....! દરેક પક્ષો આમ માનવીને મહત્વ આપતા નથી કારણ કે અત્યારે તેની પાસે મત માગવાનો સમય આવ્યો નથી... ત્યારે કેન્દ્ર સરકારને મોટામાં મોટો પાઠ બિહારના લોકોએ ભણાવ્યો છે....! ગૃહમંત્રી અમિત શાહની જન સંવાદ રેલીનું મોટા પાયે આયોજન કરવા સાથે બેહદ પ્રચાર કર્યો હતો.... પરંતુ તે રેલીને જોવા વાળા માડ ૧૫ હજાર જેટલા લોકો નીકળ્યા....બિહારના અન્ય રાજ્યોમાંથી પરત આવેલા શ્રમજીવીઓ સાથે જે તે રાજ્યોમાં જે વ્યવહાર વર્તાવ થયો અને શ્રમજીવી પરિવારોએ જે પીડા ભોગવી તેની મોટી અસર છે.....! એ કારણે બિહારની પ્રજા કેન્દ્રથી કે ભાજપાથી વિમુખ રહી છે.....! તેમ કહેવું અતિશયોક્તિ નથી. તો ગુજરાતમાં જે અનલોક-૧ ની છકટ્છાટ મળી તેમાં ધારાસભ્ય ખરીદ વેચાણ સંઘ પણ મેદાનમાં આવી ગયો તેવી ચર્ચાએ આમ પ્રજામાં ભારે જોર પકડ્યું છે. તેની અત્યારે નહી પણ ભવિષ્યે અસર થવાની શક્યતા છે.....! અને કદાચ ત્રીજો મોરચો ગુજરાતમાં છવાઈ જાય તો નવાઈ નહી હોય....!? અને લોકો પણ હવે ભાજપા કોંગ્રેસ થી વાજ આવી ગયા છે.....!! ગુજરાત સરકારે ૧૪ હજાર કરોડનું પેકેજ જાહેર કર્યું તો કેન્દ્ર સરકારે શાળાઓને ૧૫ ઓગસ્ટ પછી ખોલવાની જાહેરાત કરી તેના કારણે વાલી વર્ગ ખુશ થઈ ગયો.... પરંતુ શાળા સત્ર ફી માફ કે ચાર માસ વીજળી બીલ માફી પેકેજમાં ન આપી જેનાથી લોકો નારાજ છે.... કારણ કે જ્યારે કોમન મેનને આર્થિક સહાયની જરૂર છે ત્યારે સરકાર સહાય આપવાથી દૂર રહી છે.....! જોકે અમદાવાદની જે પી હાઈસ્કુલે માનવતા બતાવી છે અને ત્યા ભણતા વિદ્યાર્થીઓની એપ્રિલથી ઓકટોબર માસની ફી માફ કરીને ઉમદા દાખલો બેસાડ્યો છે. અન્ય ખાનગી શાળાઓ કે જે લાખો રૂપિયા કમાય છે તે માનવતા દર્શાવવાથી દૂર રહી છે.....! તો સરકાર પણ.....!! સરકારે ત્રીજું નેત્ર ખોલે તો પરિણામ ઉગી નીકળે... પરંતુ શાળા સંચાલકોથી સરકાર કેમ ડરે છે કે પગલાં નથી લેતી....? તેવો પ્રશ્ન આમ પ્રજામા ઉઠવા પામ્યો છે.....!

વસઈમાં પણ બેદરકારી

કોવિડ-૧૯ના રિપોર્ટની રાહ જોયા વિના મૃતદેહ પરિવારને સોંપી દીધોઃ નીકળ્યો પોઝિટિવ

મુંબઈ

વસઈમાં ખાનગી હોસ્પિટલ દ્વારા કોરોનાના રિપોર્ટની રાહ જોયા વિના દર્દીના મૃતદેહને તેના પરિવારજનોને સોંપી દેવામાં આવ્યો હતો. પરિવારજનોએ અનેક લોકોની હાજરીમાં અંતિમસંસ્કાર કરી દીધા બાદ મૃતકનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ હોવાની જાણ હોસ્પિટલે કરતાં પરિવારજનોમાં ગભરાટ ફેલાયો હતો. બીજી તરફ આ અંગેની જાણ પ્રશાસનને થતાં હાઇ રિસ્કવાળા ૪૦ જણને ક્વોરન્ટાઇન કરાયા હતા. દરમિયાન પરિવારજનોએ આરોપ કર્યો હતો કે હોસ્પિટલના સત્તાવાળાએ કોરોનાના રિપોર્ટની રાહ જોયા વિના મૃતદેહ અમને સોંપી દીધો હતો. લીવર ફેઇલ થવાથી દર્દીનું મૃત્યુ થયું હોવાનું માનીને પરિવારજનોએ સગાંવહાલાં સહિત ૫૦૦ જેટલા લોકોની હાજરીમાં મૃતકના અંતિમસંસ્કાર કરી દીધા.૧ અર્નાળાના ૫૫ વર્ષના પ્રૌઢને લીવરની સમસ્યાને લઇ વસઈની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જોકે સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. ત્યાર બાદ તેના મૃતદેહને કોરોનાની ટેસ્ટ માટે લઇ જવાયો હતો. જોકે કોરોનાના રિપોર્ટની રાહ જોયા વિના પ્રૌઢના મૃતદેહને પરિવારજનોને સોંપી દેવાયો હતો. બનાવની જાણ થયા બાદ હાઇ રિસ્કવાળા ૪૦ લોકોને શોધી કાઢવામાં આવ્યા અને તેમને ક્વોરન્ટાઇન કરાયા હતા. એ સિવાય અંતિમસંસ્કાર વખતે હાજર લોકોનું પણ સ્ક્રીનિંગ કરવામાં આવી રહ્યું છે. હોસ્પિટલને નોટિસ પાઠવવામાં આવી હોઇ તપાસ બાદ કાર્યવાહી કરવામાં આવશે. બીજી તરફ હોસ્પિટલ તરફથી જાણવવામાં આવ્યું હતું કે કોરોનાના દર્દીના મૃતદેહને પરિવારજનોનો સોંપતી વખતે સાવધાની રાખવામાં આવે છે. આ પ્રકરણમાં હોસ્પિટલ તરફથી કોઇ બેદરકારી થઇ નહોતી. મૃતકને કોરોનાના દર્દી તરીકે દાખલ કરવામાં આવ્યો નહોતો.

હોર્સટ્રેડીંગ બીક છતાં ગુજરાત કોંગ્રેસનો દાવો

રાસ ચૂંટણીમાં બે બેઠકો મળશે અને તે માટે ફક્ત એક મતની જરૂર છે

ગાંધીનગર

ગુજરાત કોંગ્રેસને તેના ધારાસભ્યોના રાજીનામા રૂપે એક પછી એક મોટા આંચકા મળી રહ્યા છે. પરંતુ તેમ છતાં કોંગ્રેસ પાર્ટીના જુસ્સાને ઓછો નથી થયો. ગુજરાત કોંગ્રેસનો દાવો છે કે રાજ્યસભાની ચૂંટણીમાં તેમને બે બેઠકો મળશે અને તે માટે તેમને ફક્ત એક મતની જરૂર છે. જોકે પાર્ટીએ આ કેવી રીતે શક્ય બનશે તે અંગે કોઈ ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. ગુજરાતના કોંગ્રેસ પ્રભારી રાજીવ સાતવે કહ્યું કે, બીજી બેઠક જીતવા માટે અમારે માત્ર એક મતની જરૂર છે. અમે સંખ્યા પર ચર્ચા કરીશું નહીં કારણ કે તે અમારી વ્યૂહરચનાનો એક ભાગ છે. તેમણે ૨૦૧૭ રાજ્યસભા માટે અહેમદ પટેલ કેસનું ઉદાહરણ આપ્યું અને એમ પણ કહ્યું કે અમે હાલ સંખ્યાબળ પર કામ કરી રહ્યા છીએ, નિષ્ક્રિય બેઠા નથી.

વર્ષ ૨૦૧૮ માં ગુજરાત વિધાનસભાની ૭૭ બેઠકો કોંગ્રેસે જીતી હતી પરંતુ હવે પાર્ટીનું સંખ્યા બળ ઘટીને ૬૫ થઈ ગયું છે. માર્ચ મહિનાથી અત્યાર સુધીમાં ૮ ધારાસભ્યોએ રાજીનામા આપ્યા છે. રાજ્યસભાની ચૂંટણી સુધી કોંગ્રેસે તેના બાકીના ધારાસભ્યોને અંબાજી, વડોદરા અને રાજકોટ મોકલી દીધા છે. કોંગ્રેસે રાજ્યસભાની ચૂંટણી માટે શક્તિસિંહ ગોહિલ અને ભરતસિંહ સોલંકીને ઉમેદવાર બનાવ્યા છે. ગોહિલને પ્રથમ પસંદગીના આધારે મત મળશે પરંતુ બીજી બેઠક માટે કોંગ્રેસનો રસ્તો મુશ્કેલ બન્યો છે કારણ કે બીજેપીએ નરહરિ અમીનને મેદાનમાં ઉતાર્યા છે. નિયમો મુજબ, ગુજરાત રાજ્યસભાની બેઠક જીતવા માટે ઉમેદવારને સિંગલ ટ્રાન્સફરેબલ વોટ હેઠળ ૩૭ – ૩૭ મતોની જરૂર હોય છે. ભાજપ પાસે હાલમાં ૧૦૩ ધારાસભ્યો છે જ્યારે તેણે અભય ભારદ્વાજ, રમીલાબેન બારા અને નરહરિ અમીનને રાજ્યસભા માટે મેદાનમાં ઉતાર્યા છે. બીજી તરફ, કોંગ્રેસે શક્તિસિંહ ગોહિલ અને ભરતસિંહ સોલંકીને ઉમેદવાર જાહેર કર્યા છે.

અમદાવાદમાં ભર બપોરે અંધારપટ, પવન સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો

અમદાવાદ

અમદાવાદ શહેરમાં આજે ખરા બપોરે એકાએક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને સુરજદાદાના સ્થાને અંધારપટ છવાઇ ગયો હતો. ધોળા દિવસે અંધારૂ છવાઇ જતાં શહેરીજનોમાં સહેજ ગભરાટ પણ ફેલાયો હતો અને ત્યારબાદ જોતજોતામાં સૂસવાટા મારતા પવન સાથે વરસાદ શરૂ થયો હતો. ભારે પવનથી મીની વાવાઝોડુ જેવું વાતાવરણ સર્જાયું હતું.

એકાએક વરસાદથી વાહનચાલકો-રાહદારીઓ મુશ્કેલીમાં મૂકાયા હતા. જો કે કોરોના અને ઉનાળાની ગરમીને કોરાણે મૂકીને ઘણાં શહેરીજનોએ પબેલા વરસાદનો આનંદ ઉઠાવ્યો હતો. અને વરસાદમાં પળડવાનું પસંદ કર્યું હતું.

ઈમરાન કરતા યોગી સરકારને વધુ સારી, પાક મીડિયા

ન્યુ દિલ્હી

પાકિસ્તાનના અંગ્રેજી અખબાર ધ ડોનના સંપાદક ફહદ હુસેને કોરોના રોગચાળા દરમિયાન ઉત્તર પ્રદેશના ભાજપના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે લીધેલા પગલાઓની પ્રશંસા કરી હતી. તેમણે યોગી અને પાકિસ્તાનની ઈમરાન ખાન સરકારના કામોની તુલના ટ્વિટર પર કરી છે અને યોગીના કામને ઈમરાનની સરકાર કરતા વધુ સારા ગણાવ્યા છે.

ફહદ હુસેને એક ગ્રાફને ટ્વિટ કરી લખ્યું કે, આ ગ્રાફને કાળજીપૂર્વક જુઓ. પાકિસ્તાનની વસ્તી ગિચતા પ્રતિ કિલોમીટર UP કરતાં ઓછી અને માથાદીઠ આવક વધારે છે. ઉત્તર પ્રદેશે લોકડાઉનને કડક રીતે અમલમાં મૂક્યું, જ્યારે અમે (પાકિસ્તાન) કરી શક્ય નથી તેથી, મૃત્યુદરમાં તફાવત સ્પષ્ટ જોઈ શકાય છે.

ફહદે મહારાષ્ટ્રની તુલના પણ કરી છે. તેણે જણાવ્યું હતું કે UPમાં મૃત્યુ દર પાકિસ્તાન કરતા ઓછું છે પણ મહારાષ્ટ્રમાં વધારે છે. મહારાષ્ટ્રમાં યુવાનોની વસ્તી અને માથાદીઠ આવક વધારે છે. આપણે જાણવું જોઈએ કે, ઉત્તર પ્રદેશે કયા સાચા નિર્ણય લીધા છે અને મહારાષ્ટ્રએ કઈ ભૂલો કરી છે? જ્યારે પાકિસ્તાનની વસ્તી ૨૦.૮૦ કરોડ છે, UPની વસ્તી ૨૨.૫૦ કરોડ છે, પરંતુ અહીં મૃત્યુ દર પાકિસ્તાનની સરખામણીએ ઘણા ઓછા છે.

દેશની માયાનગરી મુંબઈમાં સામાન્ય જનજીવન ધબકતું થયું

મુંબઈ

પ્રાઇવેટ ઓફિસોની સાથે બેસ્ટની બસો પણ શરૂ થઈ. હોટસ્પોટ ગણાતા મુંબઈમાં છૂટછાટ આપવાનું ભારે તો નહીં પડેને,,,,ચર્ચાતો સવાલ

દેશભરમાં અનલોક-૧.૦ અને રાજયના 'મિશન બિગિન અગેઇન'ના ત્રીજા તબક્કામાં આજથી મુંબઈમાં પ્રાઇવેટ ઓફિસો લોકડાઉનના નિયમ પ્રમાણે ૧૦ ટકા સ્ટાફ સાથે ખૂલી હતી.. જો કે પાંચમી જૂનથી શરૂ થયેલા બીજા તબક્કા બાદ શનિવારે સાંજે અને ગઈ કાલે સવારે મરીનલાઇન્સ ચોપાટી પર મોટી સંખ્યામાં મૉર્નિંગ-વોક કરતા લોકોની ભીડ સત્તાધીશોને ચિંતા કરાવનારી છે. આ ફોટો વાઇરલ થવાની સાથે જ સવાલ થઈ રહ્યો છે કે હોટસ્પોટ ગણાતા મુંબઈમાં છૂટછાટ આપવાનું ભારે તો નહીં પડેને? મુંબઈમાં કોરોનાના દરદીઓ ૫૦,૦૦૦ નજીક પહોંચ્યા છે ત્યારે પ્રાઇવેટ ઓફિસોની સાથે બેસ્ટની બસો પણ શરૂ થઈ હતી. . આવી પરિસ્થિતિમાં મોટી સંખ્યામાં લોકો જાહેરમાં આવી જાય તો સ્થિતિ સંભાળવા માટે પાલિકા કે પોલીસ દ્વારા કોઈ યોજના અમલમાં નથી એથી શહેરમાં કોરોનાનો વિસ્ફોટ થાય તો સ્થિતિ બેકાબૂ બની શકે, એવો એક ભય વ્યક્ત કરવામાં આવ્યો હતો. બેસ્ટની બસોમાં પ્રવાસ કરવાના નિયમ જાહેર કરાયા છે, પરંતુ મોટી સંખ્યામાં લોકો ધસી આવશે તો પાલન કેવી રીતે થશે એ સવાલ પણ છે. બીજી તરફ પ્રાઇવેટ ઓફિસો શરૂ થવાથી સ્વાભાવિક રીતે લાંબા સમયથી ઘરોમાં બંધ લોકો બહાર નીકળશે જ, પરંતુ પ્રવાસની સાથે કામકાજના સ્થળે લોકડાઉનના નિયમોનું પાલન થાય છે કે નહીં એ કોણ જોશે? એવા સવાલો પણ થઈ રહ્યાં હતા.

ફ્લાઇટ સિમ્યુલેટર તાલીમ બાદ વિસ્તારાના બે પાઇલટ કોરોના પોઝિટિવ

ન્યુ દિલ્હી

ફ્લાઇટ સિમ્યુલેટર તાલીમ લીધા બાદ વિસ્તારાના બે પાઇલટે કોરોના માટે સકારાત્મક પરીક્ષણ કર્યું હોવાના સમાચાર એરલાઇનના પ્રવક્તાએ શનિવારે આપ્યા હતા.

વિસ્તારાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ફરજ પર પાછા ફરતા ફ્લાઇટ સિમ્યુલેટર તાલીમ લીધા બાદ કમનસીબે બે પાઇલટે કોરોના માટે સકારાત્મક પરીક્ષણ કર્યું હતું. એરલાઇન્સે તરત જ બધા સીધા અને ગૌણ સંપર્કોને હોમ ક્વોરન્ટાઇનમાં મૂક્યા છે અને તેમના સીધા સંપર્કમાં આવનારા બધાને કોરોના પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે. કેટલાક પાઇલટના કોરોના પરીક્ષણના પરિણામ આવ્યા છે જે નેગેટિવ છે. સિમ્યુલેટર સેન્ટરને સેનિટાઇઝ કરવામાં આવ્યું છે. ૨૫મેથી દેશમાં ડોમેસ્ટિક ફ્લાઇટ ઉડ્યન ચાલુ કરવામાં આવ્યા છે. આંતરરાષ્ટ્રીય ઉડ્યન હજી બંધ છે.

ઓડિશામાં ઉડ્યન દરમ્યાન ટ્રેનર એરક્રાફ્ટ ક્રેશ, મહિલા પાયલટ સહિત ૨ના મોત

ન્યુ દિલ્હી

ઓડિશાના ઢેંકનાલ જિલ્લામાં ટૂસીટર ટ્રેનર વિમાન ક્રેથ થઈ ગયું છે. આ દુર્ઘટનામાં મહિલા ટ્રેની પાયલટ અને તેના ઈન્ટ્રસ્કટરનું મોત થઈ ગયું છે. ઢેંકનાલ એડીએમ બીકે નાયકે જણાવ્યું કે, ટ્રેનર એરક્રાફ્ટ બિરાસલ સ્થિત સરકારી એવિએશન ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ (જીએટીઆઈ)ની એરસ્ટ્રિપર કેશ થઈ ગયું હતું. બંનેને કમાખ્યાનગર સ્થિત હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. દુર્ઘટના સવારે સાડા છ વાગ્યે બની હતી. મૃતકોની ઓળખ મહિલા ટ્રેની પાયલટ અનીશ ફાતિમા (૨૦) અને ટ્રેનર સંજીવ કુમાર ઝા તરીકે થઈ છે. સૂત્રોના જણાવ્યા મુજબ, એરક્રાફ્ટના ટેક ઓફ દરમિયાન કેશ થઈ ગયું હતું. દુર્ઘટનાના કારણો અંગે હજુ સુધી કોઈ જાણકારી મળી નથી.

ભગવાન શ્રીકૃષ્ણ પર આપત્તિજનક ટિપ્પણીના આરોપ સાથે મોરારી બાપુ સામે FIR દાખલ

જયપુર

જાણીતા કથાવાચક મોરારિ બાપુની મુશ્કેલી વધી છે. કથાવાચક મોરારિ બાપુ પર ભગવાન શ્રીકૃષ્ણ પર આપત્તિજનક ટિપ્પણી કરવાનો આરોપ સાથે રાજધાની જયપુરના કાલવાડ પોલીસ સ્ટેશન માં એક પરિવારે ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદ સંત સૌરભ રાધવેન્દ્ર આચાર્ય મહારાજ નામના એક વ્યક્તિએ નોંધાવી

કાલવાડ પોલીસ સ્ટેશનમાં સંત સૌરભ રાધવેન્દ્ર આચાર્યની તરફથી નોંધવામાં આવેલ આ આરોપમાં કહેવામાં આવ્યું છે કે કથાવાચક મોરારિ બાપુ દ્વારા મિર્ઝાપુર સ્થિત આદિ શક્તિ પીઠમાં થોડા સમય પહેલા રામકથા દરમિયાન તેમણે ભગવાન શ્રીકૃષ્ણ વિષે અપમાનજનક અને આપત્તિજનક ટિપ્પણી કરી હતી. અને વીડિયો ચેનલના માધ્યમથી તેને પ્રસારિત પણ કરી હતી. આ વીડિયો હાલ પણ સોશિયલ મીડિયાના માધ્યમથી જનતામાં વાયરલ થઈ રહ્યો છે. સંત સૌરભ રાધવેન્દ્ર આચાર્યે કહેવું છે કે આ વીડિયોમાં કથાવાચક મોરારિ બાપુ દ્વારા ભગવાન શ્રીકૃષ્ણ મામલે આપત્તિજનક શબ્દોનો ઉપયોગ કરી કથા કહેવામાં આવી હતી. સાથે જ ભગવાન શ્રીકૃષ્ણના મોટા ભાઈ બલદેવ પર પણ આપત્તિજનક ટિપ્પણી કરવામાં આવી હતી. આ સાથે જ તેમણે મોરારિ બાપુ પર કાનૂની કાર્યવાહી કરવાની પણ માંગણી કરી છે. કાલવાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવનાર સૌરભ રાધવેન્દ્ર આચાર્ય મહારાજ પોતાને રઘુનાથ ધામ રામનુજ આશ્રમના પીઠાધીશ્વર જણાવે છે. વળી સોમવારે પ્રેસવાર્તાના માધ્યમથી પણ સૌરભ રાધવેન્દ્ર આચાર્યે મીડિયાની સામે પોતાની આ વાત રાખી છે. અને આ મામલે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. જો કે હવે પોલીસ ફરિયાદ થયા પછી આવનારા સમયમાં કથાકાર મોરારિ બાપુની મુશ્કેલીઓ વધી શકે છે તેમ લાગે છે.

ભારતમાં દર વર્ષે બ્રેઈન ટ્યુમરના ૫૦થી ૭૦ હજાર નવા કેસ

ન્યુ દિલ્હી

વિશ્વમાં દર વર્ષે ૮મી જૂને 'વર્લ્ડ બ્રેઈન ટ્યૂમર ડે' મનાવવામાં આવે છે. મગજ એ માનવશરીરનો કંટ્રોલરૂમ છે. તેમાં જરાસરખી પણ ઊંચનીચ થાય, તો તેની અસર સમગ્ર શરીર પર અને વ્યક્તિની ઓવરઓલ પર્સનાલિટી પર પડે છે. મગજને ઘેરી વળતો સૌથી ગંભીર રોગ એટલે બ્રેઈન ટ્યુમર. સાદા શબ્દોમાં કહીએ તો મગજની ગાંઠ. કોષોની બિનજરૂરી વૃદ્ધિ. આવા કોષો શરીર માટે જરૂરી નથી, ઊલટું તેને પારાવાર હાનિ પહોંચાડે છે. આ સ્થિતિને કેન્સર કહે છે. કોષોની આવી અનિયંત્રિત વૃદ્ધિ મગજમાં થાય અને તે ગાંઠનું સ્વરૂપ પકડે ત્યારે બ્રેઈન ટ્યુમરની સ્થિતિ સર્જાય છે. બ્રેઈન ટ્યુમર અને કોરોના સાથેની તેની સંભવિત અસર વિશે વિગતવાર જાણવા માટે અમદાવાદની 'જીએચ હોસ્પિટલ'ના સિનિયર કન્સલ્ટન્ટ ન્યુરોલૉજિસ્ટ ડોક્ટર સાગર બેતાઈ સાથે વાતચીત કરી હતી.

ડૉ. બેતાઈનું કહેવું છે કે કોરોના મગજને અસર કરી રહ્યો છે તેના હજી સુધી કોઈ ચોક્કસ પુરાવા નથી મળ્યા. હજી સુધી એવો કોઈ કેસ પણ સામે નથી આવ્યો.

બ્રેઈન ટ્યૂમરના મુખ્યત્વે બે પ્રકાર છે. એક બીનાઈન એટલે કે સૌમ્ય અને બીજું મૅલિગ્નન્ટ એટલે કે જીવલેણ. જોકે ઘણાં બીનાઈન ટ્યુમર પણ જીવલેણ હોઈ શકે છે. આ બન્ને વચ્ચેનો મુખ્ય તફાવત એ છે કે ૭૦ ટકા બ્રેઈન ટ્યૂમર બીનાઈન હોય છે. જેનો ગ્રોથ મગજમાં ધીમે-ધીમે થાય છે. એટલે કે જો કોઈ વ્યક્તિને આ પ્રકારનું ટ્યુમર હોય તો ૨૦-૩૦ વર્ષ કે ઘણી વાર ૫૦ વર્ષ સુધી આ ટ્યૂમર મગજની અંદર ધીમે ધીમે વિકસિત થાય છે. તે શરીરનાં બીજા અંગો સુધી નથી ફેલાતું. આવા ટ્યુમર સાથે વ્યક્તિ લાંબું જીવી શકે એવી શક્યતા થોડી વધુ રહે છે, જ્યારે મૅલિગ્નન્ટ ટ્યુમરનો ગ્રોથ ઝડપી હોય છે. સામાન્ય બીનાઈન ટ્યુમર કરતાં ૧૦-૨૦ ગણી ઝડપે આ પ્રકારનાં ટ્યુમર વિકાસ પામે છે. તે મગજ અને શરીરના બીજા ભાગોમાં ઝડપથી ફેલાય છે. એટલા માટે સમયસર નિદાન ખૂબ જ મહત્ત્વનું છે. જલ્દી નિદાન કરવામાં આવે તો સારવારથી વ્યક્તિ સાજી થઈ શકે છે.

આંધ્રપ્રદેશના ધારાસભ્યો સીએમ જગન રેડ્ડીની કાર્ય અને શાસન પદ્ધતિથી નારાજ

હૈદરાબાદ

થોડા દિવસો પૂર્વે આંધ્રપ્રદેશ સરકારે સતા પર મુખ્યપ્રધાન વાય.એસ.જગન રેડ્ડીના એક વર્ષના સમાપનની ઉજવણી કરી હતી. આ ઉજવણીએ શાસક પક્ષના ધારાસભ્યોમાં પ્રવર્તતા અસંતોષને ઉઘાડો પાડ્યો હતો જે દર્શાવે છે કે આંધ્રના ધારાસભ્યો જગનની કાર્ય અને શાસન પદ્ધતિથી નારાજ છે. જગન રેડીએ છેલ્લા એક વર્ષમાં કલ્યાણકારી યોજનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને તેમની ચૂંટણીકીય રાજનીતિમાં તમામ વર્ગને ખુશ રાખવાનો પ્રયત્ન કર્યો હતો. આ રાજકિય પ્રક્રિયા દરમિયાન તેમણે પક્ષના કાર્યકરોને સાંભળવા માટે ભાગ્યે જ કોઈ ધ્યાન આપ્યું હતું, આથી તેમના પક્ષમાં જે અસંતોષના સૂર ઊભા થઈ રહ્યાં છે તેના દ્વારા મુખ્ય પ્રધાન અને શાસક પક્ષના ધારાસભ્યો વચ્ચેની તિરાડ વધુ વ્યાપક બનતી હોવાનો પર્દાફાશ થયો છે. ખુબ જ ટૂંકાગાળામાં જગન રેડી અંગે એવી છાપ ઊભી થઈ છે કે તેઓ એક એવા નેતા છે કે જેમનો તેમના પક્ષના જ ધારાસભ્યો અને સાંસદો સંપર્ક કરી શકતા નથી ત્યારે સામાન્ય કાર્યકરોની તો વાત જ કયાં કરવી....! ૪૭ વર્ષના મુખ્ય પ્રધાને પાંચ નાયબ મુખ્ય પ્રધાનો સાથે પોતાના કેબિનેટમાં યુવાન અને નવા ચહેરાઓને સ્થાન આપવાનું પસંદ કર્યું છે. આ રીતે વરિષ્ઠ અને પીઢ અનુભવી નેતાઓની ઉપેક્ષા કરાઈ છે. બીજુ છેલ્લા એક વર્ષમાં જગન સરકાર જમીન માફીયાઓને અટકાવવામાં અને પ્રશાસનમાં ભ્રષ્ટાચારને રોકવામાં નિષ્ફળ ગઈ હોવાનું જણાય છે.

શ્રમ મંત્રાલયમાં એકસાથે ૧૧ અધિકારીઓ કોરોના પોઝિટિવ થતા ચિંતાનો માહોલ

નવી દિલ્હી

ભારતમાં છેલ્લા ઘણા દિવસથી કોરોના વાયરસ રેકોર્ડ સ્તરે વધી રહ્યો છે ત્યારે દિલ્હીમાં મંત્રાલયોમાં પણ કાળમુખો વાયરસ પોતાનો પગપેસારો કરી રહ્યો છે. પહેલા સ્વાસ્થ્ય મંત્રાલય પછી રક્ષા મંત્રાલય અને હવે શ્રમ મંત્રાલયમાં પણ કોરોના વાયરસનો હાહાકાર જોવા અમલી રહ્યો છે. શ્રમ મંત્રાલયમાં એકસાથે ૧૧ અધિકારીઓ કોરોના પોઝિટિવ થતા ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. દેશમાં સતત કોરોના સંકટ વધતો જઈ રહ્યો છે. છેલ્લા ઘણા સમયથી દરરોજ દસ હજારની આસપાસ કોરોના વાયરસના નવા કેસ સામે આવી રહ્યા છે. સોમવારે કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલયનાં કાર્યાલયમાં એકસાથે ૧૧ અધિકારીઓ કોરોનાના ઝપેટમાં આવ્યા. દેશમાં જે રીતે કોરોના વાયરસના કેસ વધી રહ્યા છે તેમાં દિલ્હીના વિવિધ મંત્રાલયો પણ બાકાત નથી. અત્યાર સુધી કેટલાય મંત્રાલયોના અધિકારીઓ મહામારીની ઝપેટમાં આવી ગયા છે. પહેલા સ્વાસ્થ્ય મંત્રાલય પછી રક્ષા મંત્રાલય અને હવે શ્રમ મંત્રાલયમાં પણ કોરોના વાયરસનો હાહાકાર જોવા મળ્યો છે. આટલું જ નહીં દિલ્હી મેટ્રો અને દિલ્હીના ઉપરાજયપાલ ઓફિસના પણ કેટલાય અધિકારીઓ કોરોના પોઝિટિવ નીકળ્યા હતા.

શ્રમ મંત્રાલયમાં એક સાથે ૧૧ કોરોના પોઝિટિવ કેસ સામે આવતા લોકોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. આ સિવાય ચૂંટણી પંચમાં પણ એક અધિકારીને કોરોના હોવાનું સામે આવ્યું છે. અહિયાં ઈફસ્ડિવિઝનમાં કામ કરી રહેલા એક અધિકારીનો કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યો છે. અધિકારી દ્વારા સંક્રમણના ભયને જોતા સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા પણ કેટલાક દિશા-નિર્દેશ આપવામાં આવ્યા છે. જેમાં સરકારી ઓફિસોમાં આવતા અધિકારીઓએ મસક પહેરવું, એકબીજાથી અંતર જાળવવું, મિટિંગમાં પણ દૂર દૂર બેસવું જેવા નિયમોનું પાલન જરૂરી છે. દેશમાં કોરોના વાયરસનાં આંકડાઓ પર નજર કરીએ તો કોરોના વાયરસ રેકોર્ડબ્રેક સ્તરે પોતાનું વિષ ફેલાવી રહ્યો છે. દેશમાં અનલોકની પ્રક્રિયા ચાલી રહી છે ત્યાં સ્પેન અને ઈટલી જેવા દેશોથી પણ આગળ નીકળી રહેલા ભારતમાં દરરોજ દસ હજાર જેટલા કેસ સામે આવી રહ્યા છે. આ દરમિયાન આજથી દેશમાં મંદિરો અને મોલ પણ ખુલવા જઈ રહ્યા છે.

મે મહિનામાં કોલસાની આયાત ૨૦ ટકા ઘટીને ૧.૯ કરોડ ટન

ન્યુ દિલ્હી

ગત મે મહિનામાં દેશમાં કોલસાની આયાત ૨૦ ટકા ઘટીને ૧.૮૯૩ કરોડ ટનની સપાટીએ રહી હોવાનું એક ઔદ્યોગિક આંકડાકીય માહિતીમાં જણાવાયું છે. જોકે, સરકાર વર્ષ ૨૦૨૩-૨૪ સુધીમાં નિવારી શકાય તેવી કોલસાની આયાત શૂન્યના સ્તરે લઈ જવાની યોજના ધરાવે છે.

હાલમાં પાવર પ્લાન્ટ તેમ જ પીયુ (પીટહેડ)માં સ્ટોકની માત્રા વધારે હોવાને કારણે આયાતી કોલસાની માગ દબાણ હેઠળ જ રહે તેવી શક્યતા એમજંક્શને વ્યક્ત કરી છે. કોલસા અને સ્ટીલનાં સમયાંતરે અહેવાલ જાહેર કરતી ટાટા સ્ટીલ અને સેઈલનું સંયુક્ત સાહસ ધરાવતી બીટૂબી ઈ કોમર્સ કંપની એમજંક્શનના અહેવાલ અનુસાર ગત મે ૨૦૧૯માં દેશમાં કોલસાની આયાત ૨.૩૫૭ કરોડ ટનની સપાટીએ રહી હતી.

એમજંક્શનની પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત મે મહિનામાં વર્ષાનુવર્ષ ધોરણે આયાતમાં ઘટાડો થયો હોવા છતાં દેશનાં નાના મોટા બંદરો પર આયાત એપ્રિલ મહિનાના ૧.૮૦૯ કરોડ ટન સામે ૧૦.૮૬ ટકા વધીને ૧.૮૯૩ કરોડ ટનની સપાટીએ રહી હતી. જોકે, એપ્રિલ મહિનાની સરખામણીમાં વધારો થવાનું મુખ્ય કારણ અમુક ક્ષેત્રમાં લૉકડાઉનના નિયંત્રણો હળવા થવાનું તેમ જ વૈશ્વિક સ્તરે કોલસાના ભાવમાં આવેલો ઘટાડો હોવાનું અહેવાલમાં ઉમેર્યું હતું. જોકે, હાલને તબક્કે પીયુમાં અને પાવર એકમોમાં સ્ટોકનું પ્રમાણ વધુ હોવાથી આયાત દબાણ હેઠળ રહે તેવી શક્યતા એમજંક્શનના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર વિનય વર્માએ જણાવ્યું હતું.

ગત મે મહિનાની કોલસાની કુલ આયાતમાં નોન કૉકિંગ કૉલની આયાત એપ્રિલ મહિનાના ૧.૨૨૮ કરોડ ટન સામે વધીને ૧.૩૨૨ કરોડ ટન અને નોન કોકિંગ કૉલરની આયાત એપ્રિલ મહિનાના ૩૨.૩ લાખ ટન સામે વધીને ૩૮.૧૦ લાખ ટનની થઈ હતી. વધુમાં ગત એપ્રિલ અને મે મહિનાની કોલસાની કુલ આયાત ગત સાલના સમાનગાળાના ૪.૯૯ કરોડ ટન સામે ૨૭.૮૩ ટકા ઘટીને ૩.૬૦૨ કરોડ ટનની સપાટીએ રહી હતી, જેમાં નોન કોકિંગ કોલની આયાત ૨.૫૫ કરોડ ટન (૩.૫૩૫ કરોડ ટન) અને કોકિંગ કોલની આયાત ૭૦.૪ લાખ ટન (૮૭.૮ લાખ ટન)ની સપાટીએ રહી હતી. અત્રે નોંધનીય બાબત એ છે કે ગત નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં દેશમાં કોલસાની આયાત ૩.૨ ટકા વધીને ૨૪.૨૯૭ કરોડ ટનની સપાટીએ રહી હતી.

હાઉઝ ધ જોશ: ગર્ભવતી કમાન્ડો સુનૈનાએ નક્સલી વિસ્તારમાં દીકરીને જન્મ આપ્યો

દાતેવાડા

સાડા છ મહિનાની ગર્ભાવસ્થા અને હાથમાં છદ્ધ-૪૭ લઈને નક્સલવાદીઓનો સામનો કરવા જંગલમાં નીકળેલી મહિલા કમાન્ડો સુનૈના પટેલે એક પુત્રીને જન્મ આપ્યો છે.

સુનૈના પુત્રીને પોતાની જેમ મજબૂત બનાવવા માગે છે. તે કહે છે, 'એક દીકરો છે, આ વખતે ઈચ્છતી હતી કે દીકરી થાય. દંતેશ્વરી ફાઈટર્સમાં જોડાયા પછી હું ગર્ભવતી થઈ, માતા દંતેશ્વરીની કૃપાથી મને એક પુત્રી થઈ છે. '' સુનૈનાને એસપી ડોકટર અભિષેક પલ્લવા સહિતના અન્ય અધિકારીઓએ પણ અભિનંદન પાઠવ્યા છે. ૮મી માર્ચે મહિલા દિન પર દંતેશ્વરી કમાન્ડો સુનૈનાના સમાચારને પ્રકાશિત કર્યા હતા.સુનૈનાએ દોઢ મહિના પહેલા પુત્રીને જન્મ આપ્યો. હાલ તે રજા પર છે.

પુત્રીના જન્મ પછી એક મિડિયાએ સુનૈના સાથે વાત કરી. તેણે કહ્યું, 'ગર્ભવતી થયા પછી પણ પેટ્રોલિંગમાં જવું એ મારો નિર્ણય હતો. લોકોએ પ્રશ્નો કરેલા. લોકો શું કહે છે તેની મને પરવા નથી. હું મારી દીકરીને પણ મારી જેમ જ બનાવવા માગું છું. ગર્ભાવસ્થા પછી પણ મેં પેટ્રોલિંગ કરવાનું બંધ કર્યું નહી, કારણ કે હું ટીમ લીડર હતી. તે સાથે જ મારી અંદર કામ કરવાની ઈચ્છા શક્તિ હતી. ''સુનૈનાના સાથી કમાન્ડોએ કહ્યું કે અમે પુત્રીને દાંતેશ્વરી ફાઇટર તરીકે બોલાવીશું. બે મહિના પહેલા જ તેનું નામ રાખવામાં આવ્યું હતું.

પાલીતાણા ખાતે શેત્રુંજય ગિરિરાજના શ્રદ્ધાળુઓ માટે ગાઈડલાઈન જાહેર, યાત્રા કરાઈ શરૂ

અમદાવાદ

કોરોનાના કહેર વચ્ચે ગત તારીખ ૨૨ માર્ચથી તીર્થનગરી પાલીતાણામાં યાત્રા બંધ થઈ ગઈ હતી. લોકડાઉનમાં અનલોક-૧ વચ્ચે વેપારીઓને રોજગારીની છૂટછાટ બાદ તીર્થસ્થાનોમાં સરકારી ગાઈડલાઈન મુજબ છૂટ મળતા પાલીતાણા શેઠ આંણદજી કલ્યાણજી પેઢીએ યાત્રિકો માટે મહત્વપૂર્ણ ગાઈડલાઈન જાહેર કરવામાં આવી તેને અનુરૂપ યાત્રા આજથી શરુ કરવામાં આવી છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, જય તળેટીએ દર્શન કરવા સિવાય અન્ય ધાર્મિક વિધિ કરી શકાશે નહી. બેરીકોટ પાસે યાત્રિકોએ હાથ સેનેટ્રાઈઝ કરવાના રહેશે. ટેમ્પરેચર મપાશે તેમજ પર્વત પર રામપોળ બહાર યાત્રિકોનું ટેમ્પરેચર ફરી મપાશે. મૂળનાયક તીર્થાધીરાજ આદિનાથ દાદાની પૂજા નહીં થાય.

ફક્ત દર્શન જ થશે તથા ધૂપ,દીપ, અક્ષત,ફળ, નૈવધ, ચામરપૂજા હાલ શરુ કરવામાં આવી નથી. ઘેટી પાગ અને રોહીશાળાથી હાલ યાત્રા કરી શકાશે નહી. શેત્રુંજય યાત્રા જય તળેટીથી જ જશે, ત્યારે રસ્તામાં પાણીની વ્યવસ્થા હાલ શરુ કરવામાં આવી નથી. ૧૦ વર્ષ નાના અને ૬૫ વર્ષથી વધુ ઉમરના હોય તેઓને આ યાત્રામાં સાથે ન લાવવા નિર્ણય કરાયો છે. તીર્થાધીરાજ આદિનાથ દાદાના ફક્ત દર્શન દાદાના રંગમંડપ માંથી થઈ શકશે. યાત્રા સવારે ૬થી બપોરે ૧૨ સુધી જ ચાલુ રહેશે. સાધુ, સાધ્વીજી ભગવંતોએ યાત્રા કરવી હોય તો તળેટી ખાતે આવેલ પેઢીના માહિતી કેન્દ્રમાં નામ નોંધણી કરાવવી પડશે. બહારગામથી આવતા યાત્રીકોને સરકારી ગાઈડલાઈન્સ મુજબ ધર્મશાળા, હોટેલમાં રૂમ આપી શકાશે નહી.

તેમજ ભાતાખાતું બંધ રહેશે. દરેક યાત્રિકે ફરજીયાત અંતર જાળવવું પડશે. માસ્ક અને હેન્ડ ગ્લોસ પહેરીને યાત્રા કરવી પડશે, ત્યારે આજે સાધુ, સાધ્વીજી ભગવંતો તેમજ સ્થાનિક યાત્રિકોએ આજે યાત્રા કરી હતી. શેઠ આંણદજી કલ્યાણજી પેઢી દ્વારા આ ગાઈડલાઈન્સ બહાર પાડવામાં આવી અને તેના પાલન મુજબ આજથી વિધિવત ગીરીરાજની યાત્રાનો પારંભ થયો છે.

૭૫ દિવસ બાદ ભક્તો માટે ખુલ્યા ભગવાનના દ્વાર, લોકોએ નિયમબદ્ધ રીતે કર્યા દર્શન

અમદાવાદ

રાજયમાં ૧ જૂનથી અનલોક ૧ કરવામાં આવ્યું છે. આજથી રાજ્યમાં તમામ મંદિરો, ધાર્મિક સ્થાનો, મોલ, રેસ્ટોરન્ટ અને હોટેલો ખોલવામાં આવી છે. ૭૫ દિવસ બાદ વહેલી સવારથી જ અમદાવાદમાં મોટા ભાગના મંદિરો ભક્તો માટે ખુલ્યા હતા. એસજી હાઈવે પર આવેલું ઈસ્કોન મંદિર સવારે ૭.૧૫ વાગ્યે ખોલવામાં આવ્યું હતું. મંદિરમાં સેનિટાઈઝ કર્યા બાદ અને માસ્ક પહેરનારા લોકોને જ પ્રવેશ આપવામાં આવ્યો હતો. લોકોએ લાંબા સમય બાદ ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. કોરોનાની મહામારીના કારણે સમગ્ર દેશમાં ૨૪ માર્ચથી લોકડાઉન કરવામાં આવ્યું હતું. ૨ મહિના જેટલું લોકડાઉન બાદ કેટલીક છુટછાટ આપવામાં આવી હતી જો કે સરકારે મંદિરો, ધાર્મિક સ્થાનો ખોલવાની મંજૂરી આપી ન હતી.

અનલોક ૧ જાહેર થયા બાદ આજે એટલે કે ૮ જૂને મંદિરો, ધાર્મિક સ્થાનો, મોલ, રેસ્ટોરન્ટ અને હોટલો ખુલી છે. મંદિરોમાં સવારથી જ લોકો ભગવાનના દર્શન માટે પોહચી ગયા હતા. મંદિરમાં દર્શન કરવા આવતા ભક્તો વચ્ચે સોશિયલ ડિસ્ટન્સ જળવાય અને ગાઈડલાઈનનું પાલન થાય તેની તમામ તકેદારી રાખવામા આવી હતી. મંદિરમાં પ્રસાદ આપવામાં આવતો નથી. ઈસ્કોન મંદિર સવારે ૭.૧૫થી ૧ અને સાંજે ૪થી ૮ સુધી મંદિર ખુલ્લુ રહેશે. અમદાવાદનું સુપ્રસિદ્ધ અને નગરદેવી ભદ્રકાળી માતાનું મંદિર આજથી નહીં ખુલે. મંદિર કન્ટેનમેન્ટ વિસ્તારમાં આવેલું હોવાથી આજથી ખોલી શકાયું નથી. પોલીસ સાથે ચર્ચા કરીને મંદિર ખોલવામાં આવશે. આવતીકાલથી નગરદેવી ભદ્રકાળી માતાનું મંદિર ખુલે તેવી શક્યતા છે.

ભક્તો નગરદેવી માં ભદ્રકાળીના મંદિરની બહારથી જ દર્શન કરી રહ્યા છે. બીજીતરફ જમાલપુરમાં આવેલું ઐતિહાસિક અને સુપ્રસિદ્ધ જગન્નાથ મંદિર પણ આજે ભક્તો માટે ખુલ્યું નથી. મંદિરમાં રવિવારે ફ્યુમીગેશનની કામગીરી કરવામાં આવી હતી. જો કે આજે સવારથી હજી સુધી મંદિર ખુલ્યું નથી. જગન્નાથ મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ મંદિર ખોલવા બાબતે જણાવ્યું કે, ભગવાન જગન્નાથજીનું મંદિર કન્ટેનમેન્ટ ઝોન વિસ્તારમાં આવેલું હોવાથી મંદિર હજુ નહીં ખુલે. ૧૫ જૂનથી ભક્તો દર્શન કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવશે.

જમ્મુ કાશ્મીરમાં પહેલા પાનાથી ચાલુ

રેબાન ગામમાં અથડામણ થઈ હતી. જે સવારે ૮.૩૦ કલાકે શરૂ થઈ હતી. સુમાહિતગાર સુત્રોના જણાવ્યા મુજબ સુરક્ષા દળોએ બાતમીના આધારે ઘેરાબંધી કરીને સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું. આ દરમિયાન આતંકીઓએ અંધાધૂધ ગોળીબાર શરૂ કર્યો હતો. જેનો જડબાતોડ જવાબ સુરક્ષા દળોએ આપ્યો હતો. આ અથડામણ મોડી સાંજ સુધી જારી રહી હતી. સ્થળ પરથી આતંકીઓના શબ મળ્યા હતા. ત્યારબાદ જવાનોએ સમગ્ર વિસ્તારમાં શોધખોળ શરૂ કરી હતી. જમ્મુ-કાશ્મીરમાં સર્ચ ઓપરેશન દરમિયાન વિતેલા એક સપ્તાહમાં લગભગ ૧૫ આતંકીને ઠાર કરી દેવાયા છે. ગત તા. ૨જી જૂને સુરક્ષા દળોએ ત્રાલમાં બે આતંકીઓને મોતને ઘાટ ઉતાર્યા હતા. તેના બીજા દિવસે ૩જી જૂને પુલવામાના કંગનમાં સુરક્ષા દળોએ ૩ આતંકીઓને ઠાર કર્યા હતા. જેમની ઓળખ જૈશના કમાન્ડર અબ્દુલ રહેમાન, ઈદરીશ અને લંબૂ તરીકેની થઈ હતી. તા.૪થી જૂને રાજૌરીમાં એક આતંકીને ઠાર કર્યો હતો, અને હવે ૭મીએ ૫ અને ૮મી જૂને ૪ આતંકીઓનો ખાત્મો બોલાવ્યો હતો.

બંગાળની ખાડી પહેલા પાનાથી ચાલુ

કારણે દરિયાઈ ખાડી વિસ્તારોમાં ભારે વરસાદ થઈ શકે છે. હવામાન વિભાગે આગામી બે દિવસમાં ઓડિશામાં ભારેથી અતિભારે વરસાદ થવાની ચેતવણી આપી છે.

જેના અંતર્ગત વિભાગે ઓડિશાના અનેક જિલ્લાના માટે સોમવારથી ૧૦મી જૂન સુધી યલો વૉર્નિંગ અને અન્ય કેટલાક જિલ્લા માટે ૧૧મી જૂન સુધી ઓરેન્જ એલર્ટ જારી કર્યુ છે. આ ઉપરાંત કોલકત્તા અને દક્ષિણ બંગાળના કેટલાક જિલ્લાઓમાં રવિવારે બપોર પછી મધ્યમકક્ષાનો વરસાદ થયો હતો. જેનાથી લોકોને કાળઝાળ ગરમીથી રાહત મળી હતી. વરસાદના કારણે મહાનગરના નિચાણના કેટલાક વિસ્તારોમાં વરસાદી પાણી આફતરૂપ બન્યા હતા.

ઓરિસ્સાને પહેલા પાનાથી ચાલુ

આવી સ્થિતિ ર્ભી કરવાની જરૂર છે કે ઓડિશાના કોઈ ભાઈએ રોજગાર માટે અન્ય રાજ્યોમાં ન જવું જોઈએ. આ કામ ફક્ત ભારતીય જનતા પાર્ટીની સરકાર જ કરી શકે છે. વર્ચુઅલ રેલીને સંબોધન કરતાં અમિત શાહે એમ પણ કહ્યું કે કોરોના વાયરસ વૈશ્વિક રોગચાળો છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સામાજિક અંતર સૂચવ્યું છે પરંતુ ભાજપ અને લોકો વચ્ચે આવું ન થઈ શકે. રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાના નેતૃત્વ હેઠળ વર્ચુઅલ રેલીઓ દ્વારા અમે લોકો સુધી પહોંચી રહ્યા છીએ. અમિત શાહે એમ પણ કહ્યું હતું કે, 'ઘણી સરકારો બે તૃતીયાંશ બહુમતી સાથે આવી હતી, પરંતુ કોઈએ આર્ટિકલ ૩૫૦ અને ૩૫એને દૂર કરવાની હિંમત બતાવી નથી. ૫ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી ગૃહમાં બિલ લાવ્યા હતા, ત્યારબાદ ૩૫એ વિશેષાધિકારવાળી કલમ ૩૭૦ રદ કરવામાં આવી હતી. અમિત શાહે કહ્યું કે, ભાજપે કોરોના વાયરસ રોગચાળા દરમિયાન ૧૧ કરોડ લોકોને ભોજન પૂરું પાડ્યું હતું. હું હાર્દિકથી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ, તેમની ટીમ અને તમામ કાર્યકરોની શુભેચ્છા પાઠવું છું. ' શાહે કહ્યું, 'શ્રી રામ જન્મભૂમિ વિવાદ વર્ષોથી ચાલતો હતો. કરોડો લોકો રાહ જોતા હતા કે રામ જન્મભૂમિ પર ક્યારે ભવ્ય રામ મંદિર બનાવવામાં આવશે. મોદી સરકારને ફરીથી બહુમતી મળી, તેનો વલણ સચોટ રીતે મૂકવામાં આવ્યો અને સુપ્રીમ કોર્ટે રામ જન્મભૂમિની તરફેણમાં ચુકાદો આપ્યો. ગૃહ પ્રધાને એમ પણ કહ્યું કે, 'જ્યારે કોંગ્રેસ સરકારમાં મનમોહન સિંઘ વડા પ્રધાન હતા, ત્યારે તેમણે આરઈસીપીની વાટાઘાટ શરૂ કરી હતી. જો આરઈસીપી પર હસ્તાક્ષર થયા હોત, તો આ દેશના નાના વેપારીઓ, ઉદ્યોગસાહસિકો, પશુપાલકો, ખેડૂત, મત્સ્યઉદ્યોગ ઉદ્યોગો પોતાનું જીવન સારી રીતે જીવી શક્યા હોત. નરેન્દ્ર મોદીએ આરઈસીપીની બેઠકમાં કહ્યું હતું કે આ દેશ ગાંધીનો દેશ છે. ગરીબ, ખેડુતો, નાનો મજૂરો અને મારા માછીમારો મારા ભાઈઓને દગો આપી શકશે નહીં, મારે તેમના હિતમાં વિચારવું પડશે. આ રીતે, અમે આરઈસીપીથી બહાર નીકળી ગયા અને આજે દરેક નાના ઉદ્યોગપતિ, ઉદ્યોગસાહસિક બચેલા લાગે છે.

બીજી બેઠક પહેલા પાનાથી ચાલુ

શુક્લાને મેદાનમાં ઉતાર્યા હતા પરંતુ ત્યારબાદ પ્રદેશ કોંગ્રેસના વિરોધને કારણે તેમણે પોતાનું નામ પાછું ખેંચી લીધું હતું. આ પછી પાર્ટીએ સોલંકીને મેદાનમાં ઉતાર્યા છે. ગુજરાત વિધાનસભામાં હવે કુલ ૧૭૨ સભ્યો છે અને ૧૦ બેઠકો ખાલી છે.

આપને જણાવી દઈએ કે રાજ્યસભાની ચૂંટણી ૧૯ જૂને ગુજરાતની ૪ બેઠકો પર યોજાવાની છે. આમાંથી ત્રણ બેઠકો હાલમાં ભાજપ અને એક બેઠક કોંગ્રેસનું પ્રભુત્વ છે. રાજ્યસભાની ૪ બેઠકો માટે ભાજપના ત્રણ ઉમેદવારો અને કોંગ્રેસના બે ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા છે. અત્યાર સુધી આંકડાકીય દ્રષ્ટિએ ભાજપ માત્ર બે બેઠકો જીતી શક્યું હોત, પરંતુ કોંગ્રેસના ૩ ધારાસભ્યોના રાજીનામા બાદ હવે ચોથી બેઠક પર પણ ભાજપનો દબદબો જોવા મળી રહ્યો છે. કોંગ્રેસ હવે તેના ધારાસભ્યોને કારણે માત્ર એક બેઠક બચાવવાની વિચારણા કરી રહી છે. એટલે કે શક્તિસિંહ અને ભરતસિંહમાંથી એકનું બલિદાન આપવું પડે એવી સ્થિતિ છે. નિયમો મુજબ, ગુજરાત રાજ્યસભાની બેઠક જીતવા માટે ઉમેદવારને સિંગલ ટ્રાન્સફરેબલ વોટ (એસટીવી) હેઠળ ૩૭ મતોની જરૂર હોય છે. ભાજપ પાસે હાલમાં ૧૦૩ ધારાસભ્યો છે જ્યારે તેણે અભય ભારદ્વાજ, રમીલાબેન બારા અને નરહરિ અમીનને રાજ્યસભાના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા છે. બીજી તરફ કોંગ્રેસ પાસે શક્તિસિંહ ગોહિલ અને ભરતસિંહ સોલંકી ઉમેદવારો તરીકે છે.

રાજકોટમાં આજી ડેમ ચોકડી પાસે આવેલા બ્રીજની દિવાલ ધરાશાયીથતા બે લોકોના મોત

રાજકોટ

રાજકોટમાં આજે સવારે ધોધમાર વરસાદ વરસ્યો હતો. વરસાદથી મનપાની પ્રિમોન્સૂનની કામગીરીની પોલ ખુલી ગઇ હતી. વરસાદે કહેર વરસાવતા આજીડેમ ચોકડી પર આવેલા ઓવરબ્રિજની દીવાલ ધરાશાયી થતા બે યુવાનોના મોત નીપજ્યા છે. ઘટનાની જાણ થતા જ આજુબાજુમાંથી લોકો એકત્ર થઇ ગયા હતા અને ત્રણ્મ્વડે કાટમાળ ખસેડી બંનેના મૃતદેહ બહાર કાઢ્યા હતા. આ ઉપરાંત બે વાહનો પણ દટાતા બંને વાહનોનો કચ્ચરઘાણ વળી ગયો હતો. પોલીસ ટીમ ઘટનાસ્થળે દોડી જઇ બંને યુવાનોના મૃતદેહને પીએમ માટે હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. ઓવરબ્રિજની નબળી કામગીરીને કારણે બે યુવાનોનો ભોગ લેવાયો છે. આ ઘટના ઝઝૂફમાં કેદ થઇ છે. ઝઝૂફમાં બે નિર્દોષ રાહદારીની જિંદગી ત્રણ સેકેન્ડમાં છિનવાતી નજરે પડે છે. આને માટે જવાબદાર કોણ તેવા પ્રશ્નો લોકોમાં ઉઠ્યા છે.

હાઇવે ઓથોરિટીમાં પુલ બનાવવામાં કૌભાંડ આચરાયું હોવાની ગંધ આવી રહી છે તેવું લોકો કહી રહ્યા છે. થોડા વરસાદમાં ભેજમાં દીવાલ પડી હોય તેવી શક્યતા છે. આ પુલ પરથી અને નીચેથી રોજના હજારો લોકો પસાર થાય છે. નેશનલ હાઇવે ઓથોરિટીની બેદરકારી સામે આવી છે. મૃતકમાં ભાવેશ ઉર્ફે ભુપત નાથાભાઇ મિયાત્રા અને વિજય કરણભાઇ વીરડાનો સમાવેશ થાય છે. ભાવેશના પિતા કોર્પોરેશનના વિજિલન્સ શાખાના ફ્રઅજૅના ડ્રાઇવર છે. બનાવ નજરે જોનાર આજીડેમ પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ હરદેવસિંહ ભગતસિંહ રાણાએ જણાવ્યું હતું કે, દૂરથી એક્ટિવાચાલક અને અન્ય વાહન આવતું હતું. અચાનક સેકન્ડના અમુક ભાગમાં જ દીવાલની માટી ધરાશાયી થતા બરોબર એક્ટિવાચાલક અને અન્ય એક યુવાન ત્યાંથી નીકળતા તેની નીચે દબાઇ ગયા.

હું ત્યાં ફરજ પર હતો અને દોડ્યો પરંતુ મોટા પથ્થર અને માટી એટલી હતી કે વાહનો અને દટાયેલા વ્યક્તિ દેખાયા નહીં. આથી મેં તાકીદે ફાયર વિભાગને જાણ કરી હતી. સ્કૂટરના પણ ભુક્કા બોલી ગયા છે. વાહનોના તમામ સ્પેરપાર્ટ પણ છૂટા પડી ગયા અને બે વ્યક્તિ દટાયેલા માટીમાં જોયા. થોડીવાર પહેલા વરસાદ આવ્યો હતો. જે થયું એ આંખના પલકારામાં થયું હતું. ફાયર ઓફિસર ઠેબાએ જણાવ્યું હતું કે, બે લોકોના મોત થયા છે અને બે વાહનો દટાયા છે. જેને ત્રણ્મ્ની મદદથી બહાર કાઢવામાં આવ્યા છે. વધુ કોઈ દટાયું છે કે નહીં તેની તપાસ ચાલુ છે. બે યુવાનો છે કે અજાણ્યા યુવાન છે તેની ઓળખ મેળવવામાં આવી રહી છે. હાલ બંનેના મૃતદેહ સિવિલ હોસ્પિટલ મોકલવામાં આવ્યા છે. દીવાલ શું કામ પડી તે અંગે એન્જિનિયર તપાસ કરી શકે. આ પુલ હાઇવે ઓથોરિટીમાં આવે છે.

રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અશોક ડાંગરે જણાવ્યું હતું કે, સરકારના ભ્રષ્ટાચારના પોપડા પડ્યા છે અને બે લોકોના જીવ ગયા છે. મૃતકોને ૧૦-૧૦ લાખ રૂપિયાની સહાય સરકાર આપે. જરૂર પડશે તો આ મુદ્દે કોર્ટમાં પણ કોંગ્રેસ જશે. આ અંગે હાઇવે ઓથોરિટીના કોન્ટ્રાક્ટર ઉર્ઈન્ કંપનીના મેનેજર અજય ઠાકુરે જણાવ્યું હતું કે, ઉંદરોને કારણે બ્રિજની દીવાલ પડી છે. રાજકોટ હાઇવે ઓથઓરિટીના અધિકારીઓએ બ્રિજની દીવાલ પડવાને લઇને હાથ અધ્ધર કરી દીધા છે. રાજકોટ કોર્પોરેશન હાથ ઊંચા કરી કહ્યું કે, નેશનલ ઓથોરિટીને અગાઉ પ્રિમોન્સૂન કામગીરી અને સર્વિસ રોડની આજુબાજુ ભરાતા પાણીનો નિકાલ કરવા અંગે જાણ કરી હતી. આ દિવાલ મુદ્દે તો નેશનલ હાઇવેના લોકોની જવાબદારી આવે છે. નિર્દોષ રાહદારીઓના મોતની જવાબદારી કોની તેવા સવાલો લોકોમાં ઉઠ્યા છે. હાલ પુલ બંધ કરી દેવામાં આવ્યો છે.

અમરેલીમાં વરસાદની ધમાકેદાર એન્ટ્રીઃ રસ્તાઓ પર ભરાયા પાણી

અમરેલી

આજે વહેલી સવારથી સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લામાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ છે. ત્યારે આજે અમરેલી જિલ્લામાં પણ ધોધમાર વરસાદ પડ્યો હતો. સાવરકુંડલામાં ધોધમાર વરસાદ પછી નાવલી નદીમાં પૂર આવ્યું છે. નાવલીમાં નવા નીર આવતા જગતનો તાત ખુશખુશાલ થયો હતો. ભારે વરસાદ પછી સાવરકુંડલાના મેરિયાણાની સ્થાનિક નદીમાં પણ પૂર આવ્યું છે. ગાધકડાની ફુલઝર નદીમાં પણ પૂર આવ્યું છે. ભારે વરસાદથી સાવરકુંડલાનો જેસર રોડ પાણીથી તરબતર થયો છે. જેસર રોડ પર રસ્તાઓ પાણી પાણી થઈ ગયા હતા. જેસર રોડ સ્થિત સોસાયટીઓ પણ પાણીથી તરબતર થઈ હતી. ધોધમાર વરસાદથી રોડ-રસ્તાઓ પાણી પાણી થયા છે. અમરેલી જિલ્લામાં વરસાદ શરૂ થયો છે. સાવરકુંડલાના બાઢડા પંથકમાં વરસાદ થયો છે. અસહ્ય ઉકળાટ બાદ વરસાદ શરૂ થતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. જૂનાગઢના માણાવદરમાં વરસાદનું આગમન થયું છે. શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ શરૂ થયો છે. વરસાદ પડતાં શહેરના રસ્તા પાણી પાણી થયા છે.

જિલ્લાના લીલીયા તાલુકાના બવાડા, બાવાડી, ઈંગોરાળા વિસ્તારમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. ભારે વરસાદથી બવાડી ગામના પાદરમા આવેલ કોઝવેમાં પાણી ભરાયા છે. ભારે વરસાદથી ખેતરો પાણીથી છલકાયા છે. જુના સાવર, ભુવા વિસ્તારમાં વરસાદી ઝાપટા પડ્યા હતા. જુનાસાવર ગામે આવેલ વરસાદથી શેત્રુંજી નદીમાં નવા નીર આવ્યા છે.

બોટાદમાં વરસાદે ખોલી તંત્રના સ્વચ્છતા અભિયાન અને રોડની કામગીરીની પોલ

બોટાદ

રાજયના અમુક જિલ્લાઓમાં વરસાદની શરુઆત થઈ છે. બોટાદ જિલ્લામાં પણ સાર્વત્રિક વરસાદથી ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી. પરંતુ આ સાથે જ રોડ રસ્તાની કામગીરીને લઈને બોટાદ તંત્રની બેદરકારી પણ સામે આવી હતી. બોટાદમાં સ્વચ્છતા અભિયાન અને રોડની કામગીરીથી તંત્રની ખુલ્લી પોલજિલ્લામાં સાર્વત્રિક વરસાદનું આગમન થતાં જ ખેડૂતોમાં ખુશીની લહેર છવાઇ હતી. પરંતુ સ્વચ્છતા અભિયાનના લીરા ઉડયા હતા અને ઠેર- ઠેર કચરાના ઢગ તથા રોડની નબળી કામગીરી સામે આવી હતી.બોટાદ જિલ્લામાં વરસાદનું આગમન થતાં જિલ્લાના તમામ તાલુકાઓ બરવાળા, ગઢડા, રાણપુર, બોટાદ એમ આખા જિલ્લામાં વરસાદનું આગમન થયું છે. આ વરસાદ થતા ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી હતી.

જિલ્લામાં પ્રથમ વરસાદ થતા તંત્રની પોલ ખુલી છે. જેમાં રાણપુર તાલુકાના તમામ ગામડાઓમાં સ્વચ્છતા અભિયાનના લીરે લીરા ઉડ્યા છે. ઠેર -ઠેર કચરાના ઢગ અને ગંદકીનો માહોલ જોવા મળ્યો હતો. તેમજ જાહેર રોડ પર રોડ તુટી જવાના કારણે પાણીના ખાડાઓ ભરાયેલા છે.આ ઉપરાંત ઠેરઠેર પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા ન હોવાથી ખાડાઓ ભરાયેલા છે અને લોકોને રોડ પરથી વાહન લઈને પસાર થવું હોય તો ફરજિયાત પાણીમાંથી અને ખાડામાંથી પસાર થવું પડે છે.રાણપુરમાં હાલમાં સીસી રોડની કામગીરી શરૂ હોવાથી એક તરફનું કામ પૂર્ણ કરી બીજી તરફનું કામ શરૂ કર્યું છે,

ત્યારે જે કામ પૂર્ણ કર્યું છે તે રોડ પણ પ્રથમ વરસાદે ધોવાઈ ગયું છે. આમ રસ્તાના કામમાં પણ નબળી કામગીરી કરવામાં આવી છે તેમ જણાય રહ્યું છે.આમ બોટાદ જિલ્લામાં વરસાદનું આગમન થતા તંત્રની કામગીરીની પોલ ખૂલી છે. સરકાર રોડના કામમાં તેમજ સ્વચ્છતા અભિયાનના કામમાં લાખો અને કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવેલી છે, ત્યારે આ ગ્રાન્ટ ક્યાં વપરાય છે અને આવી નબળી કામગીરી કરવા સામે તંત્ર તરફથી કોઈ પગલાં ભરવામાં આવશે કે કેમ તેમજ આ વિકાસના કામો માટે જે-તે વિભાગના અધિકારીઓની જવાબદારી કેટલી? અને તંત્ર તરફથી આવી નબળી કામગીરી અંગે કોઈ કાર્યવાહી કરવામાં આવશે કે કેમ તેવા પ્રશ્નો ઉઠ્યા છે.

પંચમહાલના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

પંચમહાલ

લોકડાઉન વચ્ચે પંચમહાલ જિલ્લાની બ્લડ બેન્કોમાં લોહીની અછત ના સર્જાય તે માટે અલગ-અલગ રીતે રક્તદાતાઓ આગળ આવી રહ્યા છે. જેમ કે પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકામાં આવેલા સ્વામિનારાયણ પાલ્લી ગામના મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આશ્રિત શ્રી મુકત જીવન સ્વામીબાપા યુવક મંડળ અને ક્ષત્રિય સમાજ દ્વારા આજે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રેડ ક્રોસ બ્લડ બેન્કની ડોક્ટર આર.કે. ચૌહાણ સહિતની ટીમ ગોધરાથી આવી હતી અને ઘોઘંબા રેફરલ હોસ્પિટલના સહયોગથી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૦૮ યુનિટ બ્લડ ડોનેટ કર્યું હતું. જે સમગ્ર પંચમહાલ જિલ્લાનો અત્યાર સુધીમાં હાઈએસ્ટ રેકોર્ડ બન્યો હતો. અને રક્ત દાતાઓએ લોકડાઉન વચ્ચે પણ આ ડોનેશન કેમ્પમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

હાલમાં કોરોનાના જોખમ વચ્ચે બ્લડ ડોનેશન માટે પણ સોશિયલ ડિસ્ટન્સિંગ જળવાય તેની કાળજી લેવામાં આવી હતી. જેના ભાગરૂપે બે યુવાનો હોસ્પિટલમાં રક્તદાન કરીને આવે એ પછી બીજા બે યુવાનો બ્લડ ડોનેટ કરવા જાય તે પ્રકારની વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની પ્રેરણાથી મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર, સ્વામિનારાયણ પાલ્લીના પ્રાર્થના હોલમાં ગોઠવવામાં આવી હતી.

આમ, રેકોર્ડબ્રેક રકતદાન પણ થયું હતું અને કોરોનાના જોખમ સામે તકેદારીના પગલા પણ લેવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, બ્લડ બેન્કો લોકડાઉનના કારણે કેમ્પો યોજી શકતી નથી અને દાતાઓ પણ રક્ત ડોનેટ કરવા માટે જઈ શકતા નથી. આ સંજોગોમાં બ્લડ બેન્કોમાં લોહીનો પૂરતો જથ્થો રહે તે માટે સેવાભાવી લોકો આગળ આવી રહ્યા છે.

વડોદરાની ગોત્રી હોસ્પિટલમાં હાઉસકીપીંગ અને કર્મચારીઓના પ્રશ્ને કોન્ટ્રાક્ટર સામે નોંધાશે ફરિયાદ

વડોદરા

વડોદરામાં કોરોનાના દર્દીઓની સારવાર માટે ડેઝિગ્નેટેડ એવી ગોત્રી હોસ્પિટલ ખાતે છાશવારે ગંદકી અને કર્મચારીઓના ઉભા થતાં પ્રશ્નોના પગલે ખાસ ફરજ પરના અધિકારી ડો. વિનોદ રાવે હોસ્પિટલની મુલાકાત લીધી હતી. તેમાં પણ જે વોર્ડમાં કોરોના દર્દીઓને સારવાર થઇ રહી છે તે વિસ્તારમાં પીપીઇ કીટ પહેરીને મુલાકાત લઇને દર્દીઓ, કર્મચારીઓ તથા તબીબોની સાથે ચર્ચા કરી હતી. હોસ્પિટલના હાઉસકીપીંગ અને કર્મચારી સપ્લાયનો જેમને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે તે ભાવનગરના બહુચર્ચીત કોન્ટ્રાક્ટરની સામે પોલીસ ફરીયાદના આદેશ આપી દેવામાં આવ્યા હતા.

ગોત્રીની કોવિડ હોસ્પિટલના સુચારૂ સંચાલન માટે તેમજ પ્રિમોન્સુનની કામગીરીની સજ્જતા માટે ડો. વિનોદ રાવ દ્વારા એક બેઠકનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં પીઆઇયુના ચીફ એન્જીનીયર બી.સી.પટેલ, ઇલેક્ટ્રીકલ ડીપાર્ટમેન્ટના સુપ્રી. એન્જીનીયર પ્રતિક મહેતા, સિવીલ ડીપાર્ટમેન્ટના સુપ્રી. એન્જીનીયર સી.સી. પટેલ સહિત ઉચ્ચ અધિકારીઓ, જવાબદાર તબીબો પણ ખાસ હાજર રહ્યા હતા. ચોમાસા દરમિયાન કોરોનાના દર્દીઓને કોઇ પણ તકલીફ ન પડે તે માટે તમામ પ્રકારની કામગીરી ઝડપભેર પૂરી કરવાની તાકીદ કરી હતી. હોસ્પિટલના ચોથા માળે ૧૨૦ બેડની સુવિધા ઉભી કરવા માટે સીવીલ ડિપાર્ટમેન્ટને પણ સૂચના આપી દીધી હતી. જ્યાં સુધી આ તમામ કાર્યવાહી સંતોષકારક રીતે પૂરી ન થાય ત્યાં વુડોદરા હેડ ક્વાર્ટર ન છોડવાની પણ સૂચના આપવામાં આવી હતી. એડમીનીસ્ટ્રેટીવ નોડલ ઓફિસર ડો. શીતલ મિસ્ત્રીએ જણાવ્યુ હતુ કે, કોવિડ ૧૯ના આઇસીયુ અને જનરલ વોર્ડની પણ પીપીઇ કીટ પહેરીને ડો. રાવે મુલાકાત લીધી હતી. તેમની સાથે આખી ટીમ પણ કીટ પહેરીને જોડાઇ હતી. લગભગ ૮૦ જેટલા દર્દીઓની મુલાકાત લઇને તેમને સુવિધાઓ અંગે પૂછપરછ કરી હતી. આ ઉપરાંત ફરજ પરના તબીબો તથા કર્મચારીઓને તકલીફો અંગે પૂછપરછ કરી હતી. ત્યાર બાદ ગોત્રી ખાતે આવેલા ઇએસઆઇ હોસ્પિટલની મુલાકાત લઇને ત્યાં પચાસ બેડનું કોવિડ હેલ્થ સેન્ટર એક જ અઠવાડીયામાં શરૂ કરવા માટે જરૂરી માર્ગદર્શન આપ્યુ હતુ.

કોરોના અંગે નિષ્ણાંતોનો મત ૬૦-૭૦ ટકાને ચેપ લાગશે પછી આ ભય જતો રહેશે

ગાંધીનગર

કોવિડ-૧૯ની મહામારી સામે ગુજરાત વ્યુહરચના, અમલીકરણ, દેખરેખ અને નિયંત્રણ માટે સરકારે રાજ્યના ખ્યાતનામ ડોક્ટરોના ગ્રુપ ઓફ એક્સપર્ટની રચના કરી છે. રવિવારે સવા બે કલાકથી વધારે આ ગ્રુપના નિષ્ણાત તબીબોએ પત્રકારો સાથે સંવાદ કર્યો હતો. પદ્મ શ્રી ડો.તેજસ પટેલે ગુજરાતના નાગરિકોને કોરોનાનો ડર મૂકવા અપીલ કરી છે. આ નવી બીમારીને નાથવા હર્ડ ઈમ્યુનિટીના વિકલ્પ સંદર્ભે તેમણે કહ્યુ કે ૬૦-૭૦ ટકાને ચેપ લાગશે પછી આ ભય જતો રહેશે. માસ્ક, સોશિયલ ડિસ્ટન્સ અને વારંવાર હાથ ધોવા એટલે કે સેનિટાઇઝના કવચમા રહેવાની સલાહ સાથે તેમણે ગેધરિંગ ટાળવા સુચન પણ કર્યુ હતુ. જ્યારે પબ્લિક હેલ્થ એક્સપર્ટ ડો.દિલીપ માવલંકર તો એપ્રિલ મહિનામા અમદાવાદ શહેરમાં જ્યાં સૌથી વધુ પોઝિટિવ કેસ મળી રહ્યા હતા એ સેન્ટ્રલ ઝોનમા હવે નહિવત કેસ મળે છે. આ બદલાયેલુ ચિત્ર સ્વયં સ્પષ્ટ કરે છે કે કોટ વિસ્તારમાં હર્ડ ઈમ્યુનિટી ડેવલપ થઇ ગઇ છે !



ડો. માવલંકરે કહ્યુ કે, ૮૦ ટકા નાગરિકોને કોરોનાના કોઇ જ લક્ષણો હોતા નથી. સંદર્ભે એમણે કહ્યુ કે ભારતના ૭૦૦ જિલ્લામાંથી ૨૦ જિલ્લામાં જ ૭૦ ટકા કેસ છે. તેમાંય દિલ્હી, મુંબઈ, અમદાવાદ, થાણે અને ચેન્નાઈ એમ પાંચ જ મહાનગરોમાં સૌથી વધુ કેસ છે.

અમદાવાદમાં ઓબેસીટી, ડાયાબીટીસ, એનેમિક, હાઇ બ્લડ પ્રેશર જેવા રોગોનું પ્રમાણ પણ વધારે છે. તેવી સ્થિતિમાં વિલંબથી હોસ્પિટલ પહોંચ્યાની સ્થિતિમાં કોવિડ-૧૯ના દર્દી સામે દુનિયાની શ્રેષ્ઠ સારવાર પણ પાંગળી સાબિત થાય છે. કોરોના પણ એક દિવસ જતો રહેશે. ક્યારે જશે એ કહેવુ ઉતાવળિયું છે અમદાવાદના શાહપુર જેવા એક વોર્ડમાં એક લાખની વસ્તી હોય તો ૬૦ હજારને ચેપ લાગ્યો હોવો જોઇએ અને તેમનામા વાઇરલ લોડ નેગેટિવ પણ થઇને વાઇરસ ડેડ પણ થઇ ગયો હશે. આથી કંઇ બધાના ટેસ્ટની અનિવાર્યતા નથી. ભારતમાં ટીબીની તપાસ કરવામાં આવે તો ૪૦થી ૫૦ ટકા વસ્તીમાં ટીબી નિકળે. ચેપ અને રોગ બે અલગ બાબતો છે. ગુજરાતમાં સૌથી વધુ મૃત્યુ પણ આ વાઇરસથી ડરવા કે તેની સામે લડવાની જરૂર નથી. તેના રસ્તે જે આવશે તેને ચેપ લાગશે. માટે સાવચેતી જરૂરી છે. એમ કહેતા હાર્ટ સ્પેશ્યાલિસ્ટ ડો.તેજસ પટેલે જણાવ્યું કે, અગાઉ સ્વાઇન ફ્લુ પણ આવીને ગયો, ચિકનગુનીયા પણ ગયો અને આ પણ જશે. ભયમાંથી સૌને બહાર આવવુ જરૂરી છે.

ૈંઝેં એક્સપર્ટ ડો.મહર્ષિ દેસાઇએ ગુજરાતમાં ૬.૨૨ ટકા મૃત્યુદર અંગે કહ્યુ કે, વિશ્વ સ્તરે ત્રણથી પાંચ ટકા છે. તેને કંટ્રોલ કરવો શક્ય નથી. અમારા માટે એક તબીબ તરીકે આંકડા કરતા દરેક દર્દીને સારી સારવાર કેમ મળે અને રિકવરી વધે તેના ઉપર ધ્યાન આપવું જરૂરી છે. અમારૂ ઇનવોલ્વમેન્ટ હોલેસ્ટીક ટ્રીટમેન્ટનો છે.

ડો.વિકલ શાહે ૬૯૫ માસ્ક માત્ર મેડિકલ ટ્રીટમેન્ટ અને તેની સાથે જોડાયેલા પેરા મેડિકલ સ્ટાફ માટે જ હોવાનુ કહ્યા બાદ આરોગ્ય અગ્રસચિવ ડો.જંયતી રવિને અમુલના પાર્લરે રૂ.૬૫મા આવા માસ્ક કેમ વેચવામા આવ્યા ? આવા વેપારનો નિર્ણય લેતા પહેલા ડોક્ટરોને કેમ પુછયુ નહી તેવા સવાલો ઉઠતા તેમણે નાગરિકોને ચોઇસ આપ્યાનું કહીને ઢાંકપિછોડો કર્યો હતો.

રાજકોટમાં ૧, અમરેલીમાં ૧, જુનાગઢમાં ૧ અને ભાવનગરમાં ૩ કેસ પોઝિટિવ નોંધાતા વધી ચિંતા

રાજકોટ

આજે રાજકોટમાં ૧, જુનાગઢમાં ૧ અને ભાવનગરમાં ૩ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. રાજકોટમાં મહારાષ્ટ્રથી આવેલા યુવાનનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા તેને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામા આવ્યો છે. જ્યારે જુનાગઢનાં સાખડાવદરમાં રહેતાં ૭૦ વર્ષીય પુરૂષનો કોરોના રિપોર્ટ પોઝિટિવ નોંધાયો છે. ૭૦ વર્ષીય પુરૂષને કોરોનાના લક્ષણો જણાતા તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતા. આ સાથે જ ભાવનગરમાં અમદાવાદથી આવેલા એક યુવાનનો અને સરદાનગરમાં રહેતા ૫૩ વર્ષીય પુરૂષનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

અમરેલી જિલ્લામાં વધુ એક કોરોના પોઝિટિવ કેસ નોંધાયો છે. ચિતલ રોડ વિસ્તારમાં રહેતા ૮૦ વર્ષીય વૃદ્ધનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. વૃદ્ધ ૭ દિવસ પહેલા અમદાવાદથી અમરેલી આવ્યા હતા. અમરેલી જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૫ કેસ નોંધાયા છે. જેમાં ૭ લોકો સાજા થયા છે અને ૧નું મોત નીપજ્યું છે. જ્યારે ૭ દર્દી હાલ સારવાર હેઠળ છે.

ભાવનગરનાં વેળાવદરથી દારૂના જથ્થા સાથે ઝડપાયેલ ત્રણ આરોપીઓમાંથી એક આરોપીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ભાવનગર નજીકના ભડભીડ ગામના પાટીયા પાસેથી બે દિવસ પૂર્વે ટ્રાવેલ્સ બસમાંથી દારૂના જથ્થા સાથે ત્રણ આરોપીઓ ઝડપાયા હતાં.

વર્લ્ડ બ્રેઇન ટ્યૂમર ડેઃ બાળકોમાં ૨૬% કેન્સર માટે બ્રેઇન ટ્યૂમર્સ જવાબદાર

અમદાવાદ

દર વર્ષે ૮ જૂનનો દિવસ વર્લ્ડ બ્રેઇન ટ્યૂમર ડે તરીકે મનાવવામાં આવે છે, તેનો આશય બ્રેઇન ટ્યૂમર વિશે લોકોમાં જાગૃતિ લાવવાનો અને લોકોને જાણકારી આપવાનો છે. ભારતમાં સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ ટ્યૂમર્સના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે, જે અત્યારે ૧,૦૦,૦૦૦ની વસતિદીઠ સરેરાશ પથી ૧૦ની રેન્જમાં છે. જ્યારે બાળકોમાં વિવિધ પ્રકારના ૨૬ ટકા કેન્સર માટે બ્રેઇન ટ્યૂમર્સ જવાબદાર હોવાનું પણ એક સંશોધનમાં બહાર આવ્યું છે. મગજનાં કોઈ પણ ભાગમાં અસાધારણ કોષોનાં ઉત્પાદનને બ્રેઇન ટ્યૂમર કહેવાય છે. આ ગાંઠ મુખ્યત્વે બે પ્રકારની હોય છે — મેલિગ્નન્ટ ટ્યૂમર અને બીનાઇન. જ્યારે બીનાઇન બ્રેઇન ટ્યૂમર્સથી કેન્સરનું જોખમ હોતું નથી, ત્યારે મેલિગ્નન્ટ બ્રેઇન ટ્યૂમર્સ કેન્સરની ગાંઠો છે. જીવનના કોઈ પણ તબક્કામાં બ્રેઇન ટ્યૂમર થઈ શકે છે. જ્યારે કેન્સર શરીરનાં અન્ય અંગમાંથી મગજમાં પ્રસરે છે, ત્યારે મેટાસ્ટેટિક બ્રેઇન ટ્યૂમર કહેવાય છે. તમામ પ્રકારનાં કેન્સરમાંથી ૪૦ ટકા કેન્સર મગજમાં પ્રસરે છે.

બાળકોમાં મગજ અને સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ ટ્યૂમર્સ સૌથી વધુ સામાન્ય કેન્સર પણ છે, જે બાળકોના કેન્સરમાં ૨૬ ટકા હિસ્સો ધરાવે છે. ગુજરાતમાં હાથ ધરવામાં આવેલા ૯ વર્ષના અભ્યાસ (૨૦૦૬-૨૦૧૫)માં જાણકારી મળી હતી કે, પથી ૧૪ વર્ષની વય જૂથનાં કુલ ૨૪૨ બાળદર્દીઓમાંથી ૭૮.૧ ટકા બાળકોને પ્રાઇમરી બ્રેઇન ટ્યૂમર હતું. મહિલાઓ (૩૫.૯ ટકા)ની સરખામણીમાં પુરુષોમાં (૬૪.૧ ટકા) બ્રેઇન ટ્યૂમર્સ સામાન્ય હતું. બ્રેઇન ટ્યૂમર વિકસવા માટેનું જાણીતું જોખમી પરિબળ રેડિયેશન છે. બ્રેઇન ટ્યૂમર માટે ફેમિલી હિસ્ટ્રી અને ઠ-રેઝનો ઊંચો ડોઝ જોખમી પરિબળો છે. અન્ય કોઈ પણ કેન્સર કરતાં બ્રેઇન ટ્યૂમર્સમાં ૪૦ વર્ષથી ઓછી વય ધરાવતા પુખ્તો અને બાળકોનું વધારે મૃત્યુ થાય છે. બ્રેઇન ટ્યૂમરના સૌથી મોટા પડકારો પૈકીનો એક પડકાર એનું વહેલાસર નિદાન છે. બ્રેઇન ટ્યૂમરના નિદાન પર અપોલો હોસ્પિટલ્સના ડો.સોમેશ દેસાઈએ જણાવ્યું હતું કે, ‘‘બ્રેઇન ટ્યૂમરનો વહેલાસર સંકેત બહુ અસ્પષ્ટ છે અને એમાં દર્દી સ્વાસ્થ્ય સાથે સંબંધિત અનેક પડકારોમાંથી પસાર થઈ શકે છે. મગજમાં ગાંઠની સાઇઝ, એના પ્રકાર અને પોઝિશનને આધારે ચિહ્નો ચોક્કસ ન હોય એવું બની શકે છે. સામાન્ય ચિહ્નોમાં માથાનો અતિશય દુઃખાવો (સામાન્ય રીતે સવારે થાય છે), આંચકી આવવી, સતત ઊબકા અને ઊલટી અને/અથવા થાક, યાદશક્તિની સમસ્યા અને સુસ્તી સામેલ છે. કેટલાં ભાગમાં અસર થઈ છે એના આધારે વ્યક્તિ બોલવાની સમસ્યા, ચહેરામાં જડતા, દૃષ્ટિની સમસ્યા અને હલનચલનમાં ખામી જેવા ચિહ્નો અનુભવી શકે છે.

મંદિરોમાં હેન્ડ સેનેટાઈઝર બાદ જ પ્રવેશ મળશે અને માસ્ક પહેર્યો હશે તો દર્શન કરી શકશે

અરવલ્લીનું શામળાજી મંદિર, ખેડબ્રહ્માનું અંબાજી મંદિર અને ઊંઝાનું ઉમિયા મંદિર ખુલ્યું અંબાજી મંદિર ૧૨ જૂને અને મહેસાણાના બહુચરાજી અને શંખલપુરનું બહુચર માતાનું મંદિર ૧૫ જૂનથી ખુલશે

મહેસાણા

કોરોના મહામારીના કારણે લોકડાઉન લાગુ કરાતાં છેલ્લા અઢી મહિનાથી બંધ મંદિરો, જિનાલયો, ગુરુદ્વારા બંધ હતા તે આજે સોમવારથી દર્શનાર્થીઓ માટે ખુલ્યા છે. ત્યારે ઉત્તર ગુજરાતના સૌથી મોટા મંદિરો પૈકીના એક એવું શામળાજી મંદિર આજે ખુલ્યું છે. આ સિવાય સાબરકાંઠાના ખેડબ્રહ્મા સ્થિત અંબાજી માતાનું મંદિર અને મહેસાણાના ઊંઝાનું ઉમિયા મંદિર પણ ખુલ્યું છે.

મંદિરમાં દર્શન માટે સોશિયલ ડિસ્ટન્સ જાળવવા મંદિર સંકુલમાં કુંડાળા કરી દેવાયાં છે. કોરોના સંક્રમણ થતું અટકાવવા દર્શનના સમયમાં એક કલાક સુધીનો ઘટાડો કરાયો છે. મંદિરમાં શ્રીફળ, પૂજાપો વગેરે સાથે નહી લાવવા તેમજ મંદિરમાં ભક્તોને હાલ પ્રસાદ વિતરણ નહી કરાય. તમામ મંદિરોમાં હેન્ડ સેનેટાઈઝર બાદ જ પ્રવેશ મળશે અને માસ્ક પહેર્યો હશે તો દર્શન કરી શકશે. ભીડ થતી રોકવા ભક્તો આરતી સમયે હાજરી નહીં આપી શકે. ગુરુદ્વારામાં દર્શન ખુલશે પણ હાલ પ્રસાદનું આયોજન નહી કરાય.

આજથી ભગવાન શામળાજીના પુનઃભક્તોને દર્શને ઉમટ્યા છે. યાત્રાધામ શામળાજી પણ ૨૧ માર્ચથી ભક્તો માટે બંધ કરાયુ હતુ. ત્યારે ૭૯ દિવસના લાંબા વિરામ બાદ પુનઃ આજથી ભક્તો માટે ખુલ્યું છે. સરકારની ગાઈડ લાઈન મુજબ ટ્રસ્ટ દ્વારા ભક્તો દર્શન કરી શકે તેવી વ્યવસ્થા કરાઈ છે. મંદિરના મુખ્ય પ્રવેશ દ્વાર પર સેનેટાઇઝ કરી ટેમ્પરેચર ગન દ્વારા ટેમ્પરેચર માપ્યા બાદ મંદિરમાં પ્રવેશ અપાઈ રહ્યો છે. ત્યાર બાદ ભક્તોએ મંદિર પરિસરમાં સોશિયલ ડિસ્ટન્સ માટે બનાવાયેલા સર્કલમાં ઊભા રહી સોશિયલ ડિસ્ટન્સનું પાલન કર્યા બાદ અને માસ્ક ફરજીયાત પહેરવું પડશે. માસ્ક વગર આવેલા ભક્તોને મંદિર માસ્ક આપી રહ્યું છે. જ્યારે મંદિરની અંદર શ્રીફળ કે પ્રસાદ લઇ જઇ શકાશે નહીં. ભક્તો મંદિરમાં દંડવત પ્રણામ પણ નહીં કરી શકે. આરતીના સમયે ભક્તોને પ્રવેશ મળશે નહીં. મંદિર ટ્રસ્ટ દ્વારા ભોજન પ્રસાદ તેમજ લાડુની ગોટી પ્રસાદ બંધ રાખવામાં આવ્યો છે.

ખેડબ્રહ્માના પ્રસિધ્ધ અંબાજી મંદિર ખાતે સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે અને સેનિટાઈઝર કર્યા બાદ માસ્ક પહરેલા ભક્તોએ લાંબા સમય બાદ માતાજીના દર્શન કર્યા હતા. અહીં સરકારની ગાઈડલાઈન મુજબ ભક્તોને દર્શન કરવા દેવાયા છે.

મહેસાણા જિલ્લાના ઊંઝા ખાતે આવેલા ઉમિયા માતાજીના મંદિરના દ્વાર સોમવારથી ભક્તોને દર્શન માટે ખુલ્લા મૂકવામાં આવ્યા છે. ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા મંદિરમાં પ્રવેશ પહેલા દરેક ભક્તના હાથ સાબુથી ધોયા બાદ સેનિટાઈઝ કર્યા બાદ મોંઢે માસ્ક પહેરી સોશિયલ ડિસ્ટન્સની જાળવણી સાથે પ્રવેશ અપાયો હતો. અઢી મહિના બાદ માતાજીના મંદિર ખૂલતા હોઈ દર્શન માટે ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો, લાઇનમાં છાંયડો રહે તે માટે મંડપની વ્યવસ્થા કરાઈ છે. મંદિર ટ્રસ્ટ દ્વારા માઈભક્તોનું શરણાઈના સૂર સાથે સ્વાગત કરાયું હતું. માતાજીના મંદિરના શિખરે નવી ધજા ચડાવી હતી. આ સમયે સમગ્ર મંદિર પરિસર મા ઉમિયાના જયજયકારથી ગૂંજી ઊઠયું હતું.

લોકડાઉનના અઢી મહિનાના અંતરાલ બાદ અંબાજી મંદિર ભકતો માટે હવે ૧૨ તારીખને શુક્રવાર સોશિયલ ડિસ્ટન્સ, માસ્ક, સેનિટાઈઝીંગ સહિતની ગાઈડલાઈન સાથે ખુલ્લું મુકાશે. જેમાં ભક્તોને ટોકન આપી મંદિરમાં પ્રવેશ અપાશે.

યાત્રાધામ બહુચરાજીમાં બહુચર માતાનું મંદિર અને શંખલપુર ગામમાં આવેલું બહુચર માતાજીનું ૨૫૦૦ વર્ષ પ્રાચીન આદ્યસ્થાનક આગામી ૧૫ જૂનને સોમવારથી દર્શન માટે ખુલ્લુ મુકવાનો નિર્ણય કરાયો છે. જે બાદ ભક્તો માં બહુચરનાં દર્શન કરી શકશે.

સમી તાલુકાના વરાણા ગામ ખાતે આવેલા સુપ્રસિદ્ધ યાત્રાધામ આઈ શ્રી ખોડિયાર માતાજીના મંદિર સમગ્ર દેશમાં કોરોના વાઈરસના કેસ વધી રહ્યાં છે.માટે સંક્રમણ વધવાનો સમય વર્તમાન સમયમાં દેખાઈ રહ્યો છે. માતાજીના ધામે દૂરદૂરથી શ્રદ્ધાળુઓ દર્શનનો લાભ લેવા પધારતા હોય છે. માટે મંદિરમાં કામ કરતાં સફાઈ કામદારો કર્મચારીઓ અને દર્શનાર્થે આવતાં શ્રદ્ધાળુઓને કોરોના વાઈરસનો સંક્રમણ વધું ફેલાય નહીં તે હેતુસર મંદિર બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

શંખેશ્વર મુખ્ય જિનાલય આજે સેનેટાઈઝ કર્યા બાદ ૯ તારીખે પ્રથમ દિવસે માત્ર સ્થાનિક લોકો દર્શન કરી શકશે. ૧૦ જૂનથી સ્થાનિક અને ગુજરાતના તમામ યાત્રિકોને દર્શન કરાવવામાં આવશે. ૩૦ દિવસ બાદ ગુજરાત બહારના શ્રાવકોને દર્શન કરાવાશે.દેરાસર સવારે ૭ વાગે ખુલશે સાંજે ૪ વાગ્યા સુધીજ દર્શન થશે. એક જ ગેટથી એન્ટ્રી સાથે આઈકાર્ડ,માસ્ક અને સેનેટાઈઝ ટનલમાથી પસાર થઈ થર્મલ ઘન ટેસ્ટ કરાવ્યા પછી દેરાસર બહાર મંડપમાં સોશ્યલ ડિસ્ટન્સ સાથે બેસવાનું રહેશે. ૧૦-૧૦ યાત્રિકોને દેરાસરમાં લઇ જવામાં આવશે અને અંદર ૪ યાત્રિકો દર્શન કરશે દર્શન કર્યા બાદ તરત જ બહાર નીકળી મંડપમાં પોતાની જગ્યાએ બેસવાનું રહેશે. સાંજે ૭ વાગે આરતી કરશે સાંજની ભક્તિ ભાવના બંધ રહેશે, યાત્રિકોને સવારથી સાંજ સુધી જ ધર્મશાળામાં રહેવાનું રહેશે. રાત્રી રોકાણ કરવા દેવામાં આવશે નહી. પૂ.સાધુ, સાધ્વીજી ભગવંતો ૪--૪ના સમૂહમાં જ દર્શન કરવા જઈ શકશે અને અંદર ભક્તિ આરાધના કરવા બેસવા દેવાશે નહી.

જૂનાગઢ જિલ્લામાં કોરોનાના વધુ ચાર કેસ નોંધાતા તંત્ર દોડતું થયું

જૂનાગઢ

ગુજરાતમાં કોરોનાના કેસો સતત વધી રહ્યા છે, ત્યારે જૂનાગઢ જિલ્લાની મુશ્કેલીમાં વધારો થયો છે. જૂનાગઢ જિલ્લામાં આજે વધુ ૪ કેસ નોંધાયા છે. ૩ પુરુષ અને ૧ મહિલાને કોરોનાનો ચેપ લાગ્યો છે. આજે નોંધાયેલા ચાર કેસની વાત કરીએ તો ત્રણ કેસ ચોરવાડમાં અને એક સાખડાવદર ગામમાં નોંધાયો છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના વધુ ૪૮૦ કેસ નોંધાયા છે, જ્યારે વધુ ૩૦ દર્દીઓના મોત થયા છે. ગઈ કાલે ૩૧૯ દર્દીઓને સારવાર ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. રાજ્યમાં કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓનો આંક ૨૦ હજારને પાર પહોંચ્યો છે. રાજ્યમાં કુલ સંક્રમિત દર્દીઓની સંખ્યા ૨૦,૦૯૭ થઈ છે અને મૃત્યુઆંક ૧૨૪૯ પર પહોંચ્યો છે.

રાજ્યમાં આગામી પાંચ દિવસ મધ્યમ વરસાદની હવામાન વિભાગની આગાહી

અમદાવાદ

સમગ્ર રાજ્યમાં કોરોનાનો કહેર છે, ત્યારે આ માહોલ વચ્ચે ગુજરાતમાં વરસાદી માહોલ છવાયો છે, જોકે હજુ રાજ્યમાં ચોમાસું બેઠું નથી. હજુ આગામી પાંચ દિવસ અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગે આગાહી કરેલી છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, 'ઉત્તર ગુજરાત અને તેને સંલગ્ન દક્ષિણ રાજસ્થાનમાં અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું છે.

ઉત્તર ગુજરાત અને તેને સંલગ્ન દક્ષિણ રાજસ્થાનમાં અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન જેના પગલે આગામી પાંચ દિવસ દરમિયાન દમણ, દાદરા નગર હવેલી, સુરેન્દ્રનગર, મોરબી, જામનગર, રાજકોટ, મોરબી, જુનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, કચ્છ, નવસારી, સુરત, બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ ગાજવીજ સાથે મધ્યમથી ભારે વરસાદ પડી શકે છે.

રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં દિવસનું તાપમાન ૩૮ ડિગ્રીથી નીચે નોંધાયું હતું. અમદાવાદમાં દિવસ દરમિયાન વાદળછાયું વાતાવરણ રહ્યું હતું અને સરેરાશ તાપમાન ઘટીને ૩૪.૨ ડિગ્રી થઈ ગયું હતું. આગામી પાંચ દિવસ દરમિયાન અમદાવાદમાં હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવેલી છે.

કોરોના કાળ જોતા અમદાવાદ જગન્નાથ મંદિર અને ભદ્રકાળી મંદીર ૧૫ જુન સુધી રહેશે બંધ

ગાંધીનગર

અનલોક વનના પહેલા તબક્કામ હેઠળ ધાર્મિક સ્થાનો તેમજ મોલ હોટેલ રેસ્ટોરા સહિતના જાહેર સ્થળો ખૂલવા જઈ રહ્યા છે.ગર્વમેન્ટની ગાઈડલાઈન મુજબ સોશિયલ ડિસ્ટનિંગના નિયમો સાથે આ તમામ સ્થળો ખુલવા જઈ રહ્યા છે. જે નિયમોનું કડકપણે પાલન કરાવાશે. દેશમાં લૉકડાઉન ખુલ્યા પછી કોરોનાના કેસ સતત વધી રહ્યા છે તેવા સમયે જ અનલોક-૧ના ભાગરૂપે સોમવારથી મોલ, શોપિંગ સેન્ટર, હોટેલ્સ અને ધાર્મિક સ્થળો ખુલ્લા થશે.ત્યારે બીજી તરફ અમદાવાદ શહેરમાં કન્ટેન્ટમેન્ટઝોનમાં આવેલા મંદિર ખુલશે નહી. અમદાવાદનું જગન્નાથજી મંદિર કન્ટેનમેન્ટ ઝોનમાં હોવાથી મંદિર નહી ખુલે તેવો નિર્ણય કરવામાં આવ્યો છે. શહેરના બે મુખ્ય મંદિર નગર દેવી ભદ્રકાળી માતાનું મંદિર અને જગતના નાથ એવા ભગવાન જગન્નાથનું મંદિર દર્શનાર્થીઓ માટે ૧૫ જૂન સુધી બંધ રહેશે. સરકાર સાથે વાતચીત કર્યા બાદ આગળનો નિર્ણય લેવામાં આવશે.

અમદાવાદમાં પ્રેમ લગ્ન કર્યા બાદ યુવકે પકડી બીજા લગ્નની જીદ, નોંધાઈ ફરિયાદ

અમદાવાદ

એક તરફ 'બેટી બચાઓ બેટી પઢાઓ' ચળવળ ચલાવવામાં આવી રહી છે, ત્યારે બીજી તરફ સમાજમાં એવા પણ કિસ્સા સામે આવે છે જે ખરેખર શરમજનક છે. શહેરના સાબરમતી વિસ્તારમાં આવો જ એક એક કિસ્સો સામે આવ્યો છે. એક ૨૪ વર્ષની પરિણીતાએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરી છે. પરિણીતાએ તેના પતિ સહિત સાસરિયા સામે ગુનો દાખલ કરાવ્યો છે. ફરિયાદીનું કહેવું છે કે તેણે ૨૦૧૮ના વર્ષમાં ભાગીને પ્રેમ લગ્ન કર્યા હતા. થોડા દિવસ સુધી તેના સાસરિયાવાળાઓ તેને ખૂબ જ સારી રીતે રાખી હતી, પરંતુ બાદમાં માનસિક ત્રાસ આપવાનું ચાલુ કર્યું હતું. મળતી માહિતી પ્રમાણે ૨૧-૫-૨૦૧૯ના રોજ ફરિયાદીએ એક દીકરીને જન્મ આપ્યો હતો. ત્યારથી તેના સાસરિયા તેને મહેંણા-ટોંણા આપતા હતા અને દીકરીને કેમ જન્મ આપ્યો, દીકરાને કેમ જન્મ ન આપ્યો તેમ કહીને ગંદી ગાળો ભાંડતા હતા. આરોપી પતિ પણ ધમકી આપતો હતો કે, 'મારે તને રાખવી નથી. મારે બીજી પત્ની લાવવી છે.' આરોપી પતિ ફરિયાદીને ખૂબ માર મારતો હતો અને સાસુ-સસરા માર ખવડાવતા હતા. બાજુમાં રહેતી નણંદ પણ મનફાવે તેમ બોલતી હતી. એટલું જ નહી આરોપી પતિ ફરિયાદીને તેના ઘરેથી ૧૦ લાખ લઈ આવવા દબાણ કરતા હતા. આ મામલે કંટાળીને ફરિયાદીએ સાબરમતી પોલીસ સ્ટેશનમાં ૪૯૮(ક), ૩૨૩, ૨૯૪બી, ૫૦૬(૧), ૧૧૪ અને દહેજ પ્રતિબંધ અધિનિયન ૩,૭ મુજબ ગુનો દાખલ કર્યો છે.

આજથી વિદ્યાર્થીઓ વિના જ સ્કૂલો ખુલશે

૧૩ જૂન સુધી પ્રવેશ પ્રક્રિયા સહિતની કામગીરી કરાશે

કોરોનાના સંક્રમણને ફેલાતું રોકવા માટે લાગૂ લોકડાઉનના પગલે ઘણા દિવસોથી સ્કૂલોમાં કામકાજ બંધ કરાયું હતું

ગાંધીનગર

કોરોના વાઈરસના સંક્રમણને ફેલાતુ અટકાવવા માટે લાગૂ લોકડાઉનના પગલે છેલ્લાં કેટલાય દિવસોથી સ્કૂલોમાં કામકાજ બંધ કરવાની ફરજ પડી હતી. જો કે, હવે આજથી રાજ્ય સરકારની ગાઈડલાઈન પ્રમાણે, સ્કૂલોને ખોલવામાં આવશે. શિક્ષણ જગતના ઈતિહાસમાં આવું કદાચ પ્રથમ વખત થશે. જ્યારે વિદ્યાર્થીઓ વિના શિક્ષણ સત્રનો આરંભ કરવામાં આવ્યો હોય. ગુજરાત શિક્ષણ વિભાગના આદેશ પ્રમાણે, આજથી રાજ્યની ખાનગી, સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલો શરૂ કરવામાં આવશે. જો કે, આજથી ૧૩ જૂન સુધી સ્કૂલોમાં ધોરણ-૧ થી ૯માં પ્રવેશ, પાઠયપુસ્તકોનું વિતરણ અને પરિણામ તૈયાર કરવા સહિતની કામગીરી કરવામાં આવશે. આ માટે જરૂરિયાત પ્રમાણે સ્ટાફને શાળામાં બોલાવવામાં આવશે. જે બાદ ૧૫ જૂનથી ધોરણ ૩ થી ૧૨ના વિદ્યાર્થીઓને ઓનલાઈન અભ્યાસ કરાવવામાં આવશે. આ અંગે શિક્ષણ વિભાગના ઉપસચિવ સુબોધ જોશીએ પોતાના આદેશમાં જણાવ્યું છે કે, રાજ્યના શિક્ષણ વિભાગે સ્કૂલો શરૂ કરવાની સાથે જ કેટલાક નિયમો જાહેર કર્યા છે. જેમાં વિદ્યાર્થીઓને સ્કૂલોમાં ના બોલાવવા સાથે જ જરૂરિયાત પુરતા જ શિક્ષકોને શાળામાં બોલાવવાના રહેશે. આ આદેશ અનુસાર, ૧૫ જૂનથી ધોરણ-૩થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓને ઘરે બેઠા અભ્યાસ કરાવવામાં આવશે. આ માટે બાયસેગના માધ્યમથી ધોરણ અને વિષય પ્રમાણે અભ્યાસક્રમના પોગ્રામ તૈયાર કરવામાં આવ્યા છે. આ હોમ લર્નિંગ અંતર્ગત વિદ્યાર્થીઓના મોબાઈલ નંબર મેળવીને તેમને વિષય પ્રમાણે લિંક મોકલીને દૂરદર્શનના માધ્યમથી ભણાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, કોરોનાના કેસોમાં ચિંતાજનક વધારો થવાના પગલે વાલીઓ પણ વિદ્યાર્થીઓને સ્કૂલોમાં મોકલવા મામલે અસમજસની સ્થિતિ અનુભવી રહ્યાં છે. આ ઉપરાંત સરકારી સ્કૂલોમાં અભ્યાસ કરતાં બાળકો મોટાભાગે ગરીબ અને મધ્યમવર્ગમાંથી આવતા હોવાના કારણે તેમના વાલી પાસે સ્માર્ટ ફોન હોવાની શક્યતા ખૂબ જ ઓછી છે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં નેટની સમસ્યા સર્જાઈ શકે છે.

ચોટીલાના હાઈપ્રોફાઈલ કેસમાં સૌથી મોટો ખુલાસો

ધવલ મારો હાથ જોઈ ભવિષ્ય જોઈને મને જાળમા ફસાવી હતી : નીધી

અમદાવાદ

તરુણીઓને ભોળવીને ભગાડી જવાના કિસ્સાઓથી કૂખ્યાત લંપટ પ્રોફેસર ધવલ ત્રિવેદી ૨૦૧૮માં ફાંકડુ અંગ્રેજી બોલી ચોટીલામાં અંગ્રેજીના વર્ગા ખોલી એક તરુણીને ભગાડી ગયા બાદ આ મામલે સીબીઆઈની તપાસ શરૂ થઈ હતી. તેવા આ હાઈપ્રોફાઈલ કેસમાં રવિવારે ભાગી ગયેલી તરુણી 'માતા'ના રૂપે એક બાળક સાથે પોતાના મા-બાપના ઘરે આવી પહોંચી હતી. ત્યારબાદ તરૂણીએ લંપટ શિક્ષક અંગે ધડાધડ એક પછી એક ખુલાસાઓ કર્યા હતા. આ કિસ્સામાં ભોગ બનનાર તરૂણીનું નામ નીધી ખખ્ખર સામે આવ્યું છે. નીધી ખખ્ખરે લંપટ શિક્ષક અંગે એક પછી એક ખુલાસા કરતા આ હાઈપ્રોફાઈલ કેસમાં ગરમાવો આવી ગયો છે. CBIની પુછપરછમાં નીધીએ લંપટ શિક્ષકને લઈને અનેક ચોંકાવનારા ખુલાસા કર્યા હતા. નીધીએ જણાવ્યું કે, ભવિષ્યની વાતો કરીને ધવલ ત્રિવેદીએ મને પ્રેમજાળમાં ફસાવી હતી. તેઓ ટ્યુશનમાં મારો હાથ જોઈ વિદેશ યોગ હોવાનું કહી મને તેમના પ્રેમમાં ફસાવતા ગયા હતા. પરંતુ મને ભગાડી ગયા બાદ લંપટ ધવલ અંગે દોઢ મહિના બાદ મીડિયા દ્વારા મળી માહિતી મળી હતી. નીધી ખખ્ખરે CBIની પુછપરછમાં બન્ને જણાં કયા કયા રહ્યા તેને લઈને પણ ખુલાસા કર્યા હતા. નીધી ખખ્ખરે જણાવ્યું કે, લપંટ ધવલ ત્રિવેદી અને હું નામ બદલીને પટના, જમ્મુ, નેપાળ, બિહાર, UPમાં રહ્યા હતા. લપંટે મારી સાથે લગ્ન કર્યા વગર મારી મરજી વિરુદ્ધ એક બાળકને જન્મ આપ્યો હતો. નીધીએ ૧૨ માર્ચે પોતાના ઘર પાસે આવી હોવાનો પણ ખુલાસો કર્યો હતો, પરંતુ મારી ઘરમાં જવાની હિંમત ન થતા બહાર જ ઉભી રહી હતી. તેણે જણાવ્યું કે, મેં એક વખત આપઘાતની કોશિશ પણ કરી હતી. આ વિશે મળતી માહિતી પ્રમાણે, લંપટ શિક્ષક ધવલ ત્રિવેદી કેસમા સીબીઆઈની પુછપરછમા ચોટીલાની નીધી ખખ્ખરો નવા ખુલાસા કર્યા હતા. ધવલ મારો હાથ જોઈને અને એસ્ટોલોજી ભવિષ્ય જોઈને જાળમા ફસાવી હતી. ટ્યુશનમા આવતી નીધીનો હાથ જોઈને ધવલ ત્રિવેદી તારે વિદેશ યોગ છે આવી વાતો કરતો હતો, પરંતુ લંપટ શિક્ષક ધવલની અસલીયત મને દોઢ મહીના બાદ મીડીયા દ્વારા જાણવા મળી હતી, પરંતુ તે વખતે ખુબ મોડું થઈ ચૂક્યું હતું. તેણે જણાવ્યું કે, ધવલ ત્રિવેદી મને એકલો નહોતો મુકતો. તે સતત મારા પર વોચ રાખતો હતો. નીધીએ જણાવ્યું કે, લંપટ ધવલ ત્રિવેદી મુખ્તારસીહ અને નીધી નવનીતી કૌર નામથી બંને દેશમાં અલગ અલગ જગ્યાએ ફર્યા અને ત્યાં રહેતા હતા. ૨૨ મહીનામાં ધવલે મને પટના, જંબુ, નેપાળ, બિહાર, યુપી સહીતના શહેરમાં ફેરવી હતી. લંપટે નીધી સાથે લગ્ન નહોતા કર્યા, પરંતુ તેની મરજી વિરુદ્ધ એક બાળકને જન્મ અપાવ્યો હતો. જે હું ઈચ્છતી નહોતી.

અમદાવાદ લોકડાઉન પમાં માસ્ક વગર ભેગા ઉભા રહેલા ૧૨ યુવાનોની સેલ્ફી દ્વારા કરાઈ ધરપકડ

અમદાવાદ

લોકડાઉન પમાં અનલોક ૧ જાહેર થયા બાદ પણ પોલીસની કાર્યવાહી હતી તેમની તેમ જ છે. ત્યારે ઈસ્કોન બ્રિજ પર આનુ એક ઉદાહરણ જોવા મળ્યું. બારેક જેટલા જુવાનિયાઓ ગ્રુપ સેલ્ફી લેવા જતા તેઓને તેમની એક ક્લિક ભારે પડી હતી. આ મિત્રો ગ્રુપ સેલ્ફી લેવા જતા જ ત્યાંથી પોલીસ નીકળી અને પોલીસે મોઢે રૂમાલ ન બાંધનારા અને સોશ્યલ ડિસ્ટન્સ ન જાળવનારા આ મિત્રોની ધરપકડ કરી હતી.

અનલોકમાં પણ અનેક લોકો નિયમોનું પાલન ન કરતા હોવાના અનેક કિસ્સા સામે આવ્યા છે. ત્યારે એસજી હાઈવે પર પણ એક એવો કિસ્સો બન્યો જે જાણીને નવાઈ લાગે. એસજી હાઈવે પરના ઈસ્કોન બ્રિજ પર કેટલાક મિત્રો ટોળે વળીને માસ્ક પહેર્યા વગર સોશ્યલ ડિસ્ટન્સ જાળવ્યા વગર જ સેલ્ફી લેતા હતા. તેવામાં સેટેલાઈટ પોલીસની વાન ત્યાંથી પસાર થઈ હતી. પોલીસે ગાડી રોકીને આ તમામ લોકોની પૂછપરછ હાથ ધરી હતી. ત્યારે આ તમામ લોકો અનેક સમય બાદ બહાર ગ્રુપમાં નીકળ્યાં હોવાનું પોલીસને જણાવ્યું હતું. પણ કાયદાકીય કાર્યવાહી કરવા પોલીસ બંધાયેલી હોવાથી પોલીસે સહેજ પણ કચાશ રાખી ન હતી. પોલીસે આ તમામ લોકો સામે ગુનો નોંધી તેમની જાહેરનામા ભંગ ના ગુના બદલ અટકાયત કરી હતી. સેટેલાઈટ પોલીસે કાલુપુરમાં રહેતા મોહમદ ફાઈઝ શેખ, અદનાન ખાન પઠાણ, મહમદ ઈરફાન શેખ, મહમદ ઓસામા મલેક, બિલાલ સૈયદ, મુશરફ મલા, વેજલપુર માં રહેતા અબ્દુલા રજાક શેખ, જમાલપુરમાં રહેતા સાદ અલગોટાવાલા, આસ્ટોડીયામાં રહેતા અતિક ભવરવાલા, પાલડીમાં રહેતા ફઈમ સીધા, જમાલપુરમાં રહેતા સાકીબ મદોસરવાલા અને કાલુપુરમાં રહેતા મહમદ ઉજેર અરબ નામના યુવાનોની ધરપકડ કરી હતી.

અમદાવામાં સંતાન પ્રાપ્તિના મોહમાં પતિના ત્રાસથી કંટાળી પત્નીએ કર્યો આપઘાત

અમદાવાદ

'તારે સંતાનમાં દીકરો કેમ થતો નથી.' છેલ્લા ત્રણ વર્ષથી પતિના માનસિક ત્રાસના કારણે બોપલમાં પરિણીતાએ આત્મહત્યા કરી લેતા પતિ વિરુદ્ધમાં દુષ્પ્રેરણાની ફરિયાદ દાખલ થઈ છે. ઘૂમાં ગામમાં કહેતા રઘુવીરસિંહ ભાટીએ પોલીસ ફરિયાદ આપી છે કે વર્ષ ૨૦૦૮માં તેમની બહેનનાં લગ્ન જસવંતસિંહ પરમાર નામના વ્યક્તિ સાથે થયા હતા. જેમને સંતાનમાં એક દીકરી છે. જે છેલ્લા પાંચ વર્ષથી બોપલ ખાતે રહે છે. ચોથી જૂનના દિવસે તેમની બહેન અને બનેવી વચ્ચે નાસ્તા બાબતે ઝઘડો થતાં તેમની બહેને બેડરૂમમાં ગળેફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી છે. ફરિયાદીનો આરોપ છે કે છેલ્લા કેટલાક વર્ષથી તેના જીજાજી તારે સંતાનમાં દીકરો કેમ થતો નથી? કહીને તેમની બહેનને માનસિક ત્રાસ આપતા હતા. એટલું જ નહિ તેઓ માત્ર ફરિયાદી અને તેની પત્ની સાથે જ ફોન પર વાત કરવા દેતા હતા. બાકી કોઈની સાથે ફોન પર વાત પણ કરવા દેતા ન હતા. ચોથી જૂનના રોજ બંને વચ્ચે નાસ્તા બાબતે ઝઘડો થયો હતો અને તે દરમિયાન પરિણીતાએ બેડરૂમમાં જઈને ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે. સમગ્ર ઘટનાની જાણ ફરિયાદીને થતાં જ તેઓ તાત્કાલિક તેના ભાઈ અને અન્ય કુટુંબીજનો સાથે ત્યાં પહોંચ્યા હતા. ત્યારબાદ તેમણે તેના જીજાજી વિરુદ્ધમાં આત્મહત્યા માટે દુષ્પ્રેરણા બદલ ફરિયાદ દાખલ કરાવી છે.

મંદિરોના દરવાજા ખુલ્લા મુકાતા ભાવિકોએ ૭૭ દિવસો બાદ ભગવાનના દર્શન કર્યા

માસ્ક અને સોશિયલ ડીસ્ટન્સ જાળવવા સાથે મોલ, હોટલ, રેસ્ટોરન્ટ પણ આજે સવારથી શરૂ કરી દેવાયા

સુરત

૧૭ દિવસ બાદ આજથી નોન-કલ્સટર વિસ્તારોમાં મંદિર-મસ્જિદ, સહિત ધાર્મિક સ્થાનો ખુલ્યા છે. લાંબા સમય બાદ મંદિરોમાં આજે ભક્તોએ ભગવાનના દર્શન કરી પૂજા અર્ચના કરી હતી.

આજે અનલોક-૨નો પ્રારંભ થયો છે. અનલોક-૧માં રેડ ઝોન સિવાયના વિસ્તારોમાં ઘણી બધી છુટછાટ આપવામાં આવી હતી. ધંધા-રોજગાર શરૂ કરવા સમય મર્યાદાનો પણ વધારો કરવામાં આવ્યો હતો. અનલોક-૨માં ધાર્મિક સ્થાનો સહિત હોટલ-રેસ્ટોરન્ટ, શોપિંગ મોલને ખુલ્લા મુકવાની પરવાનગી આપવામાં આવી છે. ત્યારે સુરત શહેરમાં આજે સવારથી જ સુરત શહેરમાં મંદિરો સહિત ધાર્મિક સ્થાનો ખુલ્લા મુકાતા ભક્તોની અવર જવર શરૂ થઈ ગઈ છે. ધાર્મિક સ્થાનો ઉપર રાજ્ય સરકાર અને સ્થાનિક પ્રશાસન દ્વારા જાહેર કરાયેલી માર્ગદર્શિકા અનુસાર ભક્તોને મંદિરમાં પ્રવેશ આપવામાં આવી રહ્યા છે. તા.૨૪મી માર્ચથી લોકડાઉનનો અમલ થયો ત્યારથી ધાર્મિક સ્થાનો બંધ રાખવામાં આવ્યા હતા. ત્યારબાદ આજથી મોલ, હોટલ, રેસ્ટોરન્ટ અને ધાર્મિક સ્થળોને શરૂ કરવા પરવાનગી મળતા આજથી તમામ આ સ્થળો શરૂ કરી દેવામાં આવ્યા છે. આ પરવાનગી સાથે મનપા કમિ. બચ્છાનિધિ પાનીએ રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી ગાઈડલાઈનનું ચુસ્ત પાલન કરવાનું જણાવ્યું છે. તેમજ શહેરના કલસ્ટર વિસ્તારમાં મોલ, રેસ્ટોરન્ટ, હોટલ શરૂ કરવાની પરવાનગી આપવામાં આવી નથી.

કચ્છ કડવા પાટીદાર સનાતન મંડળ દ્વારા રક્તદાન શિબિર

આકસ્મિક રક્તની જરૂર પડેતો સંપર્ક કરવા અપીલ

સુરત

સમાજ સુધારક પૂજય કેસરા પરમેશ્વરા ની ૨૫૨ મી અને પરમ પુજય નારાયણ રામજી લીબાની ની ૧૩૭ મી જન્મ જયંતિ નિમિતે મહાદાન અંગદાન અને રક્તદાન થકી પુષ્પઅંજલી કાર્યક્રમ અંતર્ગત તા-૨/૬/૨૦૨૦ના રોજ કચ્છ કડવા પાટીદાર સનાતન યુવક મંડળે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરેલ હતું, જેમાં આજે ૩૩ યુવામિત્રોએ જેમાં મહિલાશકિતએ પણ ઉત્સાહ સાથે સ્વૈચ્છિક રક્તદાન કરી માનવતા દાખવી હતી.

કોરોના નામક ભયંકર રોગચાળાને નાબૂદ કરવામાં આપણા સર્વેનું યોગદાન હોય તેવી નેમ સાથે શ્રી ક.ક. પાટીદાર સનાતન યુવક મંડળ આપ સમક્ષ વિનંતી કરે છે.

લોકડાઉન દરમિયાન યુવામંડળના રક્તદાન અભિયાન કાર્યક્રમમાં ૩૩ યુનિટ તેમજ લોકડાઉન ૦૨ એપ્રિલ મહિનામાં ૫ વખત બ્લડ કેમ્પના આયોજન થકી ૨૦૭ બ્લડયુનિટ એકત્ર કરેલ હતું, આમ ૩૩ + ૨૦૭ ઉમેરો કરતાં કુલ ૨૪૦ રકતદાતાઓએ આ ઉમદા કાર્યમાં પોતાનું યોગદાન આપેલ છે.બ્લડ ડોનેશનના આ કાર્યક્રમમાં સંસદ શ્રી સી.આર. પાટીલ સાહેબ તેમજ ધારા સભ્ય શ્રી વિવેકભાઈ પટેલ તથા કોર્પોરેટર શ્રી નરેશભાઈ પટેલ હાજર રહી રકતદાતાઓ તેમજ આયોજક મિત્રોનો ઉત્સાહ વધાર્યો હતો, તેમજ આ ઉમદા કાર્યને બિરદાવેલ હતું. તમામ રક્તદાતા ને જરૂરી માસ્ક ની ભેટ આપવામાં આવી છે.આ સિવાય સુરત ના યુવા પ્રમુખ મુકેશ પોકાર દ્વારા ૨૪બાય૦૩ રક્તદાન આપવા ની જાહેરાત પણ કરવામાં આવી છે.. જે અંતર્ગત કોઈને પણ આકસ્મિક કે સત્વરે રકત ની જરૂર હોય તો તે ગ્રુપ મુજબ જરૂરિયાત ને દાન આપવા ની ટિમ કાર્યરત છે .

અમદાવાદ SVPમાં કોરોના વોરીયર્સ પગાર કપાત મુદ્દે અંદોલન છેડતા નિર્ણય પાછો ખેંચાયો

હડતાલ બાદ સ્ટાફને ૨૦% વધારે પગાર અને તેઓને ૨૫૦ રૂપિયાનું ઈન્સેન્ટિવ પણ અપાશે

અમદાવાદ

એક તરફ ગુજરાતમાં કોરોના વાયરસ અટકવાનું નામ નથી લઈ રહ્યો, કેસની સંખ્યા ૨૦ હજારને પાર પહોંચી છે ત્યારે અમદાવાદની SVP હોસ્પિટલનો ૭૫ ટકા નર્સિંગ સ્ટાફ હડતાળ પર ઉતરતા સરદાર વલ્લભભાઈ પટેલ હોસ્પિટલ ચર્ચામાં આવી છે. પ્રાપ્ત થતી જાણકારી પ્રમાણે, નર્સિગ સ્ટાફના પગારમાં ૨૦% થી વધારેનો કાપ મુકવામાં આવતા કોરોના વોરિયર્સ એવા નર્સિંગના કર્મચારીઓમાં રોષ ફેલાયો છે. વહેલી સવારથી નર્સિંગ સ્ટાફ હડતાલ પર ઉતરી ગયો છે અને કામથી અળગો રહ્યો છે. પૂરો પગાર આપવાની માગ સાથે સ્ટાફે હોસ્પિટલ કેમ્પસમાં જ ઘરણાં યોજયા હતા. સ્થિતિ વધુ વણસે તે પહેલા જ આ કપાત પગારનો નિર્ણય પરત લેવામાં આવ્યો હતો. બાદમાં હડતાળ પર ઉતરેલા SVP હોસ્પિટલના નર્સિંગ સ્ટાફને હોસ્પિટલ તંત્ર તરફથી ખાતરી આપવામાં આપવાની સાથે સાથે લેખિતમાં પણ જાણકારી આપવામાં આવી છે કે તેમનો પગાર કપાશે નહી. આ સાથે સાથે જે સ્ટાફ કોવીડ-૧૯ વોર્ડમાં ફરજ બજાવે છે, તે સ્ટાફને ૨૦ ટકા વધારે પગારની ચૂકવણી કરવામાં આવશે. આ ઉપરાંત તેઓને ૨૫૦ રૂપિયાનું ઈન્સેન્ટિવ પણ આપવામાં આવશે. જીફ નર્સિંગ સ્ટાફ હડતાળને લઈને અમદાવાદ મહાનગર પાલિકાએ UDS કંપનીને પત્ર લખીને નોટીસ ફટકારી છે અને વધુ ૨૦ ટકા પગાર ચૂકવવાના આદેશ પણ આપ્યા છે, આ સાથે જ એપેડેમિક નિયમ મુજબ ૨૫૦ નું ભથ્થું પણ આપવું પડશે.

એકસાથે ૨૦૦થી વધારે સ્ટાફના પગારમાં કપાત કરવામાં આવ્યો છે. આમ પગારમાં ૧૦ હજારથી ૧૨ હજાર રૂપિયા સુધીનો કાપ મુકવામાં આવતા નર્સિગ સ્ટાફના કર્મચારીઓમાં રોષ ફેલાયો હતો. આ સાથે જ કામ કરવું હોય તો કરો નહિ તો જોબ છોડી દેવાની ધમકી પણ આપવામાં આવી છે. તો સંચાલકોએ દ્વારા કંપની લોસમાં છે તેવું કહી બચાવ કર્યો હતો. આ ઘટનાને લઈને હોસ્પિટલનો ૭૫ ટકા સ્ટાફ ધરણાં પર ઉતર્યો હતો અને વહેલી સવારથી નર્સિંગ સ્ટાફ કામથી અળગો રહ્યો હતો. જો કે, ત્યારબાદ સત્તાધીશોએ પોતાનો નિર્ણય પરત ખેંચ્યો હતો. કર્મચારીઓમાં રોષ ફેલાયો છે. વહેલી સવારથી નર્સિંગ સ્ટાફ હડતાલ પર ઉતરી ગયો છે અને કામથી અળગો રહ્યો છે. પૂરો પગાર આપવાની માગ સાથે સ્ટાફે કેમ્પસમાં જ ઘરણાં કર્યા છે. કર્મચારીઓને ઈમેલ આવતા ખબર પડી હતી કે તેમના પગારમાં કાપ મુકવામાં આવ્યો છે. રાજય સરકાર દ્વારા કોરોનામાં ફરજ બજાવતા આવા વોરિયર્સને વધારાનું મહેનતાણું ચૂકવવાનો આદેશ કર્યો છે પરંતુ આ મહેનતાણું પણ ચૂકવવામાં નહી આવે ઉલ્ટાનો તેઓનો પગાર કાપી લેવામાં આવ્યો છે.વિરોધ દરમિયાન સિક્યુરિટી ગાર્ડ અને નર્સિંગ સ્ટાફ વચ્ચે બબાલ થઈ છે.

નાના વરાછામાં જુગાર રમતા પાંચ ઝડપાયા

સુરત

કાપોદ્રા નાના વરાછા શક્તિ વિજય સોસાયટીમાં આવેલા એક મકાનમાં પોલીસે દરોડા પાડી પાંચ જુગારીઓ પાસેથી ૩૦ હજાર રૂપિયા રોકડા કબજે કરી ધરપકડ કરી હતી. નાના વરાછા શક્તિ વિજય સોસાયટી મકાનમાં ભરત સોલંકી, અમીત પટેલ, સંજય પટેલ, નીતિન વણોદીયા તથા રાજુભાઈ વણોદીયા વગેરેઓ એક બીજા સાથે ગોળ કુંડાળુ વાળી તીન પત્તીનો હારજીતનો જુગાર રમતા હતા. કાપોદ્રા પોલીસે દરોડા પાડી ૩૦ હજાર રૂપિયા રોકડા કબજે કરી પાંચ જુગારીઓની ધરપકડ કરી હતી.

ઈચ્છાપોરની દુકાનમાં યુવકની આત્મહત્યા

સુરત

ચોર્યાસી તાલુકાના ઈચ્છાપોર ગામના ભંગારની દુકાનમાં એક યુવકે કોઈ અગમ્ય કારણસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હોવાનો બનાવ ઈચ્છાપોર પોલીસ મથકે નોંધાયો હતો. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ રાજસ્થાનના વતની અને હાલમાં ઈચ્છાપોર ઓએનજીસી ચાર રસ્તા પાસે આવેલ શોખીન મુબારી પઠાણની ભંગારની દુકાનમાં કામ કરતા રમેશભાઈ ચંદ્રે (ઉ.વ.૨૮) કોઈ અગમ્ય કારણોસર ભંગારની દુકાનમાં પંખા સાથે નાયલોનની દોરી વડે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરમાં એક જ દિવસમાં વધુ ૨૨ કોરોના કેસ નોંધાતા તંત્રમાં ગભરાટ

ગાંધીનગર

ગાંધીનગર શહેર અને જિલ્લામાં છેલ્લા ઘણા દિવસોથી કોરોનાના પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૨૦થી વધુ જ હોય છે આવી સ્થિતિમાં આજે કોરોના પોઝિટિવ ત્રણ વ્યક્તિઓના મોત થયા હોવાનું સામે આવી રહયું છે. કલોલના સુભાષપાર્કમાં રહેતા ૪૩ વર્ષીય પુરુષ પોઝિટિવ હોવાને પગલે ગાંધીનગર સિવિલમાં દાખલ હતો. આજે તેનું મોત નીપજયું છે.

જ્યારે સે-૭/એમાં રહેતી ૬૩ વર્ષીય મહિલાને તા.૪ જુનના રોજ ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેનો કોરોના રીપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ગઈકાલે રાત્રે તેણીનું મોત નીપજયું હતું. તો માણસાના દેલવાડામાં રહેતા ૭૫ વર્ષીય પુરુષને તાવ, કફ સહિતની તકલીફ હોવાના પગલે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આજે સવારે તેમનું મૃત્યુ નીપજયું હતું.

નસવાડીમાં બેંકના કર્મચારી કોરોના સંક્રમિત થતા બેંક ૭ દિવસ માટે બંધ કરાઈ

છોટાઉદેપુર

સમગ્ર ગુજરાતમાં કોરોનાનો કહેર જોવા મળી રહ્યો છે ત્યારે છોટાઉદેપુર જિલ્લાના નસવાડીના બોરીયાદ ગામની બેંક ઓફ બરોડામાં એક કર્મચારીને કોરોના પોઝિટિવ આવતાં ખળભળાટ મચી ગયો હતો. કર્મચારીને કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતાં જ બેંક સાત દિવસ માટે બંધ કરાઈ છે.

છોટાઉદેપુર જિલ્લાના નસવાડીના બોરીયાદ ગામની બેંક ઓફ બરોડાના કર્મચારીને કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતાં ખળભળાટ મચી ગયો હતો. કર્મચારીને કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતાં જ બેંક સાત દિવસ માટે બંધ કરાઈ છે. ૧૦૦ ગામના લોકો આ બેંક સાથે સંકળાયેલા હોવાથી તેઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. બેંકના કર્મચારીનો રિપોર્ટ પોઝિટિવ આવતાં બેંકના અન્ય ૧૦ કર્મચારીઓને કોરેન્ટાઈન કરવામાં આવ્યા છે જેના કારણે બેંક આગામી સાત દિવસ માટે બંધ કરવામાં આવી છે. નોંધયની છે કે, શનિવારે બેંક ઓફ બરોડાના કર્મચારીને કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતાં બેંકના અન્ય સ્ટાફને કોરેન્ટાઈન કરાયો છે. જેને લઈને બેંક આગામી સાત દિવસ સુધી બંધ કરાઈ છે.

મ.દે.ગ્રામસેવા સંકુલ, સાદરામાં કોરોના કાળમાં પશુપાલકોની ભૂમિકા અંગેનો વાર્તાલાપ યોજાશે

ગાંધીનગર

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા ખાતે તા-૦૯/૦૬/૨૦૨૦ના રોજ ૧૧:૦૦ થી ૧૨:૦૦ દરમ્યાન યોજાશે. સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલ પશુપાલકો સાથે ઓન લાઈન ઝૂમ એપ્લીકેશન દ્વારા વાર્તાલાપ કરશે. જેમાં ગુજરાતના જુદા જુદા ગામડાઓમાંથી પશુપાલકો ભાગ લેશે. કોવિડ-૧૯ ની અસરો, અર્થતંત્ર, સામાજિક અને માનસિક અસરો, કૃષિ અને પશુપાલન ઉપર અસરો. પર્યાવરણ ઉપર અસરો, પાણી ઉપર અસરો, લોકડાઉન વખતે બધા ઘરમાં હતા જયારે પશુપાલકોએ પશુપાલન વ્યવસાય કરી સમગ્ર દેશના લોકડાઉન જન સમૂહને દૂધ પૂરું પાડવાનું કામ કરી કેવી રીતે કોરોનાના યોદ્ધા તરીકે કામગીરી બજાવી તે અંગેનો વાર્તાલાપ કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ.નયનેશ વસાવા, શ્રી વિશાલ માંગરોળીયા, અને યુવાન અધ્યાપક ડૉ.મોતીભાઈ દેવુએ સમગ્ર વાર્તાલાપ નું આયોજન કર્યું છે.

સુરતમાં નવા ૪૭ કેસ નોંધાતા પોઝિટિવ કેસનો આંક ૨૩૩૩ પર પહોંચ્યો, વધુ બેના મોત અને ૪૫ દર્દી ડિસ્ચાર્જ થયા

કોરોનાના ગંભીર દર્દીઓમાં વધારો, ૧૮૨ની હાલત ગંભીર : મૃત્યુઆંક ૮૭ અને રિકવર થનાર કુલ દર્દીઓની સંખ્યા ૧૪૭૬

સુરત

મહાનગરપાલિકાના જણાવ્યા પ્રમાણે, નવા ૪૭ કેસ નોંધાતા શહેર જિલ્લામાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૨૩૩૩ થઈ ગઈ છે. વધુ બેના મોત થતા શહેર જિલ્લામાં કોરોનાનો કુલ મૃતાંક ૮૭ થઈ ગયો છે. શહેરમાંથી વધુ ૪૩ અને જિલ્લામાંથી ૨ દર્દીઓ કોરોનાને મ્હાત આપી સાજા થતા તેમને રજા આપવામાં આવી હતી. જેથી રિકવર થનાર દર્દીઓની સંખ્યા ૧૪૭૬ પર પહોંચી ગઈ છે.

મ્યુ. કમિશનરએ બંછાનિધિ પાનીએ જણાવ્યું કે, સુરત મહાનગરપાલિકાને સમુન પણ કહેવામાં આવે છે. હાથ ધોવાની રીત પણ સુમન રીતે અપનાવીએ તો ચેપથી બચી શકાય છે. સુ એટલે હાથનો શરૂઆતનો ભાગ મ એટલે હાથનો મધ્ય ભાગ અને ન એટલે નખને સારી રીતે ધોવા જોઈએ.

શહેરમાં કોરોનાના ૪૨ કેસ અને જિલ્લામાં ૫ કેસ નોંધાયા છે. જેમાં સૌથી વધુ કેસ કતારગામ ઝોનમાં ૧૬ કેસ નોંધાયા છે. જ્યારે સેન્ટ્રલ ઝોનમાં ૪, વરાછા-બી ઝોનમાં ૩, રાંદેર ઝોનમાં ૩, લિંબાયત ઝોનમાં ૬, ઉધના ઝોનમાં ૭ અને અઠવા ઝોનમાં ૩ કેસ નોંધાયા છે.

નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કોરોનાના દર્દીઓમાં દીન પ્રતિદીન ગંભીર દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. રવિવારે બપોરે સિવિલ હોસ્પિટલમાં ૧૮૨ દર્દીઓ ગંભીર હાલતમાં હોવાનું જાણવા મળ્યું છે. જેમાંથી ૫ વેન્ટીલેટર પર, ૨૭ બાઈપેપ પર અને ૧૫૦ દર્દીઓ ઓક્સિજન પર સારવાર લઈ રહ્યા છે.

ભેસ્તાનમાં સાત વર્ષમાં આવાસ ખખડી જતા ભ્રષ્ટાચારની તપાસ કરાવવા માંગ

મ્યુ. કમિશનરને રજૂ કરી કોર્પોરેટર દિનેશ કાછડીયાની આંદોલનની ચીમકી

સુરત

સુરત મનપાના જુદા જુદા વિભાગોમાં ચાલતા લોલંલોલનું એક ઉદાહરણ ભેસ્તાન ખાતે વર્ષ ૨૦૧૨માં બનેલા ઈડબ્લ્યુએસ આવાસો છે. જે માત્ર લાભાર્થીઓને સોંપાયાના માત્ર સાત વર્ષમાં જ ખખડી ગજતાં પોપડા પડવા માંડયા છે. તેમજ એકથી વધુ વખત આવી ઘટનાઓ બન્યા બાદ ભારે વિવાદ થતાં ભાજપ શાસકોએ આ આવાસો ખાલી કરાવી ત્યાંના રહીશોને ન્યાય આપવા તેમાં રિ ડેવલપમેન્ટ સ્કીમનો પ્રોજેક્ટ કરવા નક્કી કર્યુ છે. જેના માટે સૈદ્ધાંતિક મંજુરી માંગતી દરખાસ્ત શાસકો સમક્ષ મૂકવામાં આવી ગયેલાં અને ૩૦ કરોડથી વધુનું આંધણ કરી બનાવાયેલા આ આવાસોના કામમાં ગુણવત્તા નહીં જાળવવા બદલ ઈજારદાર અને કન્સલ્ટન્ટ્સ સામે હજુ સુધઈ કોઈ પગલાં લેવાયા નથી. આથી આ બન્ને અંગેની વિગતો પણ સ્થાયી સમિતિમાં રજુ કરવા ચેરમેન અનિલ ગોપલાણીએ આદેશ કર્યો છે. ત્યારે હવે આ મુદ્દે કોંગ્રેસના નગર સેવક દિનેશ કાછડીયાએ પણ મનપા કમિશનરને રજુઆત કરીન જણાવ્યું છે કે આ આવાસને ઈજારદારોએ જ મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી આવાસ યોજનાના પણ હજારો આવાસો બનાવ્યા છે તેથી તેની ગુણવત્તાની પણ તપાસ થવી જોઈએ તેમજ ઈજારદાર તેમજ કન્સલન્ટ સામે યોગ્ય તપાસ કરી નહીં લેવાય તો લોકોને સાથે રાખી ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

Gseb.org પર જોઈ શકાશે પરિણામ, ૮.૪૦ લાખ રેગ્યુલર વિદ્યાર્થીઓએ આપી પરીક્ષા

આજે ધોરણ-૧૦નું પરિણામ, લાખો વિદ્યાર્થીઓની ઈંતેજારીનો અંત

આ વર્ષથી બદલાઈલી પરીક્ષા પેટર્ન અને ગણિતનું હાર્ડ પેપર હોવાથી પરિણામ નીચું જવાની સંભાવના

ગાંધીનગર

આજે ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે એક મોટા ખુશખબર મળી રહ્યા છે. જે વિદ્યાર્થીઓએ ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા આપી હતી, તેના પરિણામની તારીખ જાહેર કરી દેવામાં આવી છે. આજે ધોરણ-૧૦નું પરિણામ જાહેર થશે. શિક્ષણ વિભાગ દ્વારા પણ વિદ્યાર્થીઓને કોઈ અગવડતા ના મળે તેની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. આવતીકાલે શિક્ષણ વિભાગની વેબસાઈટ પરથી ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ ઓનલાઈન પરિણામ જોઈ શકશે. ગાંધીનગર શિક્ષણ બોર્ડ દ્વારા આવતીકાલે ધોરણ-૧૦નું પરિણામ જાહેર કરવાનું હોવાથી તમામ તૈયારીઓ પુરી કરી લેવામાં આવી છે. ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ વહેલી સવારે ૮ વાગ્યાથી શિક્ષણ વિભાગની વેબસાઈટ www.gseb.org પર ઓનલાઈન પરિણામ જોઈ શકાશે. હા.. પરંતુ શિક્ષણ વિભાગ દ્વારા પરિણામની તારીખ જાહેર કરાઈ છે, પરિણામ પછી માર્કશીટના વિતરણની તારીખ પછી જાહેર કરાશે.

અત્રે નોંધનીય છે કે, આ વર્ષે ધોરણ ૧૦માં કુલ ૧૦.૮૩ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી. તેમની બોર્ડની પરીક્ષા પૂર્ણ થયાના બીજા દિવસથી દેશભરમાં કોરોના વાયરસને કારણે લોકડાઉન જાહેર કરી દેવામાં આવ્યું હતું. ધોરણ -૧૦ અને સંસ્કૃત પ્રથમા માર્ચ-૨૦૨૦ના ઉમેદવારોના ગુણપત્રક વિતરણની તારીખ હવે પછી પ્રસિદ્ધ કરવામાં આવશે તથા ગુણ ચકાસણી અને દફતર ચકાસણી વગેરે સુચનાઓ પત્ર અલગથી પ્રસિદ્ધ કરી સંબંધિત ને જાણ કરવામાં આવશે.

ભાવનગરમાં વધુ બે કોરોના પોઝિટિવ કેસ નોંધાતા તંત્રમાં ખળભળાટ

ભાવનગર

સમગ્ર ગુજરાતમાં દિવસે ને દિવસે કોરાનો કહેર વધતો જોવા મળી રહ્યો છે જયારે આજે ભાવનગરમાં વધુ બે પોઝિટિવ કેસ આવ્યા છે. યુવકની ટ્રાવેલ હિસ્ટ્રી અમદાવાદની સામે આવી હતી. પાંચ દિવસથી કોરોનાના લક્ષણો દેખાતા બન્નેના રિપોર્ટ કરવામાં આવ્યા હતાં ત્યાર બાદ બન્નેનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

ભાવનગરમાંમ આજે વધુ બે પોઝિટિવ નોંધાયા છે. ૨૯ વર્ષિય યુવક અને ૫૩ વર્ષના વૃદ્ધને છેલ્લા પાંચ દિવસથી કોરોનાના લક્ષણો દેખાતા બન્નેનો રિપોર્ટ કરવામાં આવ્યો હતો ત્યાર બાદ બન્નેનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. શહેરના સરદારનગર વિસ્તારના ૨૯ વર્ષિય યુવકનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ યુવકની ટ્રાવેલ હિસ્ટ્રી અમદાવાદની સામે આવી છે. જ્યારે ૫૨ વર્ષના વૃદ્ધનો રિપોર્ટ પણ પોઝિટિવ નોંધાયો છે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ઓનલાઈન ક્લાસ કાર્યરત કરાયા

સવારના ૭.૦૦ થી ૭.૫૦ સુધી ઓનલાઈન યોગ નિદર્શન કલાસ કાર્યરત

સુરત

યોગ એ માત્ર શારીરિક વ્યાયામ નહિ પણ સંપૂર્ણ ચિકિત્સા વિજ્ઞાન છે. દરેક રોગોનું સમાધાન યોગથી શક્ય બન્યું છે અને મેડિકલ સાયન્સે પણ આ સ્વીકારી લીધું છે ત્યારે, કોરોનાની મહામારીને નાથવા માટે અને ઈમ્યુનિટી વધારવા માટે યોગ માત્ર એક અસરકારક માધ્યમ પુરવાર થશે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા નાગરિકોની ઘરે બેઠા યોગ અંગે માર્ગદર્શન મળી રહે તે માટે તા. પમી જૂનથી તા. ૨૧મી જૂન-૨૦૨૦ દિવસ દરમિયાન ૧૭ દિવસ સુધી ઓનલાઈન યોગ નિદર્શનના ક્લાસ શરૂ કરવામાં આવ્યા છે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ઓનલાઈન કલાસ લેવામાં આવે છે. ખાસ કરીને લોકોની ઈમ્યુનીટી વધે અને લોકો યોગ કરતા થાય તે માટે તા.૦૫/૦૬/૨૦૨૦ થી તા.૨૧/૦૬/૨૦૨૦ એમ ૧૭ દિવસ સુધી ગુજરાત રાજય યોગ બોર્ડના ઓફીશ્યલ ફેસબુક ...uRs https://www.facebook.com/Gujaratyogboard/ ઉપરથી બોર્ડ દ્વારા સવારના ૭-૦૦ થી ૭-૫૦ સુધી ઓનલાઈન યોગ કલાસ ચાલુ કરવામાં આવ્યા છે. તેમજ મહિલાઓતથા બાળકો માટે સાંજના ૦૫-૩૦ થી ૬-૩૦ કલાક સુધી યોગ નિષ્ણાંત બહેનો મારફતે ઓનલાઈન યોગ કલાસ શરૂ કરવામાં આવ્યા છે.

ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા શરૂ કરવામાં આવનાર ઓનલાઈન યોગ કલાસથી લોકોને લાભ મળી રહયો છે અને લોકો ૧૦૦ સુર્ય નમસ્કાર કરવા માટેનો ચેલેન્જ પણ એકસેપ્ટ કરી રહયા છે. અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્વારા યોગ ચેલેન્જ સ્વીકારી યોગ અંગેનો ૦૩ મિનિટનો વિડીયો બનાવી અપલોડ કરવા અપીલ કરવામાં આવેલ છે જેના ભાગરૂપે પણ ગુજરાતમાંથી આ ચેલેન્જને સ્વીકારી યોગ બોર્ડના માધ્યમથી લોકોને જાગૃત કરી વિડીયો અપલોડ કરવા પ્રેરણા આપવામાં આવે છે. ૨૧ મી જુન, આંતરરાષ્ટ્રીય યોગ દિવસને સફળ બનાવવા માટે ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા તા.૦૫/૦૬/૨૦૨૦ થી તા.૨૧/૦૬/૨૦૨૦ સુધી ઓનલાઈનના માધ્યમથી ઓનલાઈન યોગ કલાસનિબંધ સ્પર્ધા, લેકચર સીરીઝ તથા વિડીયો ચેલેન્જ વિગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ ૨૧મી જુન વિશ્વ યોગ દિવસે ઓનલાઈન યોગ કાર્યક્રમમાં વધુને વધુ લોકો જોડાઇ તે માટે રજીસ્ટ્રેશન કરાવવા https://forms.gle/P9ckdBdPVPBJ1cAV8 જણાવવામાં આવે છે.

સુરત શહેરમાં બીજા દિવસે ઝરમર-ઝરમર વરસાદ

ચાર દિવસ સુધીમાં વરસાદ પડવાની આગાહી

સુરત

આજે સવારથી જ સુરત શહેરમાં વરસાદ વરસી રહ્યો છે. સમગ્ર સુરત શહેરમાં ઝરમર-ઝરમર વરસાદ પડી રહ્યો છે. સુરત મહાનગરપાલિકાના સબ કન્ટ્રોલના જણાવ્યા મુજબ આજે સવારે ૬ થી બપોરે ૧૨ વાગ્યા સુધીમાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ૧ મીમી, રાંદેર ઝોન વિસ્તારમાં ૨મીમી, અઠવા ઝોન વિસ્તારમાં ૧ મિમી વરસાદ નોંધાયો હતો.

સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વરસાદ પડી રહ્યો છે. સુરત જિલ્લાના ઓળપાડ, કામરેજ, ઉમરપાડા વિસ્તારમાં પણ વરસાદ વરસી રહ્યો છે. ગઈકાલે તો સુરત શહેરમાં મેઘરાજા મનમુકીને વરસ્યા હતા. શહેરમાં મેરાજાની મહેર સાથે વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓ પણ નોંધાઈ હતી.

સુરત શહેરમાં ઝરમર-ઝરમર વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. રાજયના હવામાન વિભાગે આગામી દિવસોમાં સુરત સહિત દક્ષિણ ગુજરાતના કેટલાક પંથકોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

સાયણ બ્રીજ નજીકની ખાડીનું પુરાણ ચોમાસામાં ખાડી પુર સર્જાવાનો ભય

ખાડીપુરાણ અંગે તપાસ યોજવા યુવા કોંગ્રેસની માંગ

સુરત

ઓલપાડના તાલુકાના સાયણ ગામમાં ઓવર બ્રીજની બાજુમાં આવેલ કપાતમાં જતી દુકાનોને તોડીને પાછળના ભાગે આવેલ ખાડીમાં પુરાણ કરી ગ્રામ પંચાયત દ્વારા દુકાનોની ફાળવણી કરવા બાબતે સુરત શહેર યુવક કોંગ્રેસ પ્રમુખ જયેશ દેસાઈ દ્વારા જિલ્લા વિકાસ અધિકારીને આવેદન પત્ર પાઠવી જણાવાયું હતું કે સુરતના વિકાસ અર્થે ઓલપાડ તાલુકાના સાયણ ખાતે ફલાય ઓવર બ્રીજ બનાવવામાં આવેલ છે. વિકાસ અર્થે બનાવેલ બ્રીજના કારણે તેની આસપાસની ઘણી દુકાનો રોડ કપાતના કારણે ડીમોલેશન થાય તે પહેલા હમોને જાણવા મળેલ મુજબ સાયણ ગામના ડે.સરપંચે અસરગ્રસ્ત દુકાનોનો શિફટ કરી આપવા માટે દુકાનની પાછળના ભાગે આવેલ ખાડીને મસમોટું પુરાણ કરી ઓલપાડના ધારાસભ્યશ્રીના હસ્તે ખાતમુહુર્ત પણ કરાવી દીધું.

ખાડીનું પુરાણ કરી કોઈપણ પ્રકારની પરવાનગી લીધા વિના દુકાનો બાંધી શકે ખરા? બ્રીજ રોડ કપાતમાં ઉપરોકત દુકાનોની સામેની સાઈડ એ પણ કેટલાક રહેણાંક મકાનો અને દુકાનોની જગ્યા રોડ કપાતમાં ગઈ છે તો શું સાયણ ગ્રામ પંચાયતના ડે.સરપંચ તેમને પણ વૈકલ્પિક જગ્યા ફાળવશે તો ગ્રામ પંચાયત પાસે વૈકલ્પિક જગ્યા ફાળવવાની કોઈ સત્તા ખરી?

હાલ ચોમાસાની મોસમ શરૂ થવાની હોય ખાડી પુરાણ કરવાથી ચોમાસા દરમિયાન પાણીનું નિકાલ થશે કે એ મોટો વિકટ પ્રશ્ન સાથે ખાડીપુર આવવાની સંભાવના હોય પ્રિ-મોનસુન કામગીરી પર પણ શંકા જાય છે. ઉપરોકત બાબતે રજુઆત છે કે, સ્થળ તપાસ કરી કસુરવારો સામે કાયદાકીય કાર્યવાહી કરી ખાડી પુરાણ રોકી મોનસુન કામગીરી હાથ ધરી તાત્કાલિક ખાડીને ખુલ્લી કરવામાં આવે. જો આ બાબતે યોગ્ય કાર્યવાહી કરવામાં નહિ આવે તો સુરત શહેર યુથ કોંગ્રેસ દ્વારા આપશ્રીની કચેરી સમક્ષ પ્રતિક ધરણા" કરી "તાળાબંધી" કરવામાં આવશે .

કડોદરામાં કેકેપી યુથ ક્લબ દ્વારા ઉકાળો વિતરીત કરાયો

આયુર્વેદિક ઉકાળાથી રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે

કડોદરા

પલસાણા તાલુકાના કડોદરા સ્થિત કચ્છીવાડીમાં કે.કે.પી. યુથ ક્લબ દ્વારા આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવતા બહોળી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો.

કોરોના વાયરસની સામે રોગ પ્રતિકારક શક્તિ વધારવા તથા રક્ષણ મેળવવા માટે ઘણાં આયુર્વેદિક ઉપચાર હાથ ધરવામાં આવે છે. ત્યારે કડોદરા ખાતે કચ્છ કડવા પાટીદાર ભવનમાં ગૌરાંગભાઈ તથા સમાજના અગ્રણી કમલેશ ભાણજીભાઈ પોકારની આગેવાની હેઠળ કે.કે.પી.યુથ ક્લબના યુવાનો દ્વારા લીમડો, પીપળો, ગલોઈ, તુલસી વગેરેની વનસ્પતિમાંથી આયુર્વેદિક ગરમ ઉકાળો બનાવવામાં આવ્યો હતો. તેનું વિતરણ કડોદરા સહિત જુદા જુદા વોર્ડમાં પણ કરવામાં આવતા આ આયુર્વેદિક ગરમ ઉકાળાનો સેંકડોથી પણ વધુના બાળકો યુવાનો મહિલાઓ તથા વૃદ્ધોએ લાભ લીધો છે.

હાઉસ ટુ હાઉસ સર્વેમાં ૭,૭૪,૮૬૪ વસ્તીને આવરી લેવાઇ

જિલ્લામાં ૨૩ કોરોના પોઝિટિવ પૈકી ૧૫ દર્દીઓને ડિસ્ચાર્જ કરાયા

નવસારી

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે નવસારી જિલ્લામાં તા.૦૭/૦૬/૨૦૨૦ ના રોજ ૮૨ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાં નવસારી- ૧૪, જલાલપોર-૩૩, ગણદેવી- ૧૧, ચીખલી- ૦૯, ખેરગામ-૦૫ વાંસદા- ૧૦ સેમ્પલ લેવામાં આવ્યાં છે. જેમાં અત્યાર સુધીમાં કુલ- ૩૪૮૮ સેમ્પલ લેવામાં આવ્યા છે જે પૈકી ૩૩૭૬ સેમ્પલ નેગેટીવ આવ્યા છે. જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેની ઘનિષ્ટ કામગીરી થઇ રહી છે. જિલ્લામાં પાંચમા રાઉન્ડમાં હાઉસ ટુ હાઉસ સર્વેમાં ૭,૭૪,૮૬૪ વસ્તીને આવરી લેવામાં આવી છે. પોઝીટીવ દર્દીઓ પૈકી મુંબઈ-૧૨, અમદાવાદ-૦૧, સુરત-૦૬, વલસાડ(ડુંગરી)-૦૧, ઓખા-૦૧ થી સંક્રમિત થયેલા છે. નવસારી જિલ્લામાં આજદિન સુધી કુલ-૩૩ કોરોનો પોઝીટીવ દર્દીઓ છે પૈકી -૧૫ દર્દીઓને ડિસ્ચાર્જ કરાયાં તેમજ ૦૧ દર્દીનું મૃત્યું થયું છે.

હાલમાં, નેહરૂ નગર-શહીદ ચોક, મેહુલ પાર્ક સોસાયટી, માસા મેવાસા, પોલીસ લાઈન જુનાથાણા, ભાટ- નેશનલ ફળિયા, પટવાશેરી જૈન દેરાસર, શિવગંગા સોસાયટી, જલાલપોર, સમીર ગાર્ડન ઈટાળવા, શ્રીજી એપાર્ટમેન્ટ, જુનાથાણા, નવસારી, નવસારી શહેરી વિસ્તારમાં વિરભદ્ર કોમ્પલેક્ષ, સ્ટેશન રોડ, ઠાકોરવાડી વિસ્તાર, અમરદીપ સોસાયટી વિજલપોર, કાંટસવેલ, વાંદરવેલા, કુકેરી, સરૈયા, બોરસી માછીવાડ તથા મોહનપુર એમ કુલ-૧૮ વિસ્તારો કન્ટેઈનમેન્ટ હેઠળ છે. કન્ટેઈનમેન્ટ વિસ્તારમાં ૯૧ મેડિકલ ટીમો દ્વારા કુલ ૧૩૬૪૨ વસ્તી, ૩૪૩૩ ઘરોનું સર્વે હાથ ધરવામાં આવે છે. તેમ નવસારી જિલ્લા પંચાયત, આરોગ્ય વિભાગ દ્વારા જણાવાયું છે.

માસ્ક પહેરો અને મોઢા પર હાથ ન અડકે તે જરૂરી છે: મ્યુનિ. કમિશનર

એક જ દિવસમાં એક લાખ કરતા વધુ લોકોને હોમિયોપેથીક દવાનું વિતરણ

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઈ કાલે તા.૭ જુનના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, દેશભરમાં કોરોના વાઈરસને કાબુ કરવામાં સુરત શહેરનો રીકવરી રેટ જે ૬૪ ટકા થયો છે. આજે ૫૫ વધુ દર્દીઓ સ્વસ્થ થયા હોવાથી ડિસ્ચાર્જ કરાયા છે. કુલ ૧૩૩૭ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે.

મ્યુ.કમિશનરશ્રીએ જણાવ્યું કે, બે વસ્તુથી આપણે ચેપથી દુર રહી શકીએ એક તો માસ્ક પહેરવા અને બીજુ મો પર હાથ ન અડકે તે ખૂબ જ જરૂરી છે. પોઝિટીવ કેસો પૈકી સૌથી વધુ સુરતના કતારગામ ઝોનમાંથી ગઈ કાલે ૧૭ કેસો મળી આવ્યા છે.

મ્યુ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું કે, આજની સ્થિતિએ ૭૦૬૩ લોકો હોમ ક્વોરેન્ટાઈન અને વિકેન્દ્રિત ક્વોરેન્ટાઈન સેન્ટરમાં ૪૪૦ લોકો છે. સમરસ ખાતે કોવિડ કેર સેન્ટરમાં ૧૯૫ લોકો છે. ૧૬૮૪ જેટલી ટીમો ડોર ટુ ડોર સર્વેલન્સ માટે કાર્યરત છે. સ્લમ વિસ્તારોમાં કુલ ૫૪ ફિવર ક્લિનીક ચાલુ કરવામાં આવ્યા છે. મોબાઈલ ફિવર ક્લિનીકમાં સૌથી વધુ લોકો જાય છે તેથી તેની સંખ્યા વધારવામાં આવી છે. ૬૦ જેટલી રિક્ષા દ્વારા કોવિડ અંગે જાગૃત્તિ લાવવામાં આવી રહી છે.

કોરોનામાં કોઈ પણ દર્દી જો શરૂઆતમાં જ સારવાર લેવાનું ચાલુ કરે તો તેની બચવાની સંભાવના ખૂબ જ વધી જાય છે. આજે એક લાખ કરતા વધુ લોકોને હોમિયોપેથીક દવાનું વિતરણ કરવામાં આવ્યું છે. મંદિરો કે અન્ય ધાર્મિક સ્થળોમાં જાય ત્યારે સેનેટાઈઝેશન અને સોશિયલ ડિસ્ટન્સ રાખવામાં આવે. કોવિડ હોસ્પિટલમાં સારવાર કરી રહેલા કોરોના વોરિયર્સ ખુબ જ જટીલ પરિસ્થિતિમાં સતત કામ કરે છે તેથી આપણે પણ તમામ તકેદારી રાખીએ અને કોરોના વોરિયર બનીએ.

નોંધનીય છે કે,સુરત શહેરના ૨૦૯૭ અને જિલ્લાના ૧૭૨ કેસો મળી કુલ ૨૦૯૮ કેસો નોંધાયા છે

સુરત શહેર પોલીસ દ્વારા વધુ એકસો વાહનો જપ્ત કરાયા

જાહેરનામાના ભંગ બદલ ચાર આરોપીઓની અટક

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સુરત શહેરમાં વધી રહેલા કોરોના વાયરસના કેસોને ધ્યાને લઈ શહેર પોલિસ દ્વારા આજ રોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૦૪ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. નિયમ વિરુદ્ધ કાયદાનો ભંગ કરતાં ૧૦૦ લોકોના વાહનો જપ્ત કરવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૫,૪૨૭ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાઓ બનાવીને ફરતા ૩૮,૦૬૭ જેટલા લોકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. સુરત શહેરમાં અનલોક-૧ના નિયમોનું કડકપણે પાલન કરાવવામાં આવી રહ્યું છે. જેથી કોરોના ની પ્રવર્તમાન સ્થિતિ અનુસાર શહેરીજનોએ માસ્ક પહેરવા, સોશ્યલ ડિસ્ટન્સ તેમજ લોકડાઉનના નિયમોનું જવાબદારીપૂર્વક પાલન કરવા અનુરોધ કરાયો છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવી રહી છે.

કેન્યામાં ઓલિમ્પિકની તૈયારી માટે ગયેલો મુરલી ગાવિત ડાંગ પરત ફર્યો

સુરત

કોરોના વાઇરસ કોવિડ ૧૯ ના કારણે સમગ્ર વિશ્વ પરેશાન બની ગયું છે. દેશ-વિદેશમાં વસેલા લોકો પોતાના વતન પહોંચવા આતુર હોય છે. આ તમામ લોકો જ્યારે કેવા કેવા સંજોગોમાં હેમખેમ પોતાના વતનમાં આવી પહોંચે છે ત્યારે તેઓની સફળતા નિહાળી ગર્વની લાગણી અનુભવી શકાય છે.

આંતરરાષ્ટ્રિય દોડવીર એવા ડાંગ એક્ષપ્રેસ મુરલી ગાવિત ને સૌ કોઇ જાણે છે. સમગ્ર ભારત દેશ,ગુજરાત રાજ્ય અને ડાંગ જિલ્લાનું ગૌરવ એવા આ પનોતા પૂત્ર આપણાં ભારત દેશને મેરેથોન દોડમાં ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ અપાવવાના ધ્યેય સાથે કેન્યામાં ઘનીષ્ઠ તાલીમ લઇ રહયો હતો. આ તાલીમ દરમિયાન સમગ્ર વિશ્વ કોરોના વાઇરસ ના કારણે પ્રભાવિત થતા થંભી ગયું છે. ત્યારે આવા કપરા સમયમાં આપણા વતનની યાદ અચૂક આવી જાય અને ભયના માહોલ વચ્ચે પણ વતનની વાટ પકડવા મન અધીરૂ બની જાય છે.

આજરોજ ટેલીફોનિક સંપર્ક થતા મુરલી ગાવિતે માહિતી આપી હતી કે ૫ જૂને મારી નૈરોબી થી મુંબઈની ફલાઈટ હતી અને ૬ જૂને હું મુંબઈ એરપોર્ટ પર આવી પહોંચ્યો હતો. ત્યારબાદ વલસાડ જિલ્લામાં હું સરકારી વ્યવસ્થામાં કવોરન્ટાઈન હેઠળ છું. સાત દિવસ પૂર્ણ થતા હું નિયમાનુસાર મારા કુટુંબીજનોને મળીશ.

કેન્યાથી નૈરોબી સુધીની યાત્રાની રસપ્રદ કહાની વર્ણવતા મુરલીએ જણાવ્યું હતું કે સૌપ્રથમ તો ભારત આવનાર વ્યક્તિઓના લીસ્ટમાં મારૂ નામ જ ન હતું. ત્યારે મારી મદદે સ્પોર્ટ મીનીસ્ટર,ડાંગ કલેકટરશ્રી એન.કે.ડામોર,સ્પોર્ટ ઓથોરિટી ઓફ ગુજરાત, સ્પોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, તેમજ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સહિત મીડિયાના મિત્રોના સંપૂર્ણ સહયોગ,ભલામણ અને જહેમતભર્યા પ્રયાસને કારણે આજે હું મારા દેશમાં વતન નજીક સહીસલામત રીતે આવી પહોંચ્યો છું.

સાથે સાથે નડિયાદના મારા સિનિયર કોચ ડો.મનસુખભાઈએ પણ ખુબ મદદ કરી હતી. ડાંગ જિલ્લા વહીવટીતંત્ર સહિત કલેકટરશ્રી એન.કે.ડામોર પણ વતન આવનારા લીસ્ટમાં મારૂ નામ સમાવેશ થાય તે માટે સતત પ્રયાસ કરતા હતા.નૈરોબીમાં રહેતા બીલીમોરાના અમીનભાઈએ મને તેમના ઘરે રહેવાની સગવડ કરી આપી હતી. મારા વતન આવવાના પ્રયાસને સફળ બનાવનારા તમામનો હું ઋણી છું.

કેન્યા ખાતે હું ઓલિમ્પિક મેરેથોન માટે કવોલીફાઈડ થવા તાલીમ લઈ રહયો હતો. સાથે યુરોપની ઈન્ટરનેશનલ કોમ્પીટીશન માટે પણ તૈયારી કરી રહયો હતો. ઉલ્લેખનિય છે કે મુરલી ગાવિત ૧૦,૦૦૦ મીટર ની મેરેથોનમાં સમગ્ર ભારતમાં પ્રથમ નંબરે છે.

કોરોના વાયરસના કેસો વધતા

કતારગામ ઝોનમાં વિવિધ સામાજીક અગ્રણીઓ સાથે મેયરની બેઠક

વાયરસને રોકવા મ્યુનિ. કમિશનર દ્વારા માર્ગદર્શન

સુરત

સુરત મહાનગર પાલિકાનાં અન્ય ઝોનની સરખામણીમાં હાલમાં નોર્થઝોન(કતારગામ)માં કોવિડ–૧૯ નાં કેસોમાં અચાનક ઉછાળો આવતા તેનાથી ચિંતીત થઈ સંક્રમિત કેસોની સંખ્યા કઈ રીતે ઘટાડી શકાય તે અંગેનું માર્ગદર્શન આપવા મ્યુનિ. કમિશ્નરશ્રી તરફથી મળેલ સુચના અન્વયે સુરત મહાનગરપાલિકાનાં નોર્થઝોન(કતારગામ) આંબાતલાવડી નજીક આવેલ પાટીદાર સમાજની વાડી ખાતે માન. મેયરશ્રી ડો. જગદીશભાઈ પટેલની અધ્યક્ષતામાં તેમજ મ્યુનિ. કમિશ્નશ્રીની પ્રેરક ઉપસ્થિતીમાં તા.૦૬/૦૬/૨૦૨૦નાં રોજ તબકકાવાર મીટીગોનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં (૧) સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦ દરમ્યાન નોર્થઝોન (કતારગામ) નાં માન. ધારા સભ્યશ્રીઓ, મ્યુનિ. સદસ્યો, જુદા જુદા સમાજનાં અગ્રણીઓ તેમજ જુદા જુદા ઉધોગોનાં અગ્રણીઓ હાજર રહયા હતા. (૨) બપોરે ૧૨.૦૦ થી ૧.૦૦ દરમ્યાન જુદી જુદી સોસાયટીનાં પ્રમુખશ્રીઓ હાજર રહયા હતા. (૩) બપોરે ૧.૦૦ થી ૨.૦૦ દરમ્યાન ડોકટર્સ એસોસીએશનનાં પ્રમુખો, કતારગામ ઝોનમાં ડોકટરી પ્રેકટીસ કરતા પ્રેકટીસનર્સ હાજર રહ્યા હતા. ઉપરોકત ગ્રુપ મીટીંગમાં સુરત મહાનગરપાલિકાનાં કતારગામ ઝોનમાં હાલમાં ઉપસ્થિત થયેલ વિપરીત સંજોગોમાં કોરોના વાયરસની મહામારીથી કઈ રીતે લડી શકાય, આ મહામારી દરમ્યાન જનતા તરફથી રાખવાજોગ સાવચેતી, આ મહામારીનાં કેસોમાં વધારો થતો કઈ રીતે અટકાવી શકાય તેમજ આ કામમાં મ્યુનિ. સદસ્યો, સોસાયટીઓનાં પ્રમુખશ્રીઓ, જુદા જુદા સમાજના અગ્રણીઓ તેમજ ડોકટર્સની ભુમિકાઓ અંગે મ્યુનિ. કમિશ્નરશ્રી, મેયરશ્રી તેમજ ડે. કમિશ્નર (હે. અને હો.) શ્રી આશિષભાઈ નાયક ધ્વારા સરળ ભાષામાં વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું.

એશિયાઈ દેશોની શાનદાર રેલી બાદ સેન્સેક્સમાં ૬૦૧ અને નિફ્ટીમાં ૧૭૭ અંકનો વધારો

અમદાવાદ

વૈશ્વિક શેરબજાર બાદ એશિયાઈ દેશોની શાનદાર રેલી બાદ આજે ભારતીય શેરબજારમાં જોરદાર ઉછાળો જોવા મળી રહ્યો હતો. બેંચમાર્ક ઈન્ડાયસિસમાં ૨% સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો. પરંતુ, મજબૂત રેલી નાના શેરમાં છે જેથી નાના રોકાણકારો ખૂબ ખુશ છે.

બીએસઈ સેન્સેક્સ ૬૦૧ અંકોના ઉછાળે ૩૪,૮૮૮ના લેવલે, જ્યારે નિફ્ટી ઈન્ડેક્સ ૧૭૭ અંક વધીને ૧૦.૩૧૯ના લેવલે ટ્રેડ કરી રહ્યાં હતા.. સેન્સેસમાં સમાવિષ્ટ ૩૦માંથી માત્ર નેસ્લે અને સન ફાર્માના શેરમાં નેગેટીવ ઝોનમાં ટ્રેડ થઈ રહ્યું છે,અન્ય બધા જ ૨૮ શેર પોઝિટિવ ઝોનમાં છે. આજે ફરી બેંચમાર્કને ઉપર ખેંચવામાં બેંકિંગ શેરનો મહત્વનો ફાળો છે. આ સિવાય રિલાયન્સ પણ જિયોના વધુ એક સોદા બાદ ૩% ઉછળ્યો છે. આજના હેવીવેઈટ ગેનર્સમાં ઍક્સિસ બેંક, ICICI બેંક,રિલાયન્સ , એક્સિસ બેંક અને HDFC Ltd છે.



ભરૂચના અંકલેશ્વરની સ્પેશ્યલ કોવિડ જયાબહેન મોદી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલ ૬ વર્ષનો બાળક સાજો થતા રજા આપવામાં આવી હતી હોસ્પિટલ સ્ટાફે બાળકને તાળીના અભિવાદન સાથે ઘરે રવાના કરવામાં આવેલ હતું.

આત્મહત્યા કરવા નિકળેલી નેપાળી પરિણીતો અભયમની ટીમે ઉગારી

રિક્ષા ચાલક પતિના શંકાભર્યા વર્તાવથી પત્ની ત્રાસી ગઈ હતી

સુરત

પતિ-પત્ની વચ્ચે વહેમ અને શંકાને આધારે ઉભી થયેલી ઝઘડાના બે કિસ્સામાં સફળ કાઉન્સેલિંગ દ્વારા અભયમ ટીમને બંને દંપતિ વચ્ચે સુખદ સમાધાન કરાવવામાં સફળતા મળી હતી.

કાપોદ્રા વિસ્તારમાં રહેતા રત્નકલાકાર તરીકે કામ કરતાં મૂળ નેપાળી બિરજુભાઈએ સુરતમાં પ્રેમ લગ્ન કર્યા છે, જેમને સંતાનમાં ચાર વર્ષની બાળકી છે, પત્ની દવા બનાવવાની કંપનીમાં નોકરી કરતી હોવાથી તેમને ક્યારેક ફેક્ટરીમાં વધુ કામ હોવાથી મોડું થાય છે, જેથી બિરજુ પત્ની પર શંકા રાખે છે અને આક્ષેપ કરે છે કે પત્ની કોઈની સાથે ફરવા જાય છે તેથી ઘરે આવતાં મોડું થાય છે. તે અવારનવાર મારઝૂડ પણ કરે છે. આ બાબતને લઈને પતિપત્ની વચ્ચે કેટલાક સમયથી તકરાર ચાલતી હતી. ગત રોજ આ જ મુદ્દે બંને વચ્ચે ઉગ્ર ઝગડો થયો હતો જેથી પત્ની ઘરેથી આત્મહત્યા કરવાના ઈરાદાથી નીકળી ગઈ હતી. જેથી તેમના એક પાડોશીએ અભયમ મહિલા હેલ્પલાઈનમાં કોલ કરી જાણ કરતા ઉમરા અભયમ રેસ્ક્યુ વાનના સ્ટાફે તાત્કાલિક મહિલાની શોધ આરંભી હતી. તાપી બ્રિજ પર આત્મહત્યા કરવાના ઈરાદાથી જતી આ મહિલાને સમજાવી ઘરે લાવ્યા હતા.

પતિ બિરજુને સમજાવ્યું કે પ્રાઈવેટ જોબમાં ક્યારેક જરૂર હોય તો કામ માટે વધુ સમય રોકાવું પડતું હોય છે. જેની જાણ પત્ની હવેથી તેમને મોબાઈલથી કરી દેશે. આમ, બંનેને એકબીજા પ્રત્યે વિશ્વાસ રાખવા સમજાવતા સમાધાન કરવામાં સફળતા મળી હતી.

આવા જ અન્ય એક કિસ્સામાં અમરોલી ચાર રસ્તા પાસેની સોસાયટીમાં રહેતી એક પરિણીતાનો અભયમ પર કોલ આવ્યો કે, રિક્ષાચાલક પતિ સંજય મારા ઉપર વહેમ રાખે છે કે હું તે કામ અર્થે બહાર હોય છે, ત્યારે હું કોઈ અન્ય પુરૂષ સાથે પ્રેમ સબંધ રાખી વાતો કરૂ છું. આવા નિરાધાર વહેમને કારણે તે ઘરે વ્યસન કરીને આવી પત્નીને મારઝૂડ કરે છે, ઘરમાં ચીજવસ્તુઓ અને ઘરવખરીની તોડફોડ કરે છે, બહારથી ઉછીના રૂપિયા લાવી પરત આપતાં નથી, જેથી દેવું વધી ગયું છે, અને લગ્નજીવનમાં અનેક સમય્યાઓ ઊભી થઈ છે. જેથી પોતાના પતિને સમજાવવા અભયમની મદદ મેળવી હતી.

અભયમ ટીમે મહિલાને સાંત્વના આપી હતી, પતિ ઘરે ના હોવાથી સાંજે ઘરે આવ્યાં બાદ અભયમ ટીમે મોબાઈલ કોલ કરી સંજયને પત્ની પર ખોટા વહેમ ન કરવા સમજાવી આ બાબતની ઊંડી ચર્ચા કરતા પતિને પોતાની ભૂલ સમજાઈ હતી, અને ભવિષ્યમાં ક્યારેય પત્ની પર શંકા ન કરવા ખાતરી આપી હતી.

અભયમ ટીમના અસરકારક કાઉન્સેલિંગના કારણે બે દંપતિની શંકા અને મતભેદો દૂર થયા હતા.

નેશનલ યુથ એવોર્ડ માટે અરજીઓ મંગાવવામાં આવી

પોર્ટલની લિંક પરથી નેશનલ યુથ એવોર્ડ માટે અરજી કરી શકાશે

સુરત

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય દ્વારા વર્ષ-૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ના નેશનલ યુથ એવોર્ડ માટે તા.૨૬/૬/૨૦૨૦ સુધીમાં દર્શાવેલ mygov પોર્ટલની લિંક પરથી અરજીઓ મંગાવવામાં આવી છે. આ એવોર્ડનો ઉદ્દેશ ૧૫ થી ૨૯ વર્ષની વયમર્યાદા ધરાવતા યુવાઓને તથા સેવાભાવી સંસ્થાઓને રાષ્ટ્રના વિકાસ તથા સામાજિક સેવાઓમાં સિદ્ધી મેળવવા માટે પ્રોત્સાહન પુરો પાડવાનો છે. વ્યક્તિ તથા સંસ્થાઓને સામાજિક સેવાઓ જેવી કે સ્વાસ્થ્ય, શોધ અને નવીનીકરણ, સાંસ્કૃતિક વારસો, માનવ અધિકારનો પ્રચાર, કલા અને સાહિત્ય, પ્રવાસ પરંપરાગત ઔષધિઓ સક્રિય નાગરિકતા, સમાજસેવા, રમત ગમત તથા સ્માર્ટ શિક્ષણ જેવી પ્રવૃત્તિઓ માટે આપવામાં આવે છે.

આ એવોર્ડ અંગેનુ ફોર્મ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, C/O જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી, જુની સિવીલ કોર્ટ બિલ્ડિંગ, પહેલો માળ, નાનપુરા, સુરત ખાતેથી મેળવી તા.૧૫/૬/૨૦૨૦ સુધીમાં કચેરી સમયે જમા કરાવી જવાનું રહેશે.

નવસારી જિલ્લા ડીડીઓ વિવિધ ગામોની મુલાકાતે

નવસારી

નવસારી જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી પ્રશસ્તિ પારીકે નવસારી તાલુકાના ઈંટાળાવા, સાતેમ અને નાગધરા ગામની મુલાકાત લીધી હતી.

ઈંટાળવા ગ્રામ પંચાયતની મુલાકાત દરમિયાન ૧૪ મા નાણાંપંચના કામોનું નિરિક્ષણ કર્યુ હતું. કોવિડ-૧૯ ના સંક્રમણના કારણે ઈંટાળવા ખાતે વંદે ભારત મિશન અંતર્ગત બનાવવામાં આવેલા કોરેન્ટાઈન ફેસીલીટીની મુલાકાત લીધી હતી. કોરેન્ટાઈન વ્યકિતઓનો સમયગાળો પુર્ણ થયેલા વ્યકિતઓ સાથે મુલાકાત કરી સરકારી સુવિધા અંગે તેઓનો પ્રતિભાવ જાણી તમામને શુભેચ્છા પાઠવી હતી. બી.આર.ફાર્મ ખાતે બનાવેલા કોરેન્ટાઈન સેન્ટરમાં વિદેશથી આવેલી વ્યકિતઓની મુલાકાત લીધી હતી.

જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી પારીકે સાતેમ અને નાગધરા ગ્રામ પંચાયત/મહેસૂલી વેરા વસૂલાત, પંચાયતની કામગીરી અંગે સમીક્ષા કરી હતી. મનરેગાના કામો, ૧૪ માં નાણાપંચના કામો, નાગધરા ગ્રામ પંચાયત, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ આંગણવાડી કેન્દ્રોની મુલાકાત લઈ ગામ વિશે માહિતગાર થયા હતાં.

રોજગાર કચેરી દ્વારા રીન્યુઅલની મુદ્દતમાં કરાયેલો વધારો

તા. ૩૧મી ઓગષ્ટ સુધીમાં રીન્યુઅલ કરી શકાશે

નવસારી

જિલ્લા રોજગાર કચેરી નવસારી ખાતે રોજગાર સેવાઓનો લાભ મેળવવા માટે જિલ્લાના ઉમેદવારોએ નોંદ્ધણી કરાવેલ હતી પરંતુ નોવેલ કોરોના વાઈરસ (કોવિડ-૧૯) ફેલાતા સમગ્ર ભારતમાં તા.૩૧/૦૫/૨૦૨૦ દરયિમાન લોકડાઉનને કારણે રોજગાર કચેરીઓને સેવાઓ મુલત્વી રહેતા જે ઉમેદવારો રોજગાર કચેરીમાં નામ નોંદ્ધણી ચાલુ રાખવા ઈચ્છતા હોવા છતાં નિયમસમય મર્યાદામાં નામ નોંદ્ધણી તાજી/રીન્યુઅલ કરાવી શકયા ન હોય તેમજ જે ઉમેદવારો તા.૦૧/૦૩/૨૦૨૦ થી તા.૩૦/૦૬/૨૦૨૦ સુધી રીન્યુ કરવાના થતા હોય તેવા ઉમેદવારો માટે નામ નોંદ્ધણી રીન્યુઅલ કરવાની મુદત તા.૩૧/૦૮/૨૦૨૦ સુધી લંબાવવામાં આવી છે. જેથી તા.૩૧/૦૮/૨૦૨૦ સુધીમાં જિલ્લા રોજગાર કચેરી, જિલ્લા સેવા સદન, ત્રીજામાળ, જુનાથાણા નવસારી ખાતે આવી નામ નોંદ્ધણી રીન્યુઅલ કરાવી લેવા જિલ્લા રોજગાર અધિકારી નવસારી દ્વારા જણાવાયું છે.

સુરતમાં લુંટારા બન્યા બેફામ, યુવાન પાસેથી મોબાઈલ છીનવી લુંટારા ફરાર

સુરત

બમરોલી ખાડી પુલ નજીક ટોરેન્ટ પાવરના પ્લાન્ટ પાસે ઉભેલા યુપીવાસી યુવાનને મોટરસાઈકલ સવાર બે લુંટારૂઓએ લૂંટી લીધો હતો. બાઈક પર આવેલા લૂંટારૂઓએ ક્યા કર રહે હો એવું પુછી ચપ્પુ વડે જાંઘના ભાગે ઈજા પહોંચાડી હતી. બાદમાં મોબાઈલ ફોન કિંમત અંદાજે ૯૫૦૦ની મત્તાની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. ખટોદરા પોલીસ મથકેથી મળતી વિગતો અનુસાર, પાંડેસરા કૈલાસ ચોકડી નજીક રવિનગર સોસાયટીના મકાન નંબર ૧૭૬માં રહેતો ટ્રેક્ટર ડ્રાઈવર સંતરામ સુબેદાર શુકલા(ઉ.વ.આ.૪૪) સાંજે સાત વાગ્યાના અરસામાં પોતાના ટ્રેકટર માટે મજૂરની શોધ માટે ગયો હતો.દરમ્યાન કૈલાશ ચોકડી નજીક બમરોલી ખાડી પુલના નાકા પર ટોરેન્ટ પાવરના પ્લાન્ટ નજીક પરિચીત સાથે ઉભો રહીને વાત કરી રહ્યો હતો.

ત્યારે મોટરસાઈકલ પર ૨૦થી ૨૫ વર્ષના બે લૂંટારૂઓ ઘસી આવ્યા હતા. જે પૈકી એક લૂંટારૂએ ક્યા કર રહે હો એવું પુછી ચપ્પુ વડે હુમલો કરી ડાબા પગની જાંઘમાં ઈજા પહોંચાડી શર્ટના ખિસ્સામાંથી મોબાઈલ ફોન કિંમત ૯૫૦૦ની મત્તાનો લૂંટીને ભાગી ગયા હતા. ઘટના અંગે સંતરામે ખટોદરા પોલીસ મથકમાં લૂંટની ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

સુરતમાં શુભ વાટિકાના ૧૦માં માળેથી પટકાતા આધેડનું મોત, કારણ અકબંધ

સુરત

ડિંડોલી વિસ્તારમાં આવેલી શુભ વાટિકા સોસાયટીમાં આધેડનું મોત નીપજયું છે. સોસાયટીની બિલ્ડીગ નંબર સીના ૧૦માં માળેથી આધેડ પટકાયા છે. આધેડ ૧૦માં માળેથી નીચે પટકાતા જ મોતને ભેટ્યાં છે. ૫૦ વર્ષીય આધેડનું ઘટના સ્થળે જ મોત નીપજતાં સ્થાનિકો દ્વારા તેના મૃતદેહ પર ચાદર ઓઢાડી પોલીસને જાણ કરાઈ છે. પોલીસે ઘટના સ્થળે પહોંચીને આધેડે આત્મહત્યા કરી કે કોઈએ તેની હત્યા કરી તે દિશામાં તપાસ હાથ ધરી છે.

મૃતકના પરિવારજનોએ કહ્યું કે, તેઓ આત્મહત્યા કરે તેવા કોઈ જ કારણો નહોતા. જેથી આધેડના મોતને લઈને રહસ્ય ઘેરાયું છે. ડિંડોલીની શુભ વાટિકા વિસ્તાર વધુ એક મોતની ઘટના સામે આવી છે.૧૦માં માળેથી આધેડ નીચે પટકાતા મોતને ભેટ્યા છે.૫૦ વર્ષીય આધેડના મોતને લઈને અનેક સવાલ ઉભા થયા છે.આધેડની આત્મહત્યા કે પછી હત્યા અંગેનું રહસ્ય ઘુંટાઈ રહ્યું છે. પોલીસે આ મામલે પ્રાથમિક તબક્કે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

બિહાર વિકાસ પરિષદ દ્વારા વઘઈમાં જરૂરીયાતમંદોને રાહત કીટનું વિતરણ

કોરોના સંકટમાં કે.કે.શર્માના નેતત્વમાં અવિરત માનવ સેવા

સુરત

બિહાર વિકાસ પરિષદ સુરત દ્વારા ગત ૬ તારીખ રવિવારના રોજ ડાંગ ખાતે વઘઈ વિસ્તારમાં કોરોના વાયરસની મહામારી દરમિયાન આવેલી આર્થિક મુસીબતમાં સહાય યજ્ઞ થવા આદિવાસી વિસ્તારમાં જરૂરિયાત મંદ લોકોને કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સ્થાનિક ધારાસભ્ય મંગલભાઈ ગાવિત પણ હાજર રહ્યા હતા. એ તેમના દ્વાાર પરિષદના સભ્યોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પરિષદના ચેયરમેન કે.કે.શર્મા , સંયોજક સુનિલ મિશ્રનું માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. દરમિયાન પરિષદના અધ્યક્ષ દિલિપભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. અને રાશનનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમની સાથે ધર્મેશ સિંહ , લોકેન્દ્ર સિંહ, અમલેશ સિંહ, રમેશ તિવારી, મુરારી સર્રાફ, કીર્તિ ભાઈ શાહ અને અન્ય સદસ્ય ઉપસ્થિત રહ્યા હતા.

આવી રીતે તો કોરોના વાયરસ અટકવાનું નામ નહિ લે...!!

વલસાડના ધરમપુર માલનપાડા કેરી માર્કેટમાં સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા, નિયમો નેવે મુકાયા

વલસાડ

જિલ્લામાં હાલ કેરીની સીઝન ચાલી રહી છે. જેને લઈને કેરીના વેપારીઓએ પોતાની દુકાનો શરૂ કરી છે. ખેડૂતો પાસે કેરી લેવી અને વેપારીઓને કેરી વેચવી આ માટે તેઓ દ્વારા એક નક્કી કરેલા સ્થળે માર્કેટ ઉભું કરવામાં આવ્યું છે જે પૈકી ધરમપુરના માલનપાડા ખાતે હેલીપેડ નજીક શરૂ કરવામાં આવેલું માર્કેટમાં જાણે કોરોના મુક્ત માર્કેટ હોય તેવુ અહીંયા કોઈપણ પ્રકારનું સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવામાં આવતું નથી. આ સાથે જ કોઈપણ વેપારી પાસે ન તો સેનીટાઈઝર છે કે ન તો કોઈ મજૂર અહીં કે આવનારા વેપારી પાસે કોઈપણ માસ્ક પહેરેલા જોવા મળે છે. અને સોશિયલ ડિસ્ટન્સ તો માત્ર કાગળ ઉપર જ શોભી રહ્યું હોય તેવું જણાઈ રહ્યું છે.

કેરી માર્કેટમાં સોશિયલ ડિસ્ટન્સના ઉડ્યા લીરેલીરા મહત્વનું છે કે આ કેરી માર્કેટમાં રાજસ્થાન, મહારાષ્ટ્ર, સુરત,



અમદાવાદ જેવા શહેરોમાંથી અનેક વેપારીઓ અહીં કેરી લેવા માટે આવી રહ્યા છે. જોકે આ તમામ જગ્યાઓ ઉપર કોરોનાના કેસ બહોળી સંખ્યામાં નોંધાયા છે. જેથી જિલ્લામાં પણ કલેક્ટરે જાહેરનામું બહાર પાડી માર્કેટમાં નિયમોનું કાયદેસર પાલન કરવા માટે જણાવ્યું છે, પરંતુ અહીં તો જાણે આખું માર્કેટ કોરોના મુક્ત હોય તેમ લોકોને કંઈ પડી જ નથી. અહીં આગળ જો માત્ર એક જ કેસ કોઈના સંપર્કમાં આવે તો ધરમપુર કેરી માર્કેટ વલસાડ જિલ્લા માટે કોરોનાનું મોટામાં મોટું રેડ ઝોન સાબિત થવાની પૂરેપૂરી શક્યતાઓ રહેલી છે,

પરંતુ આ તરફ ધ્યાન આપે કોણ?સોશિયલ ડિસ્ટન્સની કમીસોશિયલ ડિસ્ટન્સની કમીનોંધનીય છે કે ધરમપુર વિસ્તારમાં ચાલતી કેરી માર્કેટમાં રોજિંદા અનેક ખેડૂતો, વેપારીઓ અને મજૂર વર્ગ બહોળી સંખ્યામાં મુલાકાત લેતા હોય છે. જેમાં કોઈપણ ગાઈડલાઈન વિના ધમધમતા આ વિસ્તારમાં કોરોના સંક્રમિત થવાની શક્યતા ખૂબ જ વધી જાય છે. શું કલેકટર આ સમગ્ર બાબતે ધ્યાન આપી નિયમોનું પાલન ન કરનાર દુકાનદારો અને વેપારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરશે ખરા? તે જોવાનું રહ્યું છે.

સુરતના અડાજણમાં નશામાં ચૂર કાર ચાલકે સોસાયટીના બે વોચમેનને અડફેટે લીધા

સુરત

અડાજણ રિવર હાઈટ્સ કોમ્પલેક્સમાં નશામાં ચૂર એક કાર ચાલકે સોસાયટીના ગેટને ઉડાવી બે વોચમેન ને અડફેટે લીધા હોવાના ઝઝૂફ સામે આવ્યા છે. કાર ચાલક વકીલ હોવાનું બહાર આવ્યું છે. એટલું જ નહીં પણ આખી ઘટના બાદ દોડી આવેલી પોલીસ મધરાત્રે વકીલને પોલીસ સ્ટેશન લઈ ગયા બાદ વહેલી સવારે ત્રણ વાગ્યાની આસપાસ છોડી દીધો હોવાનું પણ સોસાયટીના પ્રમુખ ગજેન્દ્રભાઈએ જણાવ્યું છે. જોકે, આટલી મોટી ઘટના બાદ વકીલ પુત્રના પિતાએ પુત્ર સામે ફોજદારી ન થાય એ માટે તમામ ખર્ચ આપવાની બાંહેધરી આપી સમાધાન પણ કરી દીધું હોવાનું ગજેન્દ્ર ભાઈએ જણાવ્યું છે.

સિક્યુરિટી ગાર્ડ એ જણાવ્યું હતું કે ઘટના રવિવારની રાત્રે લગભગ ૧૧ વાગ્યાના અરસામાં બની હતી. પ્રસાદ અને બૈજનાથ નામના બે સિક્યુરિટી ગાર્ડ (ઈસા કંપનીના) ફરજ પર તૈનાત હતા. એવામાં મેઈન ગેટના પ્રવેશદ્વાર ઉપરથી એક કાર (ય્ત્ન-૦૫-ત્નદ્ર-૧૭૮૮)ના ચાલક શનિભાઈ પરમારે મેઈન ગેટને અડફેટે લઈ ફરજ પર તૈનાત બન્ને સિક્યુરિટી ગાર્ડને ઉડાવી કાર સોસાયટીની દીવાલ સાથે અથડાવી દીધી હતી. ઘટનાને લઈ હાજર તમામ સોસાયટીવાસીઓ દોડીને બન્ને સિક્યુરિટી ગાર્ડની મદદે પહોંચી ગયા હતા. ગજેન્દ્ર ભાઈ (સોસાયટીના પ્રમુખ) એ જણાવ્યું હતું કે ઘટના બાદ તપાસ કરતા ખબર પડી હતી કે કાર ચાલક વકીલ શનિભાઈ દારૂના નશામાં હતા.

રાત્રે પોલીસ આવીને શનિભાઈને લઈ ગઈ હતી. ત્યારબાદ મધરાત્રે ૩ વાગે છોડી દીધા હતા. શનિના પિતાએ વોચમેનની સારવારનો ખર્ચ અને જો આરામ કરવા માટે રજા પડે તો એટલા મહિના નો પગાર આપવાની બાંહેધરી આપતા સમાધાન થઈ ગયું હતું. હાલ એક વોચમેન બૈજનાથ ખાનગી હોસ્પિટલમાં દાખલ છે. તેને પગમાં ફ્રેક્ચર થયું હોય એવું પ્રાથમિક જાણવા મળ્યું છે. જયારે પ્રસાદ નામના ગાર્ડને સામાન્ય ઈજા થતાં પ્રાથમિક સારવાર બાદ રજા આપી દેવાઈ છે.

નવસારી નગર પાલિકા હદમાં વધુ બે કેન્ટેઈનમેન્ટ ઝોન જાહેર

કેન્ટેઈન મેન ઝોન વિસ્તારમાં પ્રતિબંધ હુકમ

નવસારી

હાલમાં કોરોનો વૈશ્વિક મહામારીના એક પછી એક જિલ્લાઓ ભોગ બની રહયાં છે. તેમાં નવસારી જિલ્લાનો પણ સમાવેશ થઈ ગયો છે. નવસારી નગરપાલિકા હદ વિસ્તારમાં બે કોરોના પોઝીટીવ કેસ નોંધાયો છે

જે અન્વયે નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ આર્દ્રા અગ્રવાલે મળેલી સત્તાની રૂએ નવસારી નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કી?મનં.૩ અંતિમ ખંડ નં.૨૫માં આવેલ શ્રી શ્રી બંગલોઝ પૈકીમાં એ-૧ થી એ-૮ને કન્ટોઈનમેન્ટ વિસ્તાકર તરીકે જાહેર કરવામાં આવ્યો છે. કન્ટેન્ટાઈન એરિયામાં પૂર્વે શ્રી શ્રી બંગ્લોનઝના એ-વિંગ અને બી-વિંગ વચ્ચેી આવતી કોમન કંમ્પોઉન્ડ વોલ જે એ-૮ બંગલાના પાછળથી શરૂ થઈ એ-૫ બંગલાના પાછળના ભાગ સુધીની સળંગ કંમ્પાઉન્ડજ વોલની હદથી શરૂ, પશ્ચિમે શ્રી શ્રી બંગ્લો?ઝના એ-વિંગના બંગલા નં.૧ અને પાછળના ભાગે આવેલ મેહુલ પાર્ક સોસાયટીની કોમન કંમ્પાલઉન્ડાથી શરૂકરી બંગલા નં એ-૪ સુધીની પાછળની સળંગ કંમ્પાસઉન્ડન વોલની હદ સુધી, ઉત્તરે દેવીના પાર્ક તરફ જતાં મુખ્યપ રસ્તા ઉપર આવેલ શ્રી શ્રી બંગલોઝના એ-વિંગમાં બંગ્લો નં એ-૧ અને એ-૮ વચ્ચે શરૂ થતાં રોડની હદથી શરૂ, દક્ષિણે શ્રી શ્રી બંગ્લોછઝના એ-વિંગ અંતર્ગત બંગલા નં.એ-૪ અને એ-૫ વચ્ચે એ-વિંગના પુરા થતાં રોડની હદ સુધીનો વિસ્તાર ચારે બાજુથી સીલ કરી તેમાંથી બહાર કે અંદરની અવર-જવર પ્રતિબંધિત કરવામાં આવ્યો છે.

નવસારી જિલ્લા મેજીસ્ટ્રેટ આર્દ્રા અગ્રવાલે મળેલી સત્તાની રૂએ નવસારી નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ ટીકા નં.૭૬ અને સી.સ.નં.૩૨૨૧માં આવેલ નેહરૂનગર વિસ્તા ૨ને કન્ટેઈનમેન્ટ વિસ્તા-૨ તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

ધાર્મિક સ્થળો ખોલવાની મંજુરી મળતા રાજપીપળામાં લોકડાઉનના પાલન બાબતે જાગૃતતા ફેલાવતા PSI કે.કે પાઠક



માત્ર કાયદો નો કોરડો વિંઝી લોકોને કાયદા નુ પાલન કરાવવામા નહીં માનતા આ પોલીસ અધિકારી આજે દરબાર રોડ સ્થિત શ્રી રત્ન ગણેશ મંદિર ખાતે ભક્તો સમક્ષ જોવા મળ્યા

રાજપીપળા

કોરોના મહામારી ત્યારબાદ આકરું લોક ડાઉન અને હાલ અનલોક-૧ આ તમામ પરિસ્થિતિ મા લોકો ને એક નવા જ પ્રકારના નિયંત્રણો નુ પાલન કરવા નો અનુભવ થયો પરંતુ લોકો આ બાબતો થી ટેવાયેલા નથી.અને વારંવાર નિયમો ભંગ થવા ની ઘટનાઓ અને પોલીસ નુ એ બાબતે કાયદાકીય વલણ એ એક કાયદા ની દ્રષ્ટિ એ યોગ્ય છે પરંતુ માત્ર કાયદાનો અમલ કરાવી ને લોકોને સુધારવા કરતાં માનવીય અભિગમ અપનાવી ને પણ લોકો ને કાયદા નુ પાલન કરાવી શકાય એવી વિચાર ધારા ધરાવતાં નર્મદા જીલ્લા ના પો.સ.ઈ. કે.કે પાઠક સતત લોકો માં અલગ છાપ ઉભી કરી પોલીસ પ્રજા નો મિત્ર હોવાના વાક્ય ને સાર્થક કરી રહ્યા છે.

ક્યારેક લોકો ને માસ્ક નુ વિતરણ કરી તો ક્યારેક ગુલાબ નું ફુલ આપી, તો ક્યારેક અનાજ ની કીટ નુ વિતરણ કરી પોતાનુ માનવીય વલણ અપનાવતા લોકો માં અલગ જગ્યા બનાવી છે, સ્ટેચ્યુ ઓફ યુનિટી ઉપર પણ ફરજ દરમિયાન કેટલાંય પ્રવાસીઓ ને તેમનુ ખોવાયેલો કીમતી સામાન કે વિખુટા પડી ગયેલા બાળકો ને તેમના વાલીઓ સુધી પહોંચાડવા ની કામગીરી એ તેમને લોકો મા સતત લોકપ્રિય બનાવી છે.

ત્યારે આવીજ વધુ એક માનવીય કામગીરી સાથે આજે PSI કે.કે પાઠક દ્વારા જોવા મળી જેમાં આજથી ધાર્મિક સ્થળો ને ખોલવાની મંજુરી મળતા શ્રદ્ધાળુઓ દર્શન માટે વધુ ભીડ કરીને સોશિયલ ડિસ્ટન્સ ના ધજાગરા ના ઉડાવી દે તે માટે રાજપીપળા દરબાર રોડ સ્થિત શ્રી રત્ન ગણેશ મંદિર માં કોરોના ને ગંભીરતા થી લેવા માટે ની અપીલ કરતાં અને ભક્તો ને માસ્ક વિતરણ કરતા જોવા મળ્યાં હતાં.

રાજપીપલામાં ૪૦૦ વર્ષ જૂનું હરસિદ્ધિ માતાનું મંદિર ૭૬ દિવસ બાદ ખુલ્લું મુકાતા ભક્તોએ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી



પ્રથમ દિવસે મોટી સંખ્યામાં ભક્તો સહિત નાંદોદ ધારા સભ્ય એ પણ સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે માતાના દર્શન કર્યા

રાજપીપળા

કોરોના મહામારી માં ૭૬ દિવસ લોકડાઉન માં ધાર્મિક સ્થળો બંધ રાખવામાં આવ્યા હતા. સરકારે અનલોક ૧ માં આજથી મૉલ, હૉટલો અને ધાર્મિક સ્થળો ખોલવાની મંજૂરી આપી છે. જેમાં નર્મદા જિલ્લાના રાજપીપળામાં આવેલું સુપ્રસિદ્ધ ૪૦૦ વર્ષ જૂનું હરસિદ્ધિ માતાનું મંદિર પણ ૭૬ દિવસ બાદ ખોલવામાં આવ્યું.

મંદિરમાં સોશિયલ ડિસ્ટન્સિંગ અને સરકારના દરેક નિયમનું પાલન કરવામાં આવ્યું હતું.માતાજીની સવારની આરતી પણ સમયસર ચાલુ કરવામાં આવી હતી.આ મંદિર સવારે ૭ વાગ્યાથી સાંજે સાત વાગ્યા સુધી જ ખુલ્લું રહેશે અને પ્રસાદ કે અન્ય ચઢાવો મંદિર માં લાવવા પર પ્રતિબંધ રાખવામાં આવ્યો છે.આજે સવારની આરતી માં ભક્તો માતાના દર્શનમાં ઉમટી પડ્યાં હતાં અને તમામ લોકોએ સોશિયલ ડિસ્ટન્સિંગના પાલન સાથે મંદિરમાં માતાના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી.

નાંદોદ ધારાસભ્ય પી.ડી. વસાવાએ પણ માતાજી ના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.અને જણાવ્યું હતું કે હું જ્યારે પણ રાજપીપળા આવું તો અવશ્ય માતાજીના દર્શન કરું છું હાલ કોરોના મહામારી ના કારણે જ્યારે ટ્રસ્ટ તરફથી નિયમો લાગુ કરાયા છે તો ભક્તોએ પણ એની કાળજી રાખવી જોઈએ.

હલદરવા ગામે ચકલા ફળીયામાં રહેણાક મકાનમાંથી જુગાર રમતા ૬ જુગારીઓને ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી



ભરૂચ

ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા એ પ્રોહીજુગારની ડ્રાઈવનો અસરકારક અમલ કરવા તથા જીલ્લામાં પ્રોહી/જુગારની ગે.કા. પ્રવુતી નેસ્ત નાબુદ કરવા આપેલ સુચના અનુસંધાને જીલ્લામાં પ્રોહી/જુગારની બદીઓ ડામવા તાબાના અધીકારી/પોલીસ માણસોની અલગ અલગ ટીમનું ગઠન કરવામાં આવેલ તે પૈકી આજ રોજ પો.સ.ઈ. એ.એસ.ચૌહાણનાઓ પોતાની ટીમ સાથે ભરુચ શહેરમાં પ્રોહી/જુગાર ના ગણના પાત્ર કેશો શોધી કાઢવા પેટ્રોલીંગમાં હતી દરમ્યાન મળેલ બાતમી આધારે ભરૂચ તાલુકાના હલદરવા ગામે ચકલા ફળીયામાં જુગાર અંગે રેડ કરી જુગાર રમતા ૬ જુગારીઓને જુગારના રોકડા રુપીયા તથા સાધનો સાથે કુલ મુદ્દામાલ ૧૩,૩૨,૫૨૦/- સાથે ઝડપી કાયદેસર ની કાર્યવાહી કરી આગળની કાર્યવાહી કરવા નબીપુર પો.સ્ટેમા સોપેલ છે.

પકડાયેલ આરોપીઓના નામ (૧)ભાવીનભાઇ ઉર્ફે ભાવિન ભરવાડ જગદિશભાઈ વૈષ્ણવ રહે. ચકલા ફળીયુ હલદરવા ગામ તા.જી.ભરુચ (૨) સીમ્પલભાઈ બળવંતભાઈ સોલંકી રહે.મકાન નં. સી ૧૧૪ મેઘદુત ટાઉનશીપ સ્વામીનારાયણ મંદીર ની બાજુમા તા.જી.ભરુચ (૩) નીલેષભાઈ ઈશ્વરભાઈ પાટણવાડીયા રહે. પાટણવાડીયા ફળીયુ ઝાડેશ્વર ગામ તા. જી. ભરુચ (૪) નરેંદ્રસિંગ અનુપસિંગ ગેહલોત રહે.મકાન નં.૫૭ સાંઈરાજ સોસાયટી ઝાડેશ્વર રોડ તા.જી. ભરુચ (૫) કલ્પેશભાઈ ઠાકોરભાઈ નીઝામા રહે.નીઝામવાડી ઝાડેશ્વર ગામ તા.જી. ભરુચ (૬) રાજુભાઈ નરેંદ્રનાથ તીવારી રહે.૧૫૫ આસોપાલવ સોસાયટી લીકરોડ તા.જી.ભરુચ

કબજે કરેલ મુદ્દામાલ : અંગ ઝડતીના રોકડા રૂ. ૨૫,૧૦૦/-,દાવ ઉપરના રોકડા રૂપીયા ૧૪,૪૨૦/- મોબાઈલ ફોન નંગ-૯ કિં.રૂ ૯૩,૦૦૦/-, ફોર વ્હીલ મહીંદ્રા xuv નંબર જીજે ૧૬ સીએચ ૮૦૦૫ કી.રૂ.૧૨,૦૦,૦૦૦/- મળી કુલ કિં.રૂ.૧૩,૩૨,૫૨૦/-

ડાંગ જિલ્લામાં આંગણવાડીના બાળકોને સુખડીનું વિતરણ

તમામ ગામોમાં સાત્વીક રસોઈનું વિતરણ

આહવા

કોરોના વાઈરસ કોવિડ ૧૯ સામે પ્રતિકાર માટે સાવધાનીના ભાગરૂપે રાજ્ય સરકાર કટીબધ્ધ છે. ત્યારે ડાંગ જિલ્લામાં પણ કલેકટરશ્રી એન.કે.ડામોરના માર્ગદર્શન હેઠળ માઈક્રો પ્લાનિંગ સાથે તમામ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરવામાં આવી રહી છે. આંગણવાડીના નાના ભુલકાઓ ભવિષ્યના ભારતના નાગરિકો છે. જેઓ તંદુરસ્ત બની રહે તે માટે કોરોના વાઈરસથી બચાવવા આંગણવાડી બંધ રાખીને તમામ બાળકોને સરકારશ્રી દ્વારા પોતાના ઘરે જ મે મહિનાના અંત સુધી બાલશક્તિ ટેક હોમ રાશન આપવામાં આવ્યું હતું.

પ્રોગ્રામ ઓફિસર શ્રીમતિ ભાવનાબેન ગેડિયાએ જણાવ્યું હતું કે સરકાર હજુ એક કદમ આગળ વધીને તમામ બાળકોને ફ્રેશ ખોરાક મળી રહે તે માટે ગરમા ગરમ સુખડી બનાવીને તેમના ઘરે જ પહોંચાડવા માટે આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા શ્રેષ્ઠ કામગીરી કરવામાં આવી રહી છે.જિલ્લાની તમામ આંગણવાડીના કેન્દ્રોના ૩ થી ૬ વર્ષના ૧૬,૫૦૯ બાળકોને આંગણવાડીમાં ઉપલબ્ધ અનાજ અને તેલના જથ્થાનો ઉપયોગ કરી અઠવાડિયામાં એકવાર સુખડી તૈયાર કરી બાળક દીઠ આપવાની રહેશે. જૂન માસ સુધી તેમજ જ્યાં સુધી આંગણવાડી કેન્દ્રો બંધ રાખવાની પરિસ્થિતિ ઉભી થાય ત્યાં સુધી આ પ્રકારનું આયોજન છે.

આહવા અને વઘઈ સી.ડી.પી.ઓ.જિગ્નાસા ચૌધરી અને સુબીર તાલુકામાં ભાનુબેન પટેલ આંગણવાડી કેન્દ્રો ઉપરથી પૂરક પોષણના ધોરણો જળવાઈ રહે તે માટે વ્યવસ્થા સંભાળી રહયા છે.આંગવાડી કાર્યકર, તેડાગર બહેનો ડાંગ જિલ્લામાં સફળતાપૂર્વક કામગીરી બજાવી રહયા છે.

સ્કૂલોમાં વિદ્યાર્થીઓ વગર નવા શૈક્ષણિક સત્રનો આરંભ કરાયો

શાળાઓ ખુલી પણ વિદ્યાર્થીઓની ગેરહાજરીના કારણે સંકુલોમાં સન્નાટો

સુરત

કોરોનાની મહામારી વચ્ચે આજથી શહેર અને જિલ્લાની ૧૩૦૦થી વધુ સ્કૂલોમાં શૈક્ષણિક કાર્ય ફક્ત શિક્ષકોની હાજરીમાં શરૂ થઈ ગઈ હતી. નર્સરીથી લઈને ધો.૧૨ સુધીના આઠ લાખથી વધુ વિદ્યાર્થીઓ સ્કૂલે ગયા વગર જ ઘરબેઠા તબક્કાવાર સ્ટડી મટીરિયલ્સના આધારે ઓનલાઈન ભણતા થઈ ગયા હતા. આવુ અત્યાર સુધીમાં પ્રથમ વખત જ બન્યું છે કે, વિદ્યાર્થીઓ સ્કૂલમાં ગયા વગર પણ સ્કૂલ શરૂ થઈ ગઈ હતી.

સમગ્ર વિશ્વમાં કોરોનાનો ભારે કહેર વર્તાઈ રહ્યો છે. ત્યારે સ્કૂલો ક્યારે શરૂ કરવાની ? તે એક પ્રશ્ન છે. આ પ્રશ્ન વચ્ચે આજથી ઉનાળુ વેકેશન પૂર્ણ થવાની સાથે જ નવુ શૈક્ષણિક સત્ર થવા જઈ રહ્યું છે. સુરત શહેર અને જિલ્લાની કુલ ૧૩૦૦થી વધુ સ્કૂલો અને આઠ લાખ વિદ્યાર્થીઓ કિકીયારી અને ચીસાચીસ વગર ખાલી ખમ ફક્ત શિક્ષકોની હાજરી સાથે શૈક્ષણિક કાર્ય શરૂ થઈ ગયું હતું.

રાજ્યગુરૂના જણાવ્યા પ્રમાણે ધો.૯ થી ૧૨ના વિદ્યાર્થીઓનું જૂન મહિનાનું મટીરિયલ્સ તૈયાર કરી દેવાયું છે. આ મટીરિયલ્સ સ્કૂલોમાં પહોંચાડાયું છે.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન હસમુખ પટેલે જણાવ્યું હતું કે, સ્કૂલો ચાલુ કરવાની સૂચના આપી પ્રવેશ પ્રક્રિયાની કામગીરી શરૂ થઈ છે. મોટાભાગના શિક્ષકો રોટેશન પ્રમાણે ક્વોરન્ટાઈનની કામગીરીમાં જોડાયા છે.

સુરતમાં બુટલેગર કાલુનું મર્ડરને કાઈમ બ્રાંચે ૧૮ કલાકમાં ગંગવોર ગણાવ્યું



સુરત

ઉધના રેલવે ગરનાળા પાસે વર્ષોથી દારૂનો વેપલો કરનાર બુટલેગર કાલુની મધરાત્રે નવાગામમાં રેલવે ટ્રેકથી આગળ સાંઈનગર સોસાયટીમાં તેના જ ઘરની બહાર આઠથી ૯ જણાએ ચપ્પુથી હુમલો કરીને હત્યા કરી નાખી. આ ગુનામાં અજજુ ઉર્ફ અજય, પવન ઉર્ફ ફર્યો અને રૂપેશ મરાઠેનું નામ સામે આવ્યું છે. કાલુની અંતિમયાત્રામાં હજારો લોકો જોડાયા હતા. તેથી સોસિયલ ડિસ્ટંસિંગના ધજાગરા ઉડ્યા હતા. કાલુની હત્યામાં ક્રાઈમ બ્રાંચે મોડી સાંજે પાંચને ડિટેઈન કર્યા છે. કોરોના ટેસ્ટ પછી તેમની ધરપકડ થશે.

નવાગામ સાંઈનગરમાં રહેતો કાલુ ઉર્ફ શંકર નામદેવ નિકમ વર્ષો પહેલા ઉધના ભીમનગર વસાહતમાં રહેતો હતો. ત્યારથી તે ત્યાં દારૂનો મોટા પાયે વેચાણ કરતો હતો. શનિવારે મધરાત્રે તેની પર હુમલો કરી હત્યા કરાઈ હતી. કાલુનું પોસ્ટ મોર્ટમ સ્મીમેર હોસ્પિટલમાં કરાયું હતું. ત્યાં સેંકડો લોકો ભેગા થયા હતા.ત્યાંથી કાલુના મૃતદેહને ભીમનગર વસાહતમાં લાવવામાં આવ્યો હતો.ત્યાં હજારો લોકો તેની અંતિમયાત્રામાં જોડાયા હતા.ત્યાંથી તેનો મૃતદેહ તેના ઘરે નવાગામ સાંઈનગર લાવવામાં આવ્યો હતો.ત્યાં પણ હજારો લોકો તેની અંતિમયાત્રામાં જોડાયા હતા.તેની અંતિમયાત્રાના સમયે એસઆરપી ગોઠવી દેવાઈ હતી.

કાલુની અંતિમ યાત્રામાં જોડાનારા ૪૦૦થી વધુના ટોળા સામે ડિંડોલી પોલીસે ગુનો નોંધ્યો છે. પોલીસ સમજી જ ન શકી કે અંતિમ યાત્રામાં આટલા બધા લોકો જોડાશે. પોલીસે એફઆઈઆરમાં લખ્યું છે કે લોકડાઉન દરમિયાન કાલુ લોકોને જમાડતો હતો અને મદદ કરતો હતો એટલે લોકો અંતિમ યાત્રામાં ઉમટી પડ્યા હતા.

કોરોના સામે મોદીના નેતૃત્વમાં ભારત મજબૂત લડત આપશે : ભરત સિંહ

ભાજપા દક્ષિણ ઝોનની વર્ચ્યુઅલ પત્રકાર પરિષદ યોજાઈ

સુરત

ભારતીય જનતા પાર્ટી– દક્ષિણ ઝોન દ્વારા આયોજીત પ્રથમ વર્ચ્યુઅલ પત્રકાર પરિષદમાં સંબોધન કરતા પ્રદેશ મહામંત્રીશ્રી ભરતસિંહજી પરમારે જણાવ્યું કે આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની મજબૂત નિર્ણાયક શક્તિના પગલે કોરોના જેવી ભયંકર મહામારી સામે ભારત મજબૂત લડત આપી શક્યું છે. કોરોના સામે વિશ્વના વિકસિત દેશો ઘુંટણીયે પડી ગયા છે ત્યારે ભારતે મજબૂતાઈથી લડત આપી તે આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની દ્રઢ ઈચ્છાશક્તિ અને ત્વરીત નિર્ણયશક્તિને આભારી છે. એક તરફ દુનિયામાં પ્રતિ એક લાખ લોકોમાં દર લોકો કોરોના સંક્રમિત હતા જ્યારે ભારતમાં આ આંકડો ૭.૯ જ રહ્યો. આ ઉપરાંત દુનિયામાં પ્રતિ એક લાખ લોકોમાં ૫ લોકોના મૃત્યુ થયા જ્યાં ભારતમાં આ આંકડો ૦.૩ જ રહ્યો.

કોરોનાગ્રસ્ત લોકોની સ્વસ્થ થવાની ટકાવારી પણ વિશ્વમાં સૌથી ઉંચી આપણા ભારત દેશની જ રહી એટલું જ નહિં ''વસુધૈવ કુટુંબકમ''ની ભાવનાને ઉજાગર કરતા આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે વિશ્વના ૧૨૦ થી વધુ દેશોમાં દવાઓનો જથ્થો મોકલીને ભારતની નવી શક્તિના વિશ્વને દર્શન કરાવ્યાં. આજની વર્ચ્યુઅલ પત્રકાર પરિષદમાં ઉપસ્થિત ગુજરાત સરકારના મંત્રીશ્રી ગણપતભાઈ વસાવાએ કેન્દ્ર અને રાજ્ય સરકારની કામગીરીને બિરદાવતા જણાવ્યું કે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોરોનાના સંકટને વહેલું ઓળખી લઈ યોગ્ય પગલાં લીધા જેને કારણે દેશ કોરોનાની મહામારી સામે સફળતાપૂર્વક લડી શક્યું. નાગરિકોને કોરોનાથી સુરક્ષિત રાખવા ઉચ્ચ ટેકનીક સાથે આરોગ્ય સેતુ એપને કાર્યાન્વિત કરી. દેશના ૧૨ કરોડથી વધુ લોકો આ આરોગ્ય એપ ડાઉનલોડ કરી ચૂક્યા છે.

નવસારી પોલીસે વધુ ૧૮ હજારનો દંડ વસુલ્યા

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

તા.૬ જુન સુધી નવસારી જિલ્લા પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરી કલમ ૧૮૮ આઈપીસી કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ હેઠળ ૯ ઈસમો સામે એફ.આઈ.આર તેમજ ૯ વ્યરકિતની અટક કરવામાં આવી છે. આજદિન સુધી ૧૧૬૯૫ સામે એફ.આઈ.આર. તેમજ ૧૩૧૪૮ ની અટકાયત કરવામાં આવી છે તા.૬ જુનના રોજ જિલ્લામાં ૨૪ વાહનો ડીટેઈન કરાયા હતા. તેમજ વાહનચાલકો પાસે રૂ.૧૮૦૦૦/- નો દંડ વસૂલ કરાયો હતો.

શહેરીજનોને અનલોક-૧નું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.

અઠવાગેટ રેલ રીઝર્વેશન સેન્ટર તત્કાળ કાર્યરત કરવાની માંગણી

સનિલ પટેલ દ્વારા ડીઆરએમને રજૂઆત

સુરત

પશ્ચિમ રેલવેના ઝેડઆરયુસીસી સભ્ય શનિલ પટેલે ડીઆરએમને કરાયેલી રજૂઆતમાં જણાવ્યું હતું કે રેલ્વે સ્ટેશન ખાતે આવેલ પબ્લીક રીઝર્વેશન સેંટર (પી.આર.એસ) તેમજ ઉધના રેલ્વે સ્ટેશન ખાતે આવેલ (પી.આર.એસ) હાલમાં રેલ્વે યાત્રીઓની ટીકીટ બુકીંગ તથા ટીકીટ કેન્સલેશન માટે કાર્યરત છે. તે જ રીતે અઠવાગેટ ખાતે આવેલ પબ્લીક રીઝર્વેશન સેંટર (પી.આર.એસ) ને ફરીથી શરૂ કરવા વિનંતી છે. અઠવાગેટ તથા અઠવાગેટ નજીક આવેલ અડાજણ વિસ્તારમાં આશરે ૧૦ લાખથી વધુ લોકો રહેતા હોય છે. તો આ તમામ નાગરીકોને રેલ્વેની ટીકીટ લેવા માટે તથા રેલ્વે ટિકીટ કેન્સલ કરાવવા માટે સુરત રેલ્વે સ્ટેશન તથા ઉધના રેલ્વે સ્ટેશન ખાતે જવુ પડતુ હોય છે. હાલમાં કોરાના નામની વૈશ્વીક મહામારી માં મહામારીના સંક્રમણનો વધુ ફેલાવો લોકોમાં ના થાય અને લોકો વચ્ચે શોસીયલ ડીસ્ટટન્સ જળવાય રહે તે માટે અને અઠવાગેટ અને અડાજણ ખાતે રહેતા લોકોને રેલ્વે ટીકીટ અંગેના પ્રશ્નોનું નિરાકણ થાય તે હેતુથી અઠવાગેટ ખાતે આવેલ પબ્લીક રીઝર્વેશન સેંટર (પી.આર.એસ) સત્વરે શરૂ કરવી આવશ્યક છે.

નર્મદા જિલ્લામાં પશુઓની દયનીય હાલત:જાહેર માર્ગો પર મરવા મજબુર

રાજપીપળા સંતોષ ચોકડી પાસે ત્રણ દિવસ થી બિમાર અશક્ત ગાય કણસતી રહી તંત્ર અને લોકો તમાશો જોતા રહયા ત્યારે નર્મદા જિલ્લા મા ગૈશાળા કયારે બંધાશે એ મોટો સવાલ

રાજપીપળા

નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળા મા રખડતાં ઢોરો નો ભારે ત્રાસ છે. રાજપીપળા નગર સહિત સમગ્ર જીલ્લા મા એક પણ ગૌશાળા ન હોય ખાસ કરીને પ્રાણી ઓ જયારે બિમારી મા સપડાય છે ત્યારે તેને સારવાર આપવી ખુબજ કઠિન થઈ પડતી હોય છે.પશુ દવાખાનુ છે પરંતુ તેની કેટલીક મર્યાદાઓને લીધે તમામ પ્રકાર ની સેવાઓ ઉપલબ્ધ નથી.અને ફરતી પશુ વાન ને પણ કોઈ કોલ કરે ત્યારે આવતી હોય કોઈને કોલ કરવાની પણ ફુરસદ નથી.પણ હા રસ્તે કણસતા જાનવરો ના વિડિઓ બનાવી સોસીયલ મીડિયા માં મુકવા નો સમય જરૂર મળે છે .

રાજપીપળા સંતોષ ચોકડી જેવા ભરચક અવર જવર વાળા વિસ્તાર માં છેલ્લા ત્રણ દિવસ થી એક ગાય કણસતી પડી હતી. આ ગાય નો કોઈ માલિક ગાય ની દયનીય હાલત જોઈ ત્યાં ફરક્યો જ નહોતો. ખેર આ ગાય અંગે



તસવીર : ભરત શાહ

પ્રાણી ક્રૂરતા અત્યાચાર નિવારણ (SPCA) કમિટી પાસે લાખો રુપિયાનુ ભંડોળ છતાં જિલ્લામાં ગૌશાળા નથી

નર્મદા જિલ્લા મા ઘણા સમય થી ગૌશાળા બનાવવા ની માગણી કરવામાં આવી રહી છે,પરંતુ યેનકેન પ્રકારે કાવા દાવા ઓમાં ગોશાળા બનતી નથી.નર્મદા જીલ્લો મહારાષ્ટ્ર ને અડીને બોર્ડર નો જીલ્લો હોય પશુઓની તસ્કરી પણ મોટા પ્રમાણમાં થાય છે.રખડતાં ઢોરો નો પણ ભારે ત્રાસ છે ત્યારે એક ગોશાળા હોવી ખુબજ જરુરી છે.SPCA (પ્રાણી ક્રુરતા અત્યાચાર નિવારણ સમિતિ)નર્મદા પાસે લાખો રુપિયા નુ ભંડોળ પણ છે છતાં તેનો કોઈજ યોગ્ય ઉપયોગ થતો નથી જે આશ્ચર્ય ની વાત છે.નર્મદા વહીવટી તંત્ર માં આવતી SPCA કમિટી ની વર્ષ મા એકાદ મિટીગ મળે છે ચર્ચા વિચારણા કરી છુટા પડે છે.આ કમિટી ના અધ્યક્ષ નર્મદા જિલ્લા કલેક્ટર છે ત્યારે આવી ઘટના બાદ કમિટી ની તાત્કાલીક મિટીગ બોલાવી જીલ્લામા ગોશાળા નુ નિર્માણ થાય એ દિશામાં ત્વરીત પગલાં ભરવાં જોઈએ.

એનિમલ વેલફેર વાળા ને જાણ થતા એક મહિલા કર્મચારીએ ગાય ને સારવાર આપી હતી.પરંતુ ત્રણ દિવસ સુધી કોઈમાં માનવતા ન દેખાઈ જોકે આ બાબત ની જાણ SPCA ના મેનેજીંગ કમિટી મેમ્બર આશિક પઠાણ સહિત જીવદયા ની કામગીરી કરતા પ્રેમ વસાવા ને થતાં તે ત્યાં પહોંચી ગયા હતાં. અને ત્વરીત પશુદવાખાના ના તબીબ નિરવ,તેમજ ડૉ.રિજવાન સહિત ની ટીમ આવી પહોંચી હતી તેમણે તપાસ કરતા ગાય ને ડાયેરિયા ના કારણે વીકનેસ હોવાનું તેમજ વિપુલ પ્રમાણમાં પ્લાસ્ટીક ખાધુ હોવાનું તેમણે જણાવ્યું હતું.ત્યારબાદ રાજપીપળા થી આ અશક્ત ગાય ને યોગ્ય સારવાર મળી રહે એ માટે વડોદરા જિલ્લા ના કરજણ ખાતે ની ગોશાળા મા ખસેડવાની તજવીજ હાથ ધરાઈ હતી.

લો બોલો વડોદરા શહેર પોલીસની હદમાં જવાહરનગર પો સ્ટે.ની હદમાં ડામર કેમિકલ ફરનેશ ચોરી જોરમાં!?

અંતરંગ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ જ્યારે ગુજરાત કોવિડ ૧૯ ની મહામારીમાં સપડાયું છે અને વડોદરા શહેરમાં પણ કોરોનાનો કહેર છે તો પણ વડોદરા શહેરના ઔદ્યોગિક હબ ગણાતા રણોલી વિસ્તાર અને પદમલાથી રનોલી જવાના રસ્તે કેટલાક મુછાળા મહાનિભાવો એ ઓઈલ ડામર અને ફરનેશ ચોરી નો બેનંબર નો ધંધો લોકડાઉનમાં અનલોક કર્યો છે તો વળી રનોલી જીઆઈડીસીમાં પણ કેમિકલ ચોરી માં સંડોવાયેલા જુના જોગીઓ ગોપાલ મારવાડી ઉર્ફે ખતીક પણ લોકડાઉન નો ભરપૂર લાભ લઈ રહ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે ત્યારે જવાહરનગર ના ઈન્ચાર્જ પીઆઈ એ આવા માથા ભારે તત્વો ને ઝેર કરવા રહ્યા કેમકે આવા સમયે કોઈ મોટી આગ જાણી કે લઢ્ઢાકાંડ થાય તો જવાબ દેહિ સ્થાનિક પોલીસની આવે એમાં બે મત નથી ત્યારે ઝીરો ક્રાઈમ ટોલોરન્સ માં માનનાર પોલીસ કમિશનર ગેહલોટ આ બાબતની ગંભીરતાને ધ્યાને લઈ કોઈની શહેશરમ રાખ્યા વગર પીસીબી કે ડીસીબી ને મેદાને ઉતારી આવા તત્વોને જેર કરે તે જરૂરી છે અન્યથા રાજયની વિજીલિયન્સ ત્રાટકે તો સ્થાનિક પીઆઈનો ભોગ લેવાય એ વાત નિશ્ચિત માનીને ચાલવું રહ્યું.આ ગોરખ ધંધા ક્યારે કોણ બંધ કરાવશે તેતો આવનારો સમયજ બતાવશે

ડેડીયાપાડા તરફથી વિદેશી દારૂ લઈ આવતા બે ઈસમોનો પીછો કરતી LCB ટીમને જોઈ બુટલેગરો ભાગી છૂટ્યા

રાજપીપળા દરબાર રોડ પોલીસને જોઈ એક્ટિવા પર ભાગતા બે વ્યક્તિઓ દારૂ ભરેલો થેલો અને ગાડી મૂકી નાસી છૂટ્યા

રાજપીપળા

કોરોના માં કરાયેલું લોકડાઉન હવે અનલોક થઈ રહ્યું છે ત્યારે છૂટછાટ અને અવર જવર વધતા બુટલેગરો સક્રિય બન્યા છે. નર્મદા LCB પોલીસે ડેડીયાપાડા થી વિદેશી દારૂ લઈને આવતા બે ઈસમોને ઝડપી પાડ્યા પરંતુ બંને ઈસમો ગાડી અને દારૂ ફેંકી ભાગી જતા પોલીસે ગાડી અને વિદેશી દારૂનો મુદ્દામાલ ઝડપી ગાડીના માલિક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ડેડીયાપાડા રાજપીપળા રોડ પર થી ખામર ગામ પાસે થી એક્ટીવા મોટર સાયકલ ઉપર બે ઈસમો આગળના ભાગે કંતાનના કોથળામાં ઈંગ્લિશ દારૂ મુકીને રાજપીપળા ટાઉન માં જુના કોટ જતા હતા.જે બાબત ની પોલીસ ને બાતમી મળી હતી તેથી નર્મદા LCB પીઆઈ એ.એસ.પટેલ, પીએસઆઈ સી.એમ.ગામીત સહીત ની ટીમ બાતમી ના આધારે દરબાર રોડ પાસે વોચ ગોઠવી હતી પરંતુ આ બંને ઈસમો પોલીસ ને જોઈ જતા પોલીસે પીછો કર્યો છતાં ભાગી ગયા છૂટ્યા હતા ત્યારે ગાડીમાં ૯,૨૦૦ નો વિદેશી દારૂ અને ૫૦ હજાર નું એક્ટિવા મળી રૂ.૫૯,૨૦૦ નો મુદ્દા માલ પોલીસે જપ્ત કર્યો હતો. જોકે ગાડી નું ચેકીંગ કરતા જુના કોટ પાંજરા પોળ પાસે રહેતા શૈલેશ બાબરભાઈ વસાવા ના ડોક્યુમેન્ટ મળ્યા હોય પોલીસે હાલ તેની વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



તસવીર : ભરત શાહ

રાજ્યોની VNSGU યુનિવર્સિટીની પરીક્ષા બાબતે વિદ્યાર્થિઓના હિતમા નિર્ણય લેવાની માંગ સાથે NSUI નર્મદાનુ આવેદન



તસવીર : ભરત શાહ

રાજપીપળા

રાજયોની VNSGU યુનિવર્સિટીની પરીક્ષા ના નિણૅય પર યોગ્ય વિચારણા કરી ફરીથી વિધાર્થિ ઓના હિતમા માસ પ્રમોશન કરી યોગ્ય નિર્ણય લેવા માંગ સાથે NSUI નમૅદા તથા નાંદોદ વિધાન સભા યુથ કૉંગ્રેસ સમિતિ દ્વારા જીલ્લા કલેકટર મનોજ કોઠારી ને આવેદન પત્ર આપવામા આવ્યુ. જેમાં બહાર ગામ થી આવતા વિદ્યાર્થીઓને રહેવા જમવા તથા નાહવા માં હોસ્ટેલ માં કોરોના નો ચેપ ફેલાય શકે છે તથા સવારે વિદ્યાર્થીઓ પરીક્ષા આપી જાય તો બપોરે તેજ બેંચ પર બીજા વિદ્યાર્થીઓ પરીક્ષા આપે તો કોરોના સંક્રમણ ફેલાય શકે અને પરીક્ષા પહેલા દરેક વિદ્યાર્થીઓ કોલેજ બહાર ટોળા થાય ને સંક્રમણ ફેલાય અને ટોળા થાય તો કલમ ૧૪૪ નો ભંગ કહેવાય તેની જવાબદારી સરકારી તંત્ર ની રહેશે. જેથી અમારી માંગ છે કે આ વર્ષે VNSGU તથા બીજી કોલેજોમાં માસ પ્રમોશન આપી પાસ કરવા આવેદન માં જણાવ્યું હતું.જેમાં VNSGU નર્મદા પ્રમુખ નિકુંજ વસાવા તથા નાંદોદ વિધાનસભા પ્રમુખ અજય વસાવા તથા NSUI ઉપપ્રમુખ મેહુલ પરમાર તથા મિતેશ વસાવા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

ઉમલ્લા ગામે શ્રી સોમેશ્વર મહાદેવ મંદિર અને રંગ અવધૂત મંદિર સોશ્યલ ડિસ્ટન્સીંગ ભક્તો માટે ખુલ્લુ કરાયું

ઝઘડીયા

ઝઘડિયા તાલુકા માં ધાર્મિક સ્થળો ખોલવાની છૂટ આપવામાં આવતા મંદિરો માં સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક સાથે દર્શન માટે ધાર્મિક સ્થળો ખુલ્લા મુકવામાં આવ્યા

સરકાર દ્વારા પાંચ માં તબક્કા માં ૮ જુનથી સરકાર દ્વારા ધાર્મિક સ્થળો પણ નિયમોનુસાર ખુલ્લા કરવાની જાહેરાત કરવામાં આવતા ઝઘડિયા તાલુકા માં મંદિરોમાં સવાર થી જ ભક્તો એ સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક સાથે પૂજા અર્ચના કરી હતી

સરકાર દ્વારા ચાર તબક્કા ના લોકડાઉન બાદ પાંચ માં તબક્કા ના અનલોક ૧ માં ૮ જૂન થીતમામ ધાર્મિક સ્થળો ખોલી શકાશે તેવી જાહેરાત બાદ આજે સવાર થી જ ઝઘડિયા તાલુકા માં આવેલું ઉમલ્લા ગામ જયા ૧૦૦ વર્ષો જુનું સોમેશ્વર મહાદેવ મંદિર માં માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ સાથે ભક્તો એ ભગવાન ના દર્શન કર્યા હતા કરી ધાર્મિક સ્થળો માસ્ક સાથે પ્રવેશ કરવા સહીત ના સૂચનો નોટિસ બોર્ડ ઉપર મુકવામાં આવ્યા હતા.સોમેશ્વર મહાદેવ મંદિર અને રંગ અવધૂત મંદિરે ટ્રસ્ટી ધ્વરા સેનેટાઈઝા છંટકાવ કરવામાં આવ્યો હતો ભક્તો એ માસ્ક પહેરી સોશ્યલ ડિસ્ટન્સ સાથે પૂજા અર્ચના કરી હતી સોમેશ્વર મહાદેવ મહાદેવ મંદિર ખાતે પણ ભક્તો એ ગાઈડ લાઈન મુજબ દર્શન કરી દેશ અને દુનિયા માંથી કોરોના નાબૂદ થાય તે માટે પ્રાર્થના કરી હતી અને સરકાર ના આદેશ થી ધાર્મિક સ્થળો ખોલવા બદલ તંત્ર એ આભાર વ્યક્ત કર્યો હતો



તસવીર : નિમેષ ગોસ્વામી

અનલોક-૧ માં જાગૃતિ માટે અનોખો પ્રયાસ કરતા વામન કદ ના વિરાટ માનવી મહેન્દ્રભાઈ પ્રજાપતિ



તસવીર : ભરત શાહ

રાજપીપળા

માર્ચ મહિના થી કોરોના ની મહામારી એ ભારતમાં પ્રવેશ કર્યા બાદ ભારત અને ગુજરાત સરકારે વિવિધ પ્રયત્નો થકી કોરોના ની મહામારી સામે બાથ ભીડી લોકોને સોસીઅલ ડિસ્ટન્સ અને માસ્ક નું મહત્વ સમજાવ્યું ,સમગ્ર ભારતે પહેલી વખત લોક ડાઉન એટલકે આટલો બધો લાંબો બંધ જોયો અને ઘરમાં રહીનેજ કામકાજ પણ કરી શકાય અને કુટુંબ ને સમય પણ આપી શકાય તે જોયું અને જાણ્યું તબક્કાવાર સરકાર ના આદેશો બાદ લોકડાઉન નો અમલ ભારત ની જનતા એ કર્યો પરંતુ કોરોના ની મહામારી માં સમજદારી અને સાવચેતી જ મહત્વની છે.ત્યારે સરકારે ૧ લી જૂન થી અનલોક-૧ હેઠળ કેટલીક છૂટછાટ પણ આપી પરંતુ કોરોનાની મહામારી હજી ગઈ નથી અને તેમાં કેવા પાલન કરવાના તેની જાગૃતિ માટે નર્મદા જિલ્લાના માંગરોળ ગામના વ્યક્તિ મહેન્દ્રભાઈ પ્રજાપતિ એ સ્વખર્ચે કાપડ ની થેલીઓ બનાવી આ થેલી ઉપર 'જીતશે ગુજરાત હારશે કોરોના' ના સ્લોગન સાથે હું પણ કોરોના વોરિયર લખી કોરોના અંગેની જાગૃતિ આપતું લખાણ લખ્યું અને આ થેલી વિના મુલ્યે ધાર્મિક સ્થળો અને બજાર વિસ્તાર માં આપી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીએ એક વિડિઓ સંદેશ માં જણાવ્યું હતું કે આપણે બધાજ કોરોના વોરિયર બનીએ અને કોરોના સામેના આ જંગ ને જીતીએ અને તેથીજ મેં આ થેલી પર મારા ફોટા સાથે જિલ્લાના કેટલાક કોરોના વોરિયર્સ સાથે ફોટા મૂકી મુખ્ય મંત્રી ના ફોટા સાથે આ સંદેશ કાપડની થેલી પર છપાવી વિના મુલ્યે આ થેલીનું વિતરણ કરી લોકો માં કોરોના થી બચવાની જાગૃતિ ફેલાવું છે અને સૌને કોરોના વોરિયર બનવા અપીલ કરું છું ,કોઈ ની પણ સહાય વગર કોરોના અંગે ની જાગૃતિ ફેલાવનાર આ વામન કદ ના વિરાટ માનવી મહેન્દ્રભાઈ પ્રજાપતિ ની પહેલ ખરેખર સરાહનીય છે.

નર્મદા જિલ્લામાં ઓનલાઈન શિક્ષણ કેટલું સફળ થશે.?: કેટલાય વિસ્તારોમાં કનેક્ટિવિટીનો અભાવ

વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવા માટે સરકાર કટિબદ્ધ છે પરંતુ કેટલાક શિક્ષકો ટેક્નોલીજીથી પરિચિત નથી અથવા જ્યાં નેટવર્ક જ નથી ત્યાં શુ વિકલ્પ..?

રાજપીપળા

હાલ હજી બે મહિના શાળાઓ ખૂલે એવી શક્યતા જણાતી નથી.તે સંજોગોમાં વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવા માટે સરકાર કટિબદ્ધ છે ત્યારે હાલની સ્થિતિ માં પ્રથમ નજરે આ પગલું યોગ્ય લાગે છે. છતાં કેટલાક પ્રશ્નો ઉદભવે છે.જેમાં અમુક શિક્ષકો ટેક્નોલીજીથી પરિચિત અથવા નર્મદા જીલ્લા ના કેટલાય અંતરિયાળ ગામો એવા છે જ્યાં હજુ પણ નેટવર્ક કનેક્ટિવિટી નથી ત્યાંના વિદ્યાર્થીઓ આ લાભથી વંચિત રહી જાય એવી પૂરી શકયતા રહેલી છે. ત્યારે કોઈ ચોક્કસ સોફ્ટવેર કે એપ્લિકેશન્સની મદદથી સરળતાથી લાઈવ કે રેકોર્ડડ ઓનલાઈન શિક્ષણ આપી શકાય એનું શિક્ષણ વિભાગે માર્ગદર્શન આપવું જોઈએ. જે શાળાઓ અને શિક્ષકો ટેકનોલોજીથી સજજ છે ત્યાં વાંધો નથી પણ જ્યાં નથી તે શાળાના બાળકો શિક્ષણથી વંચિત ન રહી જાય એ ખાસ જોવું રહ્યું.સરળ ઉપાય તો એ છે કે આ વૈશ્વિક મહામારીમાં એક વર્ષ પૂરતું દરેક ધોરણનો ૨૫-૩૦ ટકા અભ્યાસક્રમ ઓછો કરવો જોઈએ એ અંગે રાજયના ઉત્તમ વિષય શિક્ષકોની ટીમ તૈયાર કરી ભવિષ્યમાં નુકસાન ન જાય એવા પાઠ-પ્રકરણો રદ કરી શકે.અન્યથા અમુક બાળકો ઓનલાઈન શિક્ષણથી વંચિત રહી જશે અને ભવિષ્યમાં સાતત્યના અભાવે બાળકોએ જ ભોગવવાનું આવશે એ બાબત પણ એટલીજ સત્ય છે.



જિલ્લામાં આરોગ્યની ૧૮૬ ટીમો કાર્યરત

સુરત

સુરત જિલ્લામાં ગત રોજ પોઝિટીવ કેસોની સંખ્યા ૧૬૬ હતી, જેમાં આજે ૦૬ કેસનો વધારો થવાથી આજે કુલ ૧૭૨ કોરોના પોઝિટીવ કેસો થયા છે. જયારે કુલ ૦૨ દર્દીના મૃત્યુ નોંધાયા છે. પોઝિટીવ કેસો પૈકી ચોર્યાસી તાલુકાના ૦૫, કામરેજ તાલુકાના ૦૧ કેસ એમ ૦૬ કેસ મળી કુલ ૧૭૨ કેસો આવ્યા છે. દાખલ થયેલા પોઝિટીવ કેસો પૈકી ૭૬ દર્દીઓ સ્ટેબલ છે. ૭૨ એક્ટિવ ક્લસ્ટર જેમાં કન્ટેઈનમેન્ટ કલસ્ટર વિસ્તારનાં કુલ ૧૮૮૪૮ ઘરો અને કુલ વસ્તી ૭૭૯૪૨ જેટલી છે. જેમાં સર્વે અને આરોગ્યની ૧૮૬ ટીમ કાર્યરત છે. નોંધનીય છે કે સુરત જિલ્લામાં ૨૧૦૭ લોકો હોમ કોરન્ટાઈન હતા. આજે ૪૭ નવા લોકોનો ઉમેરો થતા કુલ ૨૧૫૪ લોકો હોમ કોરન્ટાઈન છે. જ્યારે આજે ૧૨૯ લોકોનું હોમ કોરન્ટાઈન પૂર્ણ થતા કુલ ૨૧૫૪ લોકો હાલ હોમ કોરન્ટાઈન હેઠળ છે.